# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 02 Date : 01-10-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૨૦) |
| પ્રવીણ જ. પટેલ | ૦૫ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો? સોક્રેટિક સંવાદ : અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૩ |
| દાદા ધર્માધિકારી | ૦૮ | ગાંધી જયંતી નિમિત્તે : ધર્મવિચાર અને ગાંધીજી |
| ગૌરાંગ જાની | ૧૧ | ભારતમાં યુવાનોને ભરખી જાય છે, આત્મહત્યા! |
| હીરજી ભીંગરાડિયા | ૧૨ | ક્યારે આઘા કરશું આવા અંધ રીતિ-રિવાજોને? |
| સોનલ પરીખ | ૧૪ | ગાંધી જયંતી નિમિત્તે : 'રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી'-રાજમોહન ગાંધી |
| મમતા શર્મા | ૧૫ | ગામનો ગુરુવાર |
| અમિત ધોળકિયા | ૧૭ | પુસ્તક પરિચય : ભારતીય લોકશાહી : દશા અને દિશા |
| મધુરેશ કુમાર | ૧૮ | જનઆંદોલનોનો રાષ્ટ્રીય સમન્વય : ૭ - એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૫ |
| મનસુખભાઈ સલ્લા | ૨૦ | નિષ્ઠા અને સરળતાનું બળ : પ્રવીણભાઈ મહેતા |
| અશ્વિન કારીઆ | ૨૧ | ગુજરાત અંધશ્રદ્ધા નિર્મૂલન ધારો - ૨૦૨૪ : સંક્ષિપ્ત પરિચય |
| અનુ. હિદાયત પરમાર | ૨૩ | ગુજરાતમાં હવાની ગુણવત્તા |
| આશા વીરેન્દ્ર | ૨૪ | અંતિમ સંસ્કાર |

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.2602 1942 Date : 01-10-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૨૦)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## સ્વપ્નમાં મનની પરીક્ષા અને વિવિધા (૧)

આપણે સૂઈ જઈએ છીએ તો સ્વપ્નાં આવે છે. ઊંઘમાં પણ આપણું ચિત્ત અહીં-તહીં, જ્યાં ત્યાં જાય છે, કેમ કે ચિત્તમાં વિકાર પડ્યા છે. આ વિકારો બીજા સમયમાં એમ જ પડ્યા રહે છે અને ઊંઘમાં તે જોર કરે છે. માટે જ આપણે સ્વપ્નની પણ પરીક્ષા કરવી જોઈએ. અને સ્વપ્નો પર નિયંત્રણ મેળવી લેવું જોઈએ. આપણી વાસનાઓ જેમ જેમ કાપતા રહીશું તેમ તેમ ચિત્ત પર કાબૂ મેળવી શકીશું. ચિત્ત જો વશમાં આવશે તો પછી ધીરે ધીરે સ્વપ્ન પર પણ કાબૂ મેળવી શકાશે.

આપણે જોતા રહીએ કે સ્વપ્નમાં આપણું મન ક્યાં ક્યાં રઝળપાટ કરે છે. આનાથી ગભરાવું નહીં. એ બધું મનનું જ છે, તમારું નથી. જે માણસ પોતાની જાતને પોતાના મન સાથે જોડી દે છે, એ મનની પરીક્ષા કરવાથી પણ ડરતો રહેશે. જેવી રીતે મારા મનમાં જે કાંઈ સારું-નરસું આવ્યું, તો એના માટે જવાબદાર તમે નહીં ગણાઓ. બરોબર એવી જ રીતે તમારા મનમાં સારું-નરસું જે કાંઈ આવશે, એના માટે પણ તમે જવાબદાર નથી. આપણા મનમાં જે કાંઈ ચાલતું હોય છે, તે ભલે ને ચાલ્યા કરે. એટલું નિશ્ચિત સમજી લેવું કે આપણે એ મન નથી, પણ મનથી તદ્દન ભિન્ન છીએ.

બીજું એ સમજવાની જરૂર છે કે જાતજાતના સંસ્કારો માણસના ચિત્ત પર કંઈ-ને-કંઈ મલિન અસર કરતા હોય છે. એ સંસ્કારો જે સમયે બન્યા, તે ફક્ત એ સમયપૂરતા જ હોય છે, પણ લાંબો સમય વીત્યા પછી પણ તે સંસ્કાર માણસની સ્મૃતિમાં જળવાઈ રહે છે. મનુષ્યના ચિત્ત પર જે સંસ્કાર હોય છે, તે એની સ્મરણશક્તિને લીધે તાજા રહે છે. જે વસ્તુ ચિત્તમાં પેસી ગઈ, એને કેવી રીતે ભૂલવી, કેવી રીતે બહાર કાઢવી એ પણ એક સમસ્યા છે. મનુષ્ય રાત્રે સ્વપ્ન જુવે છે, તો તે પણ એક પ્રકારની સ્મૃતિ જ છે. અને જાગૃતિમાં જૂનું સ્મરણ થાય છે, તો તે પણ એક પ્રકારથી જાગૃતિનું સ્વપ્ન જ છે. આ જે સંસ્કારોથી ભરેલું મન છે, સ્વપ્ન જોનારું મન છે, તેને લીધે ચિત્ત ચારે તરફ દોડતું રહે છે. ચિત્તની એકાગ્રતા સધાતી નથી. મનમાં પડેલા સંસ્કારોના પરિણામ સ્વરૂપે મનમાં અનેક સ્મરણો જાગ્યા કરે છે. અને એટલે જ મનુષ્ય જ્યારે ઊંઘ લે છે, ત્યાં તે સ્મરણો પ્રવેશે છે અને સ્વપ્નમાં પણ હેરાન-પરેશાન કરે છે. આમ માણસ એકાગ્રતાથી ચલાયમાન થાય છે. આ બધાનું કારણ એ કે માણસના માનસપટલ પર વિવિધ સ્મૃતિઓની અસર પડી હોય છે.

માત્ર જાગૃતિમાં ચિત્ત આપણા વશમાં રહે, એટલું પૂરતું નથી. સ્વપ્નમાં પણ આપણા વશમાં હોવું જોઈએ. 'ઊંઘવા છતાં પણ જાગૃતિ' -આવી સ્થિતિ આવશે, ત્યારે જ આપણે ચિત્તને જીત્યા એવું કહી શકાશે.

આપણને સ્વપ્નમાં સુખ, દુ:ખ અથવા વિકાર - પછી તે સારા હોય કે ખરાબ - આપણને જે અત્યંત તીવ્રતાથી અનુભવમાં આવે છે, એની મન, બુદ્ધિ અથવા ચિત્ત પર જે અસર થાય છે, તે જાગૃતિની અસર કરતાં ઓછાં હોય છે, આવું માનવાનું કોઈ કારણ નથી. આપણને જે અનુભવ તીવ્ર નહીં હોય, તેવા અનુભવો આવશે અને જશે. તે અનુભવોની શારીરિક અસર જાગૃતિની અપેક્ષાએ સ્વપ્નાવસ્થામાં ઓછી પડશે, એટલું ચોક્કસ છે. બાકી બુદ્ધિ પર અસર પહોંચાડનારી દૃષ્ટિએ વિચારતાં જાગૃતિ અને સ્વપ્નમાં હું બહુ ફરક કરતો નથી. સ્વપ્નમાં પૂર્વજન્મનું પણ કોઈ કારણ રહેતું હશે. કેમ કે પૂર્વજન્મના સંસ્કાર ચિત્તમાં પડ્યા હોય છે. પૂર્વજન્મની સ્મૃતિઓ તો નથી રહેતી, પણ સંસ્કાર પડ્યા હોય છે. એને લીધે પણ કેટલાંક સપનાઓ આવે છે.

એક સાધુ હતા. એક વાર એમને ખૂબ તાવ ચઢ્યો. અને એ સ્થિતિમાં તેઓ એકદમ ગંદી ગાળો બોલવા લાગ્યા, જેની ખુદ એમને પોતાને અને બીજાઓને પણ કલ્પના નહોતી. અહીં સમજવું જોઈએ કે એમણે એમના જાગૃતિકાળમાં પોતાની ઉપર નિયંત્રણ મેળવી લીધેલું, માટે એમના માટે આદર હોવો ઉચિત છે. પણ તેઓ સૂક્ષ્મ વાસના પર કાબૂ ન મેળવી શક્યા. માટે જ મન પર કાબૂ મેળવી લેવો અત્યંત આવશ્યક છે.

સૂતા સમયે માણસ સૂએ તો છે, પણ જ્ઞાનપૂર્વક પોતાના

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બધા જ અવયવોને, મનને અંદર ખેંચી લેતો નથી. પરંતુ તેવું કરવું જોઈએ. સમજી-વિચારીને પોતાની જાતને અંદર સમેટવી જોઈએ. દરરોજ સાંજે માણસે પોતાના મનને અને એની વૃત્તિઓને સમેટી લેવી જોઈએ. જેવી રીતે સાંજ થતાંની સાથે સૂર્ય પોતાનાં બધાં કિરણોને પોતાની અંદર સમેટવા લાગે છે, એવી રીતે આપણે પણ સૂર્યાસ્ત થતાંની સાથે જ પોતાનાં બધાં વિકારો, ભાવનાઓ, કલ્પનાઓ વગેરેને સમેટીને પોતાના મનને આત્મામાં સ્થિર કરવું જોઈએ. આપણે સૃષ્ટિ સાથે જો એકરૂપ થઈ ગયા હોઈએ, તો આપણે સૂર્યના ઉદય-અસ્ત પર ધ્યાન આપવાની ટેવ પાડવી જોઈએ, અને પછી જ્યારે આપણે જાગીશું ત્યારે આપણું મન તાજું હશે, આપણા માટે નવું જીવન હશે.

સવાર અને સાંજના સમયે કુદરતમાં બહુ મોટું પરિવર્તન આવે છે. આવી દશામાં માણસના મનમાં પણ પરિવર્તન આવવા લાગે છે અને ત્યારે માણસ શાંતિથી વિચાર કરી શકે છે. સવારના સમયે ચિત્ત એકદમ શાંત, એકાગ્ર હોય છે. નિદ્રા લઈ લીધી છે એટલા માટે ચિત્ત પ્રસન્ન છે. તો ચિત્તની આવી પ્રસન્નાવસ્થામાં માણસના ચિત્ત પર એકદમ જ્ઞાનની અસર પડે છે, જે અન્ય સમયે પડતી નથી.

સ્વપ્નમાં મનોવ્યાપાર ચાલે છે, જાગૃત અવસ્થામાં મન અને શરીર, બંને કામ કરે છે. પરંતુ આ બંને અવસ્થાઓમાં આત્મા કોઈ કાર્ય કરતો નથી.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૨૦) |
| પ્રવીણ જ. પટેલ | ૫ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ સોક્રેટીસ સંવાદઃ અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૩ |
| દાદા ધર્માધિકારી | ૮ | ધર્મ વિચાર અને ગાંધીજી |
| ગૌરાંગ જાની | ૧૧ | ભારતમાં યુવાનોને ભરખી જાય છે આત્મહત્યા ! |
| હીરજી ભીંગરાડિયા | ૧૨ | ક્યારે આઘા કરશું આવા અંધ રીતિ-રિવાજોને ? |
| સોનલ પરીખ | ૧૪ | રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી - રાજમોહન ગાંધી |
| મમતા શર્મા | ૧૫ | ગામનો ગુરુવાર |
| અમિત ધોળકિયા | ૧૭ | ભારતીય લોકશાહી : દશા અને દિશા |
| મધુરેશ કુમાર | ૧૮ | એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા-૫ |
| મનસુખભાઈ સલ્લા | ૨૦ | નિષ્ઠા અને સરળતાનું બળ |
| અશ્વિન કારીઆ | ૨૧ | ગુજરાત અંધશ્રદ્ધા નિર્મૂલન ધારો : ૨૦૨૪ |
| હિદાયત પરમાર | ૨૩ | ગુજરાતમાં હવાની ગુણવત્તા |
| આશા વીરેન્દ્ર | ૨૪ | અંતિમ સંસ્કાર |


# વિવિધા

**મહામના:**

છાંદોગ્યમાં 'साम-व्रतानि' નામનું એક અધિકરણ આવે છે. એમાં સામવેદ ગાનારા જે ભક્તો છે, એમનાં વ્રતો છે. સામાન્ય રીતે કોઈ પણ વ્રત લીધા વગર અધ્યયન પૂરું થતું નથી. જૂના જમાનાના લોકોમાં એવી માન્યતા હતી કે જે અધ્યયન કરે છે, એણે કોઈ-ને-કોઈ વ્રત લેવું જોઈએ. સામવેદનું અધ્યયન કરનારાઓ અર્થાત્ સામ્ય (સમાનતા)-પ્રાપ્તિની સાધના કરનારાઓનાં આ વ્રતો છે. એમાં શરૂઆતમાં કહ્યું છે કે - महामनाः स्यात् । तद् व्रतम् - મોટા મનના બનો, આ વ્રત છે. હવે પ્રશ્ન એ થાય છે કે મનને મોટું કેવી રીતે બનાવી શકાય? મન તો સાવ નાનકડું છે. - 'હું, મારું શરીર, મારો ભાઈ, મારી બહેન, મારી ખેતી' - માં સીમિત છે મન. અને અહીં કહેવાયું છે કે મનને મોટું બનાવો. હવે એને કેવી રીતે મોટું બનાવી શકાય ? તો કહે છે કે વ્રત લઈ લો કે હું આજથી મારા મનને મોટું બનાવીશ, નાનું મન નહીં રાખું. જે વસ્તુ સહજ રીતે સિદ્ધ હોય, એના માટે વ્રતની કોઈ જરૂર રહેતી નથી, પણ જે પ્રયત્નસાધ્ય (પ્રયત્ન કરવાથી સાધ્ય છે તે) વસ્તુ છે એના માટે વ્રત લઈ લો. મન નાનું છે, એનું દુઃખ અનુભવતાં જ આ વ્રતનો પ્રારંભ થઈ ગયો.

महामनाः स्यात् । तद् व्रतम् । - કહ્યું અને એના પેટમાં પાંચ વ્રતો રાખી દીધાં. - तपन्तं न निंदेत् । तद् व्रतम् ।- ગરમી વધી ગઈ એવી નિંદા ન કરો. સૂર્યનારાયણ તો એકદમ જોરદાર છે, એમની સાથે હું મારો મેળતોલ કઈ રીતે બેસાડી શકું એ બાબતે વિચારો. એવી જ રીતે વરસાદની પણ નિંદા ન કરવી, वर्षन्तं न निंदेत् । એને અનુકૂળ જીવન બનાવવું જોઈશે. બીજી પણ ઋતુઓ આવશે, પણ કોઈ પણ ઋતુની નિંદા નહીં કરીએ. - ऋतून् न निंदेत् ।

એની આગળનો મામલો થોડો મુશ્કેલ આવે છે. ઋષિ કહે છે - लोकान् न निंदेत् । લોક એટલે લોકન કરનારા. જે આપણું અવલોકન કરે છે અને આપણે જેમનું અવલોકન કરીએ છીએ. ગીતા કહે છે કે, यस्मान्नोद्विजते लोको लोकान् कोद्विजते च यः । (ગીતા ૧૨:૧૫)

પછી કહે છે, पशून न निंदेत् - ગાય, બળદ, ગધેડા, આ બધાં આપણા માટે કેવું સરસ કામ કરે છે ? એની નિંદા કરવી જોઈએ નહીં.

અને છેલ્લે કહે છે - હું જ સર્વ છું, આવી ઉપાસના કરો. - सर्वं अस्मि इति । સર્વ હું છું, આવું જ્ઞાન થઈ જાય તો કર્મ ખતમ થઈ જાય છે. ઉપાસીત - આવી ઉપાસના કરો, ધ્યાનપૂર્વક ચિંતન કરો, જપ કરો. सर्वं अस्मि इति - આ મામલો ઘણો મુશ્કેલ છે. આ એકદમ સધાશે નહીં. એટલા માટે દોહરાવે છે કે तद् व्रतम्, तद् व्रतम् ।

શરૂઆતમાં કહ્યું કે, महामनाः स्यात् અને અંતમાં કહ્યું सर्वमस्मीति । આ બંનેની વચમાં બધું આવી જાય છે.

* * *



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**માનસ-તપ**

પ્રસન્ન વૃત્તિ (પ્રસન્ન ચિત્ત), સૌમ્યતા, (વિશ્વાનુકૂળ વૃત્તિ), આત્મચિંતન, સંયમ, ભાવના શુદ્ધ (નિર્વિકાર) રાખવી - ગીતાએ આને મનનું તપ કહ્યું છે.

ભાવના - ચિત્તવૃત્તિ. અસદ્‌વૃત્તિઓનો નિરોધ અને સદ્‌વૃત્તિઓ-નો વિકાસ, આ બેવડા ઉપાય દ્વારા ભાવના શુદ્ધ રાખવી પડે છે. માણસ માટે ઇંદ્રિયોની બહિર્મુખતાને લીધે અને ક્યારેક ક્યારેક બાહ્ય પરિસ્થિતિ દ્વારા આવું કરવું તે શરૂઆતમાં તાપદાયક હોઈ શકે. અને એટલા માટે તો એની તપસ્યામાં ગણતરી કરવામાં આવે છે.

પ્રસન્ન વૃત્તિ, સૌમ્યતા, આત્મચિંતન, સંયમ, ભાવસંશુદ્ધિ - આ બધાને શા માટે તપ કહેવાયું ? એ એટલા માટે કે સાધકો માટે શરૂઆતમાં તે તાપદાયક, અનુભવાય છે. તપ કહ્યું એટલે એમાં તાપ તો રહેવાનો જ. 'તાપ' વગર 'તપ' ન હોય. પણ એક વાર એની ટેવ પડી જશે પછી એનો તાપ નહીં લાગે.

(૧) દુઃખની પરવા ન કરનારી પ્રસન્ન વૃત્તિ. દુઃખ તો સામે આવવાનું જ છે. દુઃખ હોવા છતાં વૃત્તિ પ્રસન્ન રાખવાની છે, એટલા માટે તો આ તપ છે. જો બહાર આનંદ જ આનંદ હોય, એટલા માટે વૃત્તિ પ્રસન્ન રહે છે તો પછી તે તપ કેવી રીતે કહેવાશે ? પરંતુ બહાર આનંદ નથી, પણ અત્યંત કષ્ટદાયક શૂળ ભોંકનારી પરિસ્થિતિ છે, છતાં પણ વૃત્તિ પ્રસન્ન છે. એટલા માટે તે તપ છે.

(૨) હીનવૃત્તિનો વિરોધ કરનારી સૌમ્યતા. આ દુનિયામાં હીનવૃત્તિ છે અને આપણા પોતાનામાં પણ ક્યારેક ક્યારેક હીનવૃત્તિ પ્રકટ થાય છે. તેથી એનો વિરોધ કરીને સૌમ્યતા રાખવાની છે. જો કોઈ એમ કહેતું હોય કે વિરોધ ન કરીને સૌમ્યતા રાખવી તો તે ઠીક નથી. એ તો માસ્તર મારે ય નહીં ને ભણાવે પણ નહીં. - એવો ઘાટ થશે.

(૩) નિરંતર કર્મ કરતાં કરતાં આત્મચિંતન. આપણે નિરંતર કર્મ કરતાં કરતાં, આત્મચિંતન કરવાનું છે, અને એટલા માટે આ તપ છે.

(૪) ભોગપ્રવાહને પચાવવા યોગ્ય સંયમ. સંયમની ગણતરી તો તપમાં ચોક્કસ થવાની જ છે. ચારે બાજુ ભોગના ધસમસતા પ્રવાહ છે, તેને પચાવી શકે તે યોગ્ય તપ.

(૫) વ્યવહારમાં યોગ્ય રીતે ગુણદોષનું પરીક્ષણ કરીને પછી ભાવનાને ઉભયવર્જિત શુદ્ધ રાખવી.

વ્યવહારમાં ગુણ-દોષોનું પરીક્ષણ કરવું જ પડે છે. નહીં તો પછી કયા કામ માટે કઈ યોજના નિશ્ચિત થઈ છે, તે સ્પષ્ટ નહીં થાય. કોઈ નિશ્ચિત કામ માટે તેને યોગ્ય કોણ માણસ છે, તે ચકાસીને કામ સોંપાતું હોય છે - આ પંચવિધ માનસતપ છે. આની સાધના માટે મનને તપાવવું પડે છે.

સામાન્ય રીતે લોકો ખુલ્લામાં, ઠંડીમાં રહેવાને, શરીરને પીડા આપનારી ક્રિયાઓને તપ માનતા હોય છે. પણ આ અર્થ ખોટો છે. ચિત્તની શુદ્ધિ તપ છે અને આ તપને આગળ વધારવા માટે કંઈક ચિંતન, અધ્યયન, ધ્યાન, નામસ્મરણ વગેરે કરવાં પડતાં હોય છે, એ બધાં પણ તપ છે.

ગીતા આપણને આપણાં શરીર, વાણી અને મનને દૃઢ મજબૂત બનાવવા માટે શારીરિક, વાચિક અને માનસિક, એમ ત્રણ પ્રકારનાં ત્રિવિધ તપનો ઉલ્લેખ કરે છે. આ ત્રિવિધ તપ આ ત્રણેયને સામર્થ્યવાન બનાવે છે. શરીરનું સામર્થ્ય એના આરોગ્ય અને સ્ફૂર્તિમાં હોય છે. મનનું સામર્થ્ય એની નિર્મળતામાં હોય છે. અને વાણીનું સામર્થ્ય જ્ઞાન મેળવવામાં અને સત્ય બોલવામાં હોય છે.

આપણે ધ્યાન એ રાખવું જોઈએ કે ક્યાંક તપસ્યામાં વધુ પડતો અતિરેક તો થતો નથી ને ! જે તપમાં ચિત્તશુદ્ધિનો સંબંધ આવતો નથી અને અનેક પ્રકારની શારીરિક પીડાઓ થાય છે એ પ્રકારનાં તપ આપણે કરવાનાં નથી. પણ આપણું તપ સમત્વયુક્ત રહેવું જોઈએ, એનાથી આપણાં શરીર-મન-વાણી શુદ્ધ થાય.

નિરુદ્દેશ્ય તપ અર્થાત્ જે તપમાં બુદ્ધિનો સ્પર્શ હોતો નથી, એવા તપથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તપમાં શાસ્ત્રીયતા હોવી જોઈએ, કોઈ પણ તપની પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય તો ચિત્તશુદ્ધિનો જ હોવો જોઈએ. આપણી દરેક પરિસ્થિતિમાં આપણું આત્મચિંતન અખંડિત બની રહેવું જોઈએ.

**લક્ષ્યકેંદ્રિત ચિત્ત**

આપણું ચિત્ત હંમેશાં આપણા લક્ષ્યને વળગેલું હોવું જોઈએ. જો આપણું ચિત્ત આપણા લક્ષ્યથી થોડું પણ હટશે, એક ક્ષણ માટે પણ તે હટ્યું કે તે બહિર્મુખ થઈને પડશે. રમવા માટેનો દડો જો પ્રમાદથી કે ગફલતથી હાથ પરથી પગથિયા પર પડે તો તે ઉત્તરોત્તર નીચે ને નીચે જશે. એવી રીતે આપણું ચિત્ત પણ જરીકે ય બહિર્મુખ થશે કે તે લક્ષ્યથી વિમુખ બનશે. અને આપણું ચિત્ત પછી ઉત્તરોત્તર નીચે ને નીચે જતું રહેશે. ચિત્ત લક્ષ્ય સાથે એકદમ ચોંટેલું રહે તેવું હોવું જોઈએ. એ બાબતે આપણામાં સતત અને સહજ સાવધાનતા હોવી જોઈએ. તમારું નામ શું છે, એવું પુછાતા જ આપણે ફટાક દઈને જવાબ આપીએ છીએ કે - અમુક નામ છે. હવે આપણે આપણા નામને કંઠસ્થ કે ગોખ્યું તો નથી. નાનપણથી સાંભળ્યું છે. એ નામ સાથે પોતાનો કાયમ સંબંધ રહેલો છે. એવી રીતે જે બ્રહ્મચારી છે તો તેનું ચિત્ત સહજપણે બ્રહ્મમાં ચોંટેલું છે. અને ત્યારે તેના માટે બ્રહ્મચર્ય સ્વાભાવિક હોય છે.

**પરિગ્રહમુક્ત ચિત્ત**

અપરિગ્રહ ચિત્ત એટલે બધા પ્રકારની ચિંતાઓથી મુક્ત જે ચિત્ત છે તે - ત્યાં નથી વસ્તુઓનો સંગ્રહ, કે નથી પોતાના શરીરની આસક્તિ, પૈસાની કોઈ આભડછેટ નથી કે નથી દિમાગમાં ઠાંસી ઠાંસીને ભરેલા વિચારોની ભીડ.

આ અસંગ્રહ વ્રત છે તે વસ્તુઓની જેમ વિચારો પર પણ એટલો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ લાગુ થાય છે. વસ્તુઓનો પરિગ્રહ વિઘ્નો પેદા કરે છે, એવી રીતે વિચારોનો સંગ્રહ પણ એક પ્રકારનું ગાંડપણ છે. વિચારોની અતિશય ભરમાર થવાથી આપણું ચિત્ત ભ્રમિત થાય છે. અને પછી નિશ્ચિત અર્થ-બોધ આપણને થતો નથી. માટે જ આપણે આપણા પરિગ્રહી મનને દૂર ખસેડી દેવું જોઈએ. કેવળ બહારથી છોડવાથી તે છૂટતું નથી.

જેનું ચિત્ત પરિગ્રહમાં પડ્યું છે, તેનું ચિંતન પરિગ્રહમાં પડી જવાથી તેની સ્મૃતિ કુંઠિત થાય છે. પણ જેનું ચિત્ત પરિગ્રહમાં પડતું નથી, તેની સ્મૃતિ સતેજ હોય છે અને તેમને પૂર્વજન્મના અનુભવોનું ભાન રહેતું હોય છે.

શંકરાચાર્ય તીવ્ર મુમુક્ષા (મોક્ષની ઇચ્છા)નું વર્ણન કરતા કહે છે કે જે મનુષ્યનું મન ત્રિવિધ તાપોથી સંતપ્ત થયેલું છે, અને જેનું મન ક્ષુબ્ધ થયું છે - ક્ષુભિતાંતરાત્મા તે માણસ અનર્થ સમજીને પોતાનો બધો પરિગ્રહ ફેંકી દે છે.

## સાહિત્યિકનું ચિત્ત

મનુષ્ય જ્યારે સાધારણ મનથી ઉપર ઊઠી જઈને જનતાના માનસને જુવે છે, ત્યારે તે સાહિત્ય શક્તિ પ્રગટ કરે છે. જે માણસને પોતાનાં સુખ-દુઃખ, મન, વિકાર વગેરેથી ઉપર ઊઠી જઈને, લોકવિમુખ ન રહીને, સાક્ષીરૂપ થઈને, પછી જે સાહિત્ય સર્જનની સ્ફુરણા થાય છે, તે સાહિત્યને હું ઉત્તમ સાહિત્ય સમજું છું.

એ સાહિત્યકારોને ઉત્તમ માનવા જોઈએ જે સમાજને શાશ્વત, ચિરંતન સાહિત્ય આપી શકતા હોય, જે સાહિત્યકારો મનથી ઉપર પહોંચી ગયા હોય. જે સાહિત્યિક મનની અંદર ને અંદર જ ફેરફુદરડી ફરતા હોય છે, તે ભલે ને બીજા કેટકેટલાય સહધર્મીઓને પોતાની તરફ આકર્ષતા રહે, પણ તેઓ ચિરંતન સાહિત્યનું સર્જન કરી શકે નહીં.

સાહિત્યિકો તો એવા હોવા જોઈએ કે જે આ વિકારી સમાજથી અલગ હોય, જેમના મનમાં સહાનુભૂતિ હોય અને જે તટસ્થ રહેતા હોય. જમાનાની અંદર રહીને, દૂરદષ્ટિ રાખીને, તટસ્થ બુદ્ધિપૂર્વક, સહાનુભૂતિપૂર્વક નિરીક્ષણ કરવાની શક્તિ રાખનારાઓ ઉત્તમ સાહિત્યનું નિર્માણ કરી શકશે.

આમ ઉપર ચઢ્યા વગર સાહિત્યનું નિર્માણ થઈ શકતું નથી. ઉત્તમ સાહિત્યકાર તમને કોઈ પણ પ્રકારના ઉપદેશોનું આક્રમણ કર્યા વગર કુશળતાપૂર્વક તમારા હૃદયમાં સહાનુભૂતિ પેદા કરીને ઉપર લઈ જાય છે. એનું ઉદાહરણ છે - વાલ્મીકિ રામાયણ. ત્યાં કવિએ એવી સૃષ્ટિનું નિર્માણ કર્યું છે કે જેનાથી તમારા ચિત્તમાં કારુણ્ય, સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે અને તમે અત્યંત સહજભાવે ઊંચો પહાડ ચઢી જાઓ છો.

સાહિત્યનો મુખ્ય હેતુ જ આ છે કે મનુષ્યની ચિત્તશુદ્ધિ કરવી. આ હેતુ હોવો જોઈએ. શિવતરક્ષતયે ચિત્તશુદ્ધિ.

જે ઉત્તમ સાહિત્યિક અને કવિ છે તે સામેવાળાના ચિત્ત પર અસર કરશે અને તેનામાં રહેલ ગુણોની વૃદ્ધિ કરશે.

(ક્રમશઃ) **સંકલિત**

## શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો..

(પાન ૭નું ચાલુ)

**Notes and References**


1. Farnsworth, Ward. 2021. The Socratic Method : A Practitioner's Handbook, Boston and Massachusetts. : Godine.
2. Morrison, D. R. 2000. ""Socratic Method and Socratic Truth."" In The Cambridge Companion to Socrates, edited by Donald R. Morrison, pp. 250-271. Cambridge : Cambridge University Press.
3. Vlastos, G. (1983). ""The Socratic Elenchus."" Oxford Studies in Ancient Philosophy, 1, pp. 27-58.
4. Moser, Karen A. and Jawaria Khan. 2019.""The Socratic Method in the 21st Century"", Journal of Educational Philosophy, 12 :2, pp. 45-58.
5. Plato. Meno, (Stephanus number 70a-72c). In Plato : Complete Works, edited by John M. Cooper (હવેથી નીચે કૂપર તરીકે ઉલ્લેખિત), translated by G.M.A. Grube, Indianapolis : Hackett Publishing, 1997. pp. 871-873.
6. -------. in Cooper, Laches, (Stephanus number 190e-192d), pp. 675-677.
7. -------, in Cooper, Charmides (Stephanus number 159a-160d), pp. 645-647.
8. -------, in Cooper, Protagoras, (Stephanus number 318c-320d), pp. 754-756.
9. -------, in Cooper, Euthyphro, (Stephanus number 10a-10e), pp. 9-10.
10. -------, in Cooper, Gorgias, (Stephanus number 482c-486d), pp. 827-830.
11. -------, Theaetetus, (Stephanus number 151d-154a), pp. 168-171.
12. Kahn, Charles. 1996. Plato and the Socratic Dialogue : The Philosophical Use of a Literary Form, New York : Cambridge University Press
13. Benson, Hugh. 2000. Socratic Wisdom : The Model of Knowledge in Plato's Early Dialogues, New York : Oxford University Press.
14. Santas, Gerasimos. 1979. Socrates : Philosophy in Plato's Early Dialogues, London : Routledge Kegan Paul
15. Vlastos, G. (1983). ""The Socratic Elenchus."" Oxford Studies in Ancient Philosophy, 1, pp. 27-58.


સમાપ્ત.


૧૦૦૧, પવનવીર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨. **પ્રવીણ જ. પટેલ**

મોબાઈલ : ૯૮૭૯૭૬૩૦૮૩, ઈમેલ : pravin1943gmail.com




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો?
# સોક્રેટિક સંવાદઃ અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૩

(ગતાંકનું ચાલુ...)

### ૫. વૈકલ્પિક કે વિરોધી દૃષ્ટિકોણની તપાસ કરવી

સોક્રેટિસ પોતાની સાથે સંવાદમાં જોડાયેલ વર્તાલાપકારોને ક્યારેક તેમની પોતાની માન્યતાઓથી વિરુદ્ધ હોય તેવા વૈકલ્પિક દૃષ્ટિકોણથી જોવા પણ પ્રેરે છે. આમ કરીને તે ચર્ચામાં સંકળાયેલ વ્યક્તિને પોતાના અજ્ઞાન પ્રતિ સજાગ કરે છે અને શીખવે છે કે જ્ઞાનની શરૂઆત પોતાના અજ્ઞાન અંગે સભાન થવાથી થાય છે. સોક્રેટિસની વૈકલ્પિક દૃષ્ટિકોણની તપાસ કરવાની વ્યૂહરચના બૌદ્ધિક અને નૈતિક વિકાસ માટે ઘણી ઉપયોગી છે. તે આપણને ધારણાઓને પડકારવાનું, વિવેચનાત્મક રીતે વિચારવાનું અને અર્થપૂર્ણ સંવાદમાં જોડાવાનું શીખવે છે. જે ફિલસૂફી ઉપરાંત શિક્ષણ, રાજકારણ અને વ્યક્તિગત વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ છે. આવી નમ્રતા વૈચારિક કટ્ટરતાને અટકાવે છે અને શીખવા માટે આવશ્યક બૌદ્ધિક ખુલ્લાપણાને પ્રોત્સાહન આપે છે. સોક્રેટિસ ફક્ત ચર્ચા કરવા ખાતર દલીલ કરતા નથી. હકીકતમાં તેમનો મુખ્ય હેતુ એ હોય છે કે તેમની સાથે સંવાદમાં જોડાયેલ વ્યક્તિ વૈચારિક અને નૈતિક સ્પષ્ટતા કેળવીને ન્યાય, સદ્ગુણ અને સારા જીવનની ઊંડી સમજ મેળવે, જેથી તે વધુ વિચારશીલ નૈતિક નિર્ણયો લઈ શકે. ખાસ કરીને જે સમાજમાં વિરોધાભાસી મંતવ્યો પ્રચુર હોય છે ત્યાં સોક્રેટિસની આ વ્યૂહરચના તર્કસંગત ચર્ચા અને સંવાદ માટે એક પ્રતિમાન (મૉડેલ) તરીકે કામ કરે છે. વિરોધને શાંત કરવાને બદલે પ્રવર્તમાન વૈકલ્પિક દૃષ્ટિકોણની રચનાત્મક ચર્ચા કરવાથી લોકશાહી શાસન માટે જરૂરી કૌશલ્ય પણ કેળવાય છે.

સોક્રેટિસની આ વ્યૂહરચનાનું એક ઉત્તમ ઉદાહરણ આપણને નીચે આપેલ પ્લેટોના યુથિફ્રો (Euthyphro) નામના સંવાદના અંશના સંક્ષિપ્ત ભાવાનુવાદમાંથી મળે છે.[૯] યુથિફ્રો એક સોફિસ્ટ છે અને ધાર્મિક બાબતોમાં પોતે નિષ્ણાત હોવાનો દાવો કરે છે. સોક્રેટિસ સાથેની ચર્ચામાં એ દાવો કરે છે કે ધર્મનિષ્ઠા એ ''દેવતાઓને પ્રિય છે.'' સોક્રેટિસ આ વ્યાખ્યાને સંપૂર્ણપણે નકારતા નથી, પરંતુ તેના બદલે યુથિફ્રોને વૈકલ્પિક દૃષ્ટિકોણ પર વિચાર કરવા માટે સમજાવે છે.

સોક્રેટિસ : તો મને કહો, શું (કોઈ) વસ્તુ દેવતાઓને પ્રિય છે તેથી તે પવિત્ર બને છે, કે પછી તે પવિત્ર છે તેને કારણે દેવતાઓને પ્રિય હોય છે?

યુથિફ્રો : વસ્તુ કે બાબત પવિત્ર હોવાથી દેવતાઓને તે પ્રિય હોય છે; પણ દેવતાને કશું પ્રિય હોય તેથી એ આપોઆપ પવિત્ર ન બની જાય.

સોક્રેટિસ : જો એમ જ હોય તો પછી જે દેવતાઓને પ્રિય છે તે જરૂરી નથી કે તે પવિત્ર હોય, અને જે પવિત્ર છે તે જરૂરી નથી કે તે દેવતાઓને પ્રિય હોય.

(અર્થાત્ જો પવિત્રતા ફક્ત દેવતાઓને જે ગમે છે તે જ હોય તો તે વસ્તુ પોતે સ્વતંત્ર રીતે પવિત્ર નથી પણ તેની પવિત્રતા દેવતાઓના પ્રેમ કે તેમની મંજૂરી પર આધારિત છે. અને જે વસ્તુ સ્વતંત્ર રીતે પવિત્ર હોય તે દેવતાઓને ગમતી જ હોય એવું પણ નથી હોતું. આમ, દેવતાઓને શું પ્રિય છે અને વાસ્તવમાં શું પવિત્ર છે એ બે અલગ અલગ બાબતો હોવી જોઈએ.)

આ સંવાદ દ્વારા, સોક્રેટિસ યુથિફ્રોને વૈકલ્પિક દૃષ્ટિકોણનો વિચાર કરીને તેની માન્યતાઓનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવા તરફ દોરી જાય છે.

### ૬. ધારણાઓ કે દાવાઓનાં પરિણામોની તપાસ કરવી

સોક્રેટિસ પોતાની સંવાદપદ્ધતિમાં, વાર્તાલાપકારો દ્વારા કરાતી દલીલો કે દાવાઓ પાછળ છુપાયેલી ધારણાઓની તાર્કિક વિસંગતતાઓને ઉજાગર કરવા માટે બીજી એક વ્યૂહરચનાનો પ્રયોગ કરે છે અને તે છે : ધારણાઓનાં પરિણામોની તપાસ કરવી. જો કોઈ ધારણા વિપરીત અથવા અનિચ્છનીય પરિણામો તરફ દોરી જતી હોય તો તે ધારણાની મૂળભૂત ખામી સૂચવે છે. આવી ચકાસણી ખોટી માન્યતાઓને ઓળખવામાં અને તેને નકારી કાઢવામાં મદદ કરે છે. આ રીતે, સોક્રેટિસ તેમના વાર્તાલાપકારોને તેમના વિચારો અંગે બૌદ્ધિક રીતે સજગ રહેવા તૈયાર કરે છે.

ધારણાઓનાં કે દાવાઓનાં પરિણામો તપાસ કરતું એક નોંધપાત્ર ઉદાહરણ નીચે આપેલ પ્લેટોના ગોર્ગિઅસ (Gorgias) નામના સંવાદના અંશના સંક્ષિપ્ત ભાવાનુવાદમાં જોવા મળે છે, જેમાં ન્યાયના સ્વરૂપ વિષે સોક્રેટિસ અને કેલિક્લીઝ (Callicles) વચ્ચે ચર્ચા થાય છે.[૧૦] આ સંવાદમાં કેલિક્લીઝ દાવો કરે છે કે સૌથી મજબૂત વ્યક્તિએ શાસન કરવું જોઈએ. પરંતુ સોક્રેટિસ તેમને આવા વિચારનાં પરિણામો ધ્યાનમાં લેવા જણાવે છે.

કેલિક્લીઝ : મારું માનવું છે કે મજબૂત લોકોએ નબળાઓ પર શાસન કરવું જોઈએ, આ એક કુદરતી ક્રમ છે. સાચો ન્યાય એ છે કે શ્રેષ્ઠ વ્યક્તિએ પ્રભુત્વ મેળવવું જોઈએ અને તેમની ઇચ્છાઓને પૂર્ણ રીતે સંતોષવી જોઈએ.

સોક્રેટિસ : તમે ખરેખર એમ કહી રહ્યા છો કે વધુ શારીરિક શક્તિ ધરાવતા લોકોએ નબળાઓ પર શાસન કરવું જોઈએ?

કેલિક્લીઝ : ના, ફક્ત શારીરિક શક્તિ જ નહીં, મારો મતલબ એ છે કે વધુ બુદ્ધિ અને ક્ષમતા ધરાવતા લોકોએ - ખરેખર તો શ્રેષ્ઠ વ્યક્તિઓએ નિયમો બનાવવા જોઈએ, સામાન્ય જનતાએ નહીં.

સોક્રેટિસ : તો, તમારા મતે, શ્રેષ્ઠ જીવન એ છે જ્યાં સૌથી મજબૂત લોકો જે ઇચ્છે છે તે મેળવે?

કેલિક્લીઝ : બરાબર! સૌથી ખુશ લોકો તે છે જેમની પાસે મહાન ઇચ્છાઓ હોય છે અને તેમને સંયમ વિના પૂર્ણ કરવાની ક્ષમતા પણ હોય.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : પણ, કેલિક્લીઝ, મને કહો, જો કોઈ વ્યક્તિની ઇચ્છાઓ અતૃપ્ત જ રહેતી હોય, ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ હંમેશા ખાવા માંગે છે, પીવા માંગે છે, અને એ નિરંતર પોતાની આવી ઇચ્છાઓને સંતોષ્યા જ કરે તો આપણે એમ કહેવું કે એ શ્રેષ્ઠ જીવન જીવી રહ્યો છે?

કેલિક્લીઝ : ના, આ ઇચ્છાઓ તો અલગ થઈ. મારો કહેવાનો મતલબ હતો કે સંપત્તિ કે સત્તા જેવી ઉમદા ઇચ્છાઓ પૂર્ણ કરવી.

સોક્રેટિસ : પરંતુ જો કોઈ હંમેશાં પોતાની ઇચ્છાઓ સંતોષવાનો પ્રયાસ કરે, તમે કહો છો તેવી ઉમદા ઇચ્છાઓ - તો પણ, એ તો કાણાંવાળી બરણી ભરવા જેવું ન કહેવાય? કાણાંવાળી બરણી તો ક્યારેય ન ભરાય! આવી વ્યક્તિ તો હંમેશાં અતૃપ્ત જ રહેવાની.

કેલિક્લીઝ : પરંતુ આવી ઇચ્છાઓનો પીછો કરવામાં ખોટું શું છે?

સોક્રેટિસ : જુઓ, કેલિક્લીઝ, આવી અનિયંત્રિત ઇચ્છાઓ ધરાવતી વ્યક્તિ ક્યારેય સંતોષ પામશે નહીં, ભલે ને તે ગમે તેટલું પ્રાપ્ત કરે. એની અતૃપ્ત ઇચ્છાઓ એને નિરંતર અસંતોષ તરફ દોરી જશે. સાચું સુખ આત્મ-નિયંત્રણ અને શાણપણથી આવે, ભોગવિલાસથી નહીં.

આમ, સોક્રેટિસ કેલિક્લીઝની ધારણાના પરિણામ વિષે ધ્યાન દોરીને તેને એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે બળવાન વ્યક્તિઓનો સત્તા અને વર્ચસ્વ મેળવવાનો અનિયંત્રિત ધ્યેય સાચું સુખ લાવવા કરતાં ફક્ત દુઃખમાં પરિણમશે.

## ૭. મૂંઝવણ કે દ્વિધા પેદા કરવી

સોક્રેટિસ સાથે સંવાદમાં જોડાયેલ વાર્તાલાપકાર શરૂઆતમાં પોતાનાં મંતવ્યો કે દાવાઓની સત્યતા અંગે આત્મવિશ્વાસ ધરાવતા હોય છે. પણ સોક્રેટિસની ઊલટતપાસની પ્રક્રિયા તેને ઘણી વાર ભેખડે ભેરવી દે અને બૌદ્ધિક ગતિરોધ (એપોરિયા) ઊભો કરે છે. જુદી જુદી વ્યૂહ-રચનાઓ દ્વારા નિરંતર પ્રશ્નો પૂછીને સોક્રેટિસ તેના વાર્તાલાપકારને એવી સ્થિતિ તરફ દોરી જાય છે કે જ્યાં તેને સ્વીકારવું પડે છે કે તેની પાસે સંતોષકારક જવાબ નથી. આ ક્ષણે, સંવાદમાં જોડાયેલ વાર્તાલાપકારને થાય છે કે તેની માન્યતાઓ કડક તાર્કિક ચકાસણીનો સામનો કરી શકતી નથી. આવી મૂંઝવણ વાર્તાલાપકારને તેમના જ્ઞાનની મર્યાદાઓને સ્વીકારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પરંતુ, આવી અનુભૂતિ અંતિમ બિંદુ ન બનતાં વધુ પૂછપરછ અને બૌદ્ધિક વિકાસ માટે એક પ્રારંભિક બિંદુ બને છે. તેમ કરીને સોક્રેટિસ તેમના ખોટા આત્મવિશ્વાસને દૂર કરે છે અને બૌદ્ધિક નમ્રતા કેળવે છે, સત્ય શોધવાની તેમની ઇચ્છાને પ્રોત્સાહન આપે છે. આવી અનિશ્ચિતતાની પરિસ્થિતિ ઊભી કરીને સોક્રેટિસ સામી વ્યક્તિની સાથે સાથે કયારેક પોતાના અજ્ઞાનને ઓળખવાના મહત્ત્વ પર પણ ભાર મૂકે છે. આમ કરીને તે સત્યના વાસ્તવિક સંશોધન માટે ફળદ્રુપ જગ્યા બનાવે છે. આ બૌદ્ધિક નમ્રતા શાણપણની શોધ માટે પાયારૂપ છે, જે વધુ મજબૂત અને સુસંગત દાર્શનિક સમજણના વિકાસને સક્ષમ બનાવે છે.

વધુમાં, એપોરિયા દાર્શનિક પૂછપરછના સહકારી સ્વરૂપને પણ પ્રકાશિત કરે છે. સોક્રેટિસના સંવાદોમાં સામાન્ય રીતે સહભાગીઓ જટિલ વિચારો અંગે સાથે મળીને મંથન કરે છે. આવો અનુભવ બૌદ્ધિક બિરાદરી અને પરસ્પર સમજણને વધારે છે, જે દરેક સહભાગીને તેમની પોતાની માન્યતાઓ અને વિચારપ્રક્રિયાઓની ઊંડી સમજ મેળવવા માટે સક્ષમ બનાવે છે. પોતાની ધારણાઓનું વિવેચનાત્મક પરીક્ષણ કરીને અને પોતાની અજ્ઞાનતાનો સામનો કરીને સંવાદમાં જોડાયેલ સૌ સહભાગીઓ વધુ સજાગ બને છે.

મડાગાંઠની સ્થિતિ તરફ દોરી જતા સોક્રેટિસના સંવાદનું એક ઉત્તમ ઉદાહરણ પ્લેટોના નીચે આપેલ થીઇટીટસ (Theaetetus) નામના મૂળ સંવાદના અંશના સંક્ષિપ્ત ભાવાનુવાદમાં જોવા મળે છે.[૧૧] તેમાં સોક્રેટિસ અને થીઇટીટસ જ્ઞાનની પ્રકૃતિ અંગે ચર્ચા કરે છે. સોક્રેટિસ અને થીઇટીટસ એ ધારણાથી શરૂઆત કરે છે કે જ્ઞાન સાચી માન્યતા છે. પરંતુ, સોક્રેટિસ આને પડકારીને પ્રશ્ન કરે છે કે આપણે કેવી રીતે ખાતરી કરી શકીએ કે આપણી માન્યતાઓ સાચી છે કે ખોટી? થીઇટીટસ જ્ઞાન માટે જરૂરી શરત તરીકે વાજબીપણું ઉમેરે છે, પરંતુ સોક્રેટિસ બતાવે છે કે વાજબીપણું હોવા છતાં, માન્યતા ખરેખર જ્ઞાનનું નિર્માણ કરી શકતી નથી. સંવાદના અંતે થીઇટીટસ કબૂલ કરે છે કે તેની વ્યાખ્યા ચોક્કસ નથી, એ પોતે મૂંઝવણ અનુભવે છે. એ સ્વીકારે છે કે એ હજુ સુધી જ્ઞાનની સંતોષ- કારક વ્યાખ્યા પર પહોંચ્યો નથી.

સોક્રેટિસ : થીઇટીટસ, મને કહો તો જ્ઞાન એટલે શું?

થીઇટીટસ : જેને આપણે સાચું માનીએ અને સમજાવી શકીએ તે જ્ઞાન.

સોક્રેટિસ : તો, જ્ઞાન એ છે જેને આપણે સાચું માનીએ છીએ?

થીઇટીટસ : હા, બિલકુલ. જો આપણે કોઈ વસ્તુ પર વિશ્વાસ કરીએ છીએ, અને તે સાચું છે, તો તે જ્ઞાન છે.

સોક્રેટિસ : પણ થીઇટીટસ, આપણે જાણી કેવી રીતે શકીએ કે આપણી માન્યતાઓ સાચી છે? અને જો આપણે કોઈ વસ્તુ પર વિશ્વાસ કરીએ પરંતુ તે (આપણી માન્યતા) ખોટી નીકળે, તો પણ તે જ્ઞાન કહેવાશે?

થીઇટીટસ : ના, એવું તો ના હોય. પરંતુ, જો માન્યતા સાચી હોય, તો તેને જ્ઞાન તરીકે ગણવું જોઈએ.

સોક્રેટિસ : જો કોઈ વ્યક્તિ કોઈ વાતને સાચી માને અને પછીથી એ ખોટી સાબિત થાય તો શું કરવું? શું તે માન્યતાને આપણે જ્ઞાન તરીકે ગણી શકીએ?

થીઇટીટસ : આ તો મુસીબત થઈ! જ્ઞાન માટે માત્ર સાચી માન્યતા એકલી પૂરતી ન ગણાય; એને કોઈ પ્રકારનું સમર્થન પણ હોવું જરૂરી છે.

સોક્રેટિસ : અને જો આપણે તમે કહો છો તેવું સમર્થન લાવીએ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તો એમ ન બને કે કોઈ વ્યક્તિ પાસે પોતાની માન્યતા માટે સમર્થન તો હોય પણ તે ખરેખર તે બાબતને જાણતો જ ન હોય?

થીઇટીટસ : તમારી વાત તો ખરી.

સોક્રેટિસ : તો, હવે આપણી પાસે સ્પષ્ટ જવાબ તો નથી. એવું નથી લાગતું કે જ્ઞાન એ ફક્ત સાચી માન્યતા હોઈ શકે છે, અથવા તેમાં કંઈક વધુ સામેલ હોવું જોઈએ - કદાચ સમર્થન, અથવા કંઈક બીજું પણ?

થીઇટીટસ : મને ખરેખર ખબર નથી, હું હવે અનિશ્ચિત છું.

અંતે, સોક્રેટિસ અને થીઇટીટસ જ્ઞાનની ચોક્કસ સમજણ સુધી પહોંચવામાં નિષ્ફળ જાય છે અને અપોરિયાની સ્થિતિમાં આવી જાય છે.

પરંતુ, જેમ ચાર્લ્સ કા'ન (Charles Kahn) કહે છે તેમ, મૂંઝવણ એ નિષ્ફળતા નથી, પરંતુ ઊંડા ચિંતન માટે ઉત્પ્રેરક છે. વાર્તાલાપકારના ખોટા આત્મવિશ્વાસને દૂર કરીને, તે સાચી સમજણ માટે માર્ગ સાફ કરે છે.[૧૨] બેન્સન (Hugh Benson) આને ''જ્ઞાનની કટોકટી (સંકટ)'' તરીકે વર્ણવે છે; સોક્રેટિસ વાર્તાલાપકારને એક એવા બૌદ્ધિક વળાંક તરફ લઈ જાય છે જ્યાં તેને પોતાની ધારણાઓ પર પુનર્વિચાર કરવા મજબૂર કરી દે છે.[૧૩]

○

## સોક્રેટિસની સંવાદ પદ્ધતિની કેટલીક ટીકાઓ અને મર્યાદાઓ

સંવાદ અને વિવેચનાત્મક પ્રશ્નો પર ભાર મૂકવા માટે પ્રખ્યાત સોક્રેટિસની સંવાદ પદ્ધતિની વ્યાપક પ્રશંસા કરવામાં આવી હોવા છતાં તેની કેટલીક ટીકા પણ કરવામાં આવે છે. જેમ કે, ગેરાસિમોસ સાન્ટાસ (Gerasimos Santas) કહે છે કે સોક્રેટિસની સંવાદ પદ્ધતિ વાર્તાલાપ કરનારની બૌદ્ધિક પ્રામાણિકતા અને કઠોર સ્વ-પરીક્ષણ માટેની ક્ષમતા પર નિર્ભર છે.[૧૪] અર્થાત્, તેની અસરકારકતા સહભાગીઓની બૌદ્ધિક સંલગ્નતા અને વિવેચનાત્મક વિચારસરણીમાં કુશળતા પર આધારિત હોવાથી તે બધા લોકો માટે એકસમાન રીતે ઉપયોગી ન પણ હોઈ શકે. પરિણામે, મજબૂત શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો આવી ચર્ચાઓમાં પ્રભુત્વ મેળવી શકે છે, અને, કદાચ અજાણતાં, તેમનાથી ઊતરતા લોકોને ચર્ચામાં સમાન ભાગીદાર થવામાંથી બાકાત રાખી શકે છે. વધુમાં, આ પદ્ધતિનો ઉપયોગ ચાલાકીપૂર્વક કરી શકાય છે; ચોક્કસ રીતે પ્રશ્નો ઘડીને તે સહભાગીઓને પૂર્વનિર્ધારિત નિષ્કર્ષ તરફ સૂક્ષ્મ રીતે દોરી જઈ શકે છે, જે સંવાદની પ્રામાણિકતાને નબળી પાડે છે.

કેટલાક ટીકાકારો જ્ઞાનપ્રાપ્તિના પ્રાથમિક માધ્યમ તરીકે સંવાદ પર આ પદ્ધતિની નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરે છે. તેઓ માને છે કે ખુલ્લા અંતવાળા (open ended) પ્રશ્નો ઘણી વાર અસ્પષ્ટતા તરફ દોરી જાય છે, જેથી ચર્ચા ચોક્કસ નિષ્કર્ષ તરફ જઈ શક્તી નથી, અને ક્યારેક બિનઉત્પાદક બની શકે છે. જે નિરાશાજનક હોઈ શકે છે.

જોકે, આવી મર્યાદાઓ હોવા છતાં, અધિકાંશ વિદ્વાનો માને છે કે આવી સંવાદ પદ્ધતિ આધુનિક શિક્ષણનું એક અત્યંત ઉપયોગી અંગ છે. જેમ કે ગ્રેગરી વ્લાસ્ટોસ જણાવે છે તેમ આ પદ્ધતિ ફક્ત એક ઐતિહાસિક કલાકૃતિ કે આભૂષણ માત્ર નથી પરંતુ એક જીવંત પદ્ધતિ છે, જે જ્ઞાનની તમામ શાખાઓમાં બૌદ્ધિક પૂછપરછને પ્રેરણા આપતી રહે છે. અને જો એને નૈતિક અને પ્રામાણિક રીતે ઉપયોગમાં લેવામાં આવે તો તે વિવેચનાત્મક વિચારસરણી, નૈતિક તર્ક અને લોકશાહી ચર્ચાને પ્રોત્સાહન આપે છે.[૧૫]

**સમાપન**

સોક્રેટિસની સંવાદ પદ્ધતિની ઉપર જણાવેલ કેટલીક મર્યાદાઓ હોવા છતાં, તે મૂળભૂત ખ્યાલોની આપણી સમજને વધુ સ્પષ્ટ અને ઊંડી બનાવવા, સ્વીકૃત ધારણાઓને પડકારવા, અને આપણા વિચારોમાં રહેલ વિરોધાભાસોને ઉજાગર કરવા માટે ઘણી ઉપયોગી છે. અભિપ્રાય અને જ્ઞાન વચ્ચે તફાવત કરીને તે સત્યની શોધ માટે એક મજબૂત માળખું પ્રદાન કરે છે. તેથી પશ્ચિમની વિચારધારા અને શિક્ષણપદ્ધતિ પર તેની ઊંડી અસર જોવા મળે છે. સંવાદ, કઠોર તર્ક, અને બૌદ્ધિક નમ્રતા પરના તેના ભારથી પશ્ચિમની દાર્શનિક પરંપરાઓનું ઘડતર થયું છે અને શિક્ષણ, નીતિશાસ્ત્ર અને જ્ઞાનશાસ્ત્રમાં સમકાલીન ચર્ચાઓને તે હજુ પણ પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે. સોક્રેટિસનો કાયમી વારસો બની ગયેલ તેમની સંવાદ પદ્ધતિ એ યાદ અપાવે છે કે સાચું જ્ઞાન નિશ્ચિતતામાંથી નહીં, પરંતુ ધારણાઓ પર અવિરત પ્રશ્નો ઉઠાવીને ઊંડી સમજણ કેળવવા માટેના સહયોગી પ્રયાસમાંથી ઉદ્‌ભવે છે.

વિશ્વની અગ્રગણ્ય શિક્ષણસંસ્થાઓમાં વપરાતી સેમિનાર પદ્ધતિ મહદંશે સોક્રેટિસની ઉપરોક્ત સંવાદ પ્રણાલી પર આધારિત છે. અને તેનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓને મૌલિક અને તાર્કિક રીતે વિચારવાની તાલીમ આપવાનો છે. તેથી શિક્ષણસંસ્થાઓમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ માત્ર ઔપચારિક વાર્તાલાપમાં રૂપાંતરિત ન થઈ જાય તે માટે સોક્રેટિસની ઊલટતપાસની પદ્ધતિમાં પ્રયોજિત (i) ચર્ચિત મુદ્દાનું સ્પષ્ટીકરણ માગવું અને સાર્વત્રિક સિદ્ધાંતો માટે આગ્રહ રાખવો, (ii) ચર્ચામાં થયેલ વિધાનો કે દલીલો પાછળની ધારણાઓને પડકારવી, (iii) તે ધારણાઓમાં રહેલ વિરોધાભાસને ઉજાગર કરવો, (iv) વિધાનોને સમર્થન કરતા તર્ક કે પુરાવાની તપાસ કરવી, (v) વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવો, (vi) ધારી લીધેલ માન્યતાનાં પરિણામો વિષે વિચારવું, અને ચર્ચાના અંતે (vii) એક મૂંઝવણભરી પરિસ્થિતિ ઊભી કરવા જેવી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવો આવશ્યક છે. તેથી ચર્ચિત મુદ્દાનું વધુ ઊંડાણપૂર્વક પરીક્ષણ થઈ શકે છે અને વાર્તાલાપકારોને તેમના ભૂલભરેલા ખ્યાલો કે પોતાની જાણકારી અંગેના અતિ આત્મવિશ્વાસ પ્રતિ જાગૃત કરી શકાય છે. પરિણામે, ચર્ચા હેઠળના મુદ્દા અંગે નવેસરથી અને વિનમ્રતાપૂર્વક વધુ વિચાર કરવા પ્રેરણા મળે છે.

★★★★★

(જુઓ પાન નં. ૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

*ગાંધી જયંતી નિમિત્તે :*

# ધર્મવિચાર અને ગાંધીજી

**આ** વ્યાખ્યાનો આપવા આવવા અંગે મારા મનમાં સંકોચ છે. હું વિનય કે નમ્રતાથી આ કહું છું એમ ન માનશો. મારા સ્વભાવમાં એવી નબળાઈ નથી. પણ એનું સાચું કારણ એ છે કે આવા પ્રકારની વ્યાખ્યાનોની મને ટેવ નથી. લોકોની વચ્ચે જાઉં છું, જે કંઈ કહેવા જેવું લાગે તે કહું પણ છું. પ્રશ્નોનો અભ્યાસ કરું છું, અને એને વિષે કહું છું જેથી લોકોને પણ એ ઉપયોગી થાય, પણ ખાસ વિષય લઈને ભાષણ તૈયાર કરવાની મને ટેવ નથી. માટે આવા પ્રકારનાં ભાષણો માટે હું મારી જાતને બિન-અધિકારી ગણું છું.

બીજું કારણ ઉંમર છે. ઉંમર વધવાથી ચિત્ત પરિપક્વ થતું જાય છે. પહેલાં ગમે તે વિષય પર અચકાયા વિના ભાષણ આપતો, આજે એવું સાહસ કરતો નથી, સંકોચ થાય છે. કારણ કે મારા અજ્ઞાનનું ભાન વધતું જાય છે. એક ઉંમર એવી હોય છે જ્યારે આ ભાન ઓછું હોય છે. એક પ્રકારના બૌદ્ધિક અહંકાર અને સાહસની ઉંમર પણ માણસની હોય છે. પણ આજે એ અવસ્થા હું વટાવી ગયો છું.

ત્રીજું કારણ એ છે કે પિસ્તાળીશ વરસથી સાર્વજનિક ભાષણ કરતો આવ્યો છું છતાં મારું મંતવ્ય કે મતો બંધાયાં નથી. દરરોજ નવું શીખું છું, નવું જોઉં છું. જ્ઞાનની અભિવૃદ્ધિ થાય છે. મંતવ્યો પલટાય છે; એમનો વિકાસ થાય છે કે એમાં પરિવર્તન આવે છે.

છતાં અહીં આવ્યો છું તેનું એક કારણ છે અને તે સ્નેહ અથવા મૈત્રી. તેને મેં જીવનની સૌથી મોટી વિભૂતિ માની છે. મનુષ્યનો મનુષ્ય માટેનો સ્નેહ સંબંધ બધાં કારણોમાં મોટું કારણ છે. અને એ કારણ પાસે બીજા બધા અંતરાયો લય પામે છે. બાપુ હિસાબનો વિચાર કરવાનું કહેતા. પણ એવો વિચાર મેં નથી કર્યો. ઘણાં વિશ્વવિદ્યાલયો મને વ્યાખ્યાન માટે આમંત્રણ આપે છે. સરકારે આ માટે દક્ષિણા પણ મોટી નક્કી કરી છે. પણ આવાં મોંઘાં ભાષણ કરતાં હું શીખ્યો નથી. એવાં મોંઘાં ભાષણોની વાત આવે છે ત્યારે મારી છાતી બેસી જાય છે. જીભ ખૂલતી જ નથી. દેશના એક છેડેથી બીજે છેડે આવાં બેત્રણ ભાષણો માટે જ આવું તો હિસાબના વિચારથી અચકાવું પડે. પણ મિત્રતા બીજા બધા વિચારોને પોતાના પૂરમાં તાણી જાય છે. મૈત્રી પાસે બીજો કોઈ વિચાર ટકી શકતો નથી. એક રીતે અહીં હું ઋષિતર્પણ માટે આવ્યો છું. આપણે ત્યાં આવી એક પરંપરા છે અને તે શુભ પરંપરા છે. પૂ.નાનાભાઈની સ્મૃતિમાં જે વ્યાખ્યાનમાળા ગોઠવાઈ છે તેમાં પણ ફરજ છે કે હું અર્ધ્ય અદા કરવા આવું.

કેળવણીકાર બધા વિષયોમાં ચંચૂપાત કરી શકે છે. શ્રીમન્ શંકરાચાર્યે દક્ષિણામૂર્તિ ભગવાનનું સ્તોત્ર લખ્યું છે તે મને યાદ આવે છે :

नानाछिद्रघटोदर स्थितमहादीपप्रभाभास्वरम्
ज्ञानं यस्य तु चक्षुरादिकरण द्वारा बहिः स्पन्दते ।

ઘડામાં કાણાં અને એમાં રહેલો દીવો જેમ એ બધાં છિદ્રો દ્વારા પોતાનો પ્રકાશ બહાર પાથરે છે, આસપાસની જગાને પ્રકાશિત કરે છે તેવી જ રીતે અભિજાત શિક્ષકનું જ્ઞાન બધા દરવાજા અને બારીઓ વાટે ક્ષિતિજ સુધી સમગ્ર વાયુમંડલને આલોકિત કરે છે; એવા શ્રેષ્ઠ શિક્ષકની સ્મૃતિમાં વ્યાખ્યાનનો આરંભ એવી જ મહાન વ્યક્તિના નામથી કરું છું. એ વ્યક્તિ તે ગાંધીજી, ગાંધીજીને વિષય ગણીને ક્યારેય તે પર બોલ્યો નથી. વ્યાખ્યાનોમાં તેમના નામનો ઉલ્લેખ કરું છું. પરંતુ તેમને વિષયરૂપ ગણીને ક્યારેય બોલ્યો નથી. કારણ કે કોઈ વિભૂતિને પરમ પ્રમાણ હું માનતો નથી. કોઈ ગ્રંથ, સંસ્થા કે વિભૂતિને હું પ્રમાણ માનતો નથી એટલે આજ સુધી કોઈ મંતવ્યો હું સ્થિર કરી શક્યો નથી. મારા પોતાના મનમાં હંમેશાં ગાંધીજીની વિભૂતિની પણ બહુ મોટા પ્રમાણમાં અને ઉચ્ચ સ્તર પર એવી જ વિશેષતા છે એમ હું માનું છું. એમનામાં Views- મંતવ્યોને સ્થિર કરવાની વાત જ ન હતી.

ગાંધીજીએ સત્યની શોધમાં સમગ્ર જીવન સમર્પિત કર્યું, સત્યની શોધમાં જીવન સમર્પણ કરનારાઓમાં ગાંધીજી આ યુગમાં અગ્રણી છે. સત્યશોધક વિચારનિષ્ઠ ન થઈ શકે. સત્ય એ કેવળ વિચાર નથી. એટલે કોઈ વિચાર પાછળ સત્યનિષ્ઠ માણસ પોતાની જાતને સમર્પિત કરી શકતો નથી. સત્યનિષ્ઠ માણસ સન્નિષ્ઠ હશે પણ તત્ત્વનિષ્ઠ નહીં બની શકે.

ગાંધીજીની વિશેષતા એ છે કે એમનું પોતાનું તત્ત્વજ્ઞાન નથી. સત્યનિષ્ઠ માણસ હંમેશાં અનાગ્રહી uncommitted હશે. સત્યનિષ્ઠ માણસ કોઈ એક વિચારમાં બંધાઈ જાય તે અસંભવિત છે. Man, the unknown પુસ્તકના લેખક એલેક્સિસ કેરોલે તેના એક બીજા પુસ્તકમાં કહ્યું છે કે, ''વિચાર જ્યાં વિજયી થાય છે ત્યાં મનુષ્યની સંસ્કૃતિ પરાભૂત થાય છે.'' આખા જગતમાં આજે એવો પ્રયત્ન થઈ રહ્યો છે કે વિચાર મનુષ્યને પરવશ કરે, અભિભૂત કરે. આધુનિક યુગમાં ગાંધી એક Phenomenon હતા – વિભૂતિમત્ સત્ત્વ હતા, એક એવી વિભૂતિ, એવું સત્ત્વ કે જેણે મનુષ્યને બદલી નાખ્યો. પરંતુ ગાંધીને પોતાનું કોઈ તત્ત્વજ્ઞાન, દર્શન કે વિચાર ન હતો. વિચારમાં પોતાને સીમિત કરવા ગાંધી અવતર્યો ન હતો. સામાન્ય મનુષ્ય uncommitted રહે છે, કોઈ વિચાર કે વાદને સમર્પિત હોતો નથી. તેની બુદ્ધિ તત્ત્વનિરપેક્ષ હોય છે. આવી વૃત્તિ, આવી બુદ્ધિ એ જ સત્યનિષ્ઠ ભૂમિકા કહી શકાય. ગાંધીની બુદ્ધિ આવી હતી.

સર્વ સેવા સંઘના સાવલી અધિવેશનમાં કાકાસાહેબ તથા મને ગાંધી વિચારપ્રચારનું કામ સોંપવામાં આવ્યું. સૌને લાગતું હતું કે ગાંધીજીનું સુવ્યવસ્થિત અને સુસંગઠિત કામ કરવું જોઈએ અને તે માટે એક પત્રિકા પ્રગટ કરવી જોઈએ. આ વખતે ગાંધીજીએ અમને સૌને સમજાવ્યું કે, ''તમે ગાંધીવિચાર, ગાંધીવાદ, ગાંધીતત્ત્વજ્ઞાન કે ગાંધીદર્શનની જે વાત કરો છો, તેવું કશું મારા મનમાં નથી. હું સત્યની શોધ કરતો રહ્યો છું. મને જે સત્ય દેખાય છે એનું પ્રતિપાદન પણ કરું છું. પણ તેનો કોઈ વાદ કે તત્ત્વજ્ઞાન મેં હજી સ્થિર કર્યું નથી.'' આ વાત સમજાવતાં તેમણે મેક્સમૂલરનું એક વાક્ય કહ્યું હતું : Truth has to be repeated so long as there are men who do not believe in it. એટલે એમણે કહ્યું કે, ''હું મને સૂઝેલ સત્યનું પ્રતિપાદન કરું છું, પણ મારા પોતાનો કોઈ વિચાર, તત્ત્વજ્ઞાન કે દર્શન નથી. સત્યની શોધમાં જે પ્રકાશ મને સાંપડે છે તે લોકો સુધી પહોંચાડવાનો હું પ્રયત્ન કરું છું. મારા સત્યના દર્શનમાં બીજાઓને સામિલ કરવાની કોશિશ કરું છું અને બીજાનું સત્ય જાતે સમજવા હું પ્રયત્ન કરું છું.'' આમ સત્યનિષ્ઠ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મનુષ્ય અનાગ્રહી જ હોય. મતાગ્રહ અને સત્યનિષ્ઠા એ બે વાત અસંભવિત છે. જે મનુષ્ય જાણવા માગે છે, જ્ઞાનપ્રાપ્ત કરવા માગે છે તે આગ્રહ ધરાવી ન શકે. The obstinate man does not hold opinions. Opinions catch hold of him. હઠીલા માણસોને પોતાના અભિપ્રાયો હોતા નથી પણ અભિપ્રાયો જ એમને કચકચાવીને પકડે છે. આમ ગાંધીની ભૂમિકામાં આપ આગ્રહ નહીં દેખો. 'મંગલ પ્રભાત'માં વ્રતો મૂકતી વખતે પ્રશ્ન આવ્યો કે અગિયાર વ્રતોમાં નમ્રતા પણ એક વ્રત કેમ ન હોય ? અંતરમાંથી જવાબ મળ્યો કે નમ્રતા વ્રત ન હોઈ શકે. નમ્રતા કેળવવી એમ કહેવું એ પોતે જ એક આંતરવિરોધ છે. નમ્રતા અભ્યાસપૂર્વક ઊભી કરવી પડે તો તેમાંથી જ અહંકાર જન્મે. જેમ અંધારું જોવા પ્રકાશનો ઉપયોગ ન થઈ શકે. દીવો લઈને અંધારું જોવા જઈએ તો અંધારું જ ન રહે તેમ નમ્રતાનો અભ્યાસ કરવાથી નમ્રતા જ ન રહે.

સત્યનિષ્ઠ માણસની સ્વાભાવિક ભૂમિકા તટસ્થતાની રહે. પોતાના વિચાર કે મંતવ્યો વિષે કદાગ્રહ ન હોય. આગ્રહ હોય તો સંઘર્ષ જન્મે. આજની દુનિયામાં સંઘર્ષનું જોર વધી રહ્યું છે. આ સંઘર્ષનો આધાર વિચારવાદ કે તત્ત્વજ્ઞાન માટેનો આગ્રહ છે. એટલે આજના જગતમાં ગાંધીની આ ભૂમિકા, તેમની વિભૂતિની આ વિશેષતા, તેમનો અનાગ્રહ કે તાટસ્થ્ય એ વિશેષ સ્મરણીય છે.

સત્યનિષ્ઠામાં પેદા થયેલો આ અનાગ્રહ એ કદાચ મહાવીરના સંદેશની પ્રેરણા હોઈ શકે. લોકો માને છે કે મહાવીરનો સૌથી મહાન ઉપદેશ અહિંસા હતો. પણ વિનોબા કહે છે તેમ, અહિંસાનો સંદેશ મહાવીરનો નથી. એમનો સંદેશ તો અનેકાન્તવાદનો છે. સત્યના વિષયમાં એકાન્તિક આગ્રહ ન હોઈ શકે. વિચાર માટેનો આગ્રહ તે સૌથી મોટી હિંસા છે. એક સમાજશાસ્ત્રીએ કહ્યું છે કે, To Impose an ideology is to violate the soul. વિચારનો આગ્રહ તે આત્મા પરનો બળાત્કાર છે. શારીરિક બળાત્કારથી પણ તે વધુ ભયંકર છે. એટલે ગાંધીના વ્યક્તિત્વમાં તે ક્યાંય નથી. ગાંધી વિકાસશીલ, નિત્ય પરિવર્તનશીલ, નિરાગ્રહી રહ્યા. તેમણે કહ્યું કે, અહિંસાની શોધમાં હું નહોતો નીકળ્યો. સત્યની શોધ કરતાં કરતાં અહિંસા મને મળી. એટલે બુદ્ધ, મહાવીર કે ખુદ ઈશુની અહિંસા અને ગાંધીની અહિંસા વચ્ચે ફેર છે; અહિંસાના આવિષ્કારમાં, અભિવ્યક્તિમાં ફેર છે. ગાંધીએ અહિંસાનું શાસ્ત્ર નથી યોજ્યું. શાસ્ત્રની રચના આપણે એમના અનુયાયીઓએ કરી હશે. કેમ કે શિષ્યનો ધર્મ, મૂળ પુરુષની વાતને સંગઠિત કરી સંસ્થાબદ્ધ - Institutionalise કરવાનો છે. એટલે કે તેમના વિચારની કબર ખોદવાનો છે.

પહેલા વિશ્વયુદ્ધ વખતે ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના પ્રયોગોનો અનુભવ લઈ ભારતમાં આવ્યા. ગોધરાની રાજકીય પરિષદમાં ૧૯૧૭માં તેમણે કહ્યું કે, ''ભારતના રાજકારણમાં હું તો અઢી વર્ષનું બાળક છું. હું આપ સૌ પાસે મારા વિચારો મૂકું છું. તે વિચારોને તમે તમારી બુદ્ધિથી કસી જુઓ, તેનો વિરોધ પણ કરો જેથી મારી બુદ્ધિ પણ કામ કરતી થાય. તમારી અને મારી બંનેની બુદ્ધિથી પછી આપણે આગળ ચાલીશું.'' તો મિત્રો, આ છે બૌદ્ધિક અહિંસાનું લક્ષણ. જે બુદ્ધિ બીજાની બુદ્ધિને પરાસ્ત કરે છે તેમાં બૌદ્ધિકતા જ નથી. ત્યાં બુદ્ધિ પણ શસ્ત્ર બની જાય છે. શસ્ત્રમાં ધાર હોય છે, પણ પ્રકાશ નથી હોતો. એવી બુદ્ધિ કોઈને મૂર્છિત કે પરાસ્ત કરે છે પણ જાગ્રત નથી કરતી. માટે ગાંધી કહે છે કે દ.આફ્રિકાના સત્યાગ્રહના અનુભવ ઉપર વિચારો રજૂ કરું છું, તેનું તમે પરીક્ષણ, વિશ્લેષણ અને આલોચના કરો. ગાંધીએ તેમના આ ભાષણમાં એમ પણ કહ્યું હતું કે ''બ્રિટિશ લોકોએ આપણને જબરદસ્તીથી નિઃશસ્ત્ર બનાવીને આપણા પૌરુષને હાનિ પહોંચાડી છે. પરંતુ હું તો પ્રેમને જ આત્માનો ગુણ માનું છું અને હું એમ ઇચ્છું છું કે આપણા દેશમાં જેટલી યોજનાઓ કે આંદોલનો થાય તે બધાંની રચના પ્રેમના આધારે, પ્રેમની ભૂમિકા પર થાય.''

ગાંધીએ જે સત્યનિષ્ઠાને પોતાની મર્યાદા બનાવી, બૌદ્ધિક ક્ષેત્રમાં પોતાની મર્યાદા સાચવી, તે જ સત્યનિષ્ઠાથી પ્રત્યક્ષ કાર્યક્ષેત્રમાં પણ પોતાની મર્યાદા સાચવી, ગાંધી રાજનેતા - Statesman હતા કે સંત હતા તે પર આજે પણ ચર્ચા ચાલે છે. કેટલાક લોકો ગાંધીને મોટો Diplomate માને છે. રાજનીતિશાસ્ત્રમાં સ્ટેટ્સમેન અને ડિપ્લોમેટ આ બંને શબ્દોના અર્થમાં ઘણું મોટું અંતર છે. સ્ટેટ્સમેન પોતાનો અને દરેક વસ્તુનો ઉપયોગ કોઈ દિવ્ય પ્રયોજન માટે કરે છે, જ્યારે ડિપ્લોમેટ દરેક વસ્તુનો ઉપયોગ પોતાના હેતુ માટે કરે છે. આથી જ્યારે ગાંધી સત્ય બોલતો ત્યારે એને ડિપ્લોમેટ માનનાર ભુલાવામાં પડતા અને મૂંઝાતા. પણ મૂળે વાત એ છે કે ગાંધીએ રાજનીતિશાસ્ત્રની જૂની પરિભાષાને ક્રાન્તિકારક રીતે પલટી નાખી. ગાંધી કહેતા કે, રાજકારણમાં હું ગોખલેનો શિષ્ય છું. પણ ગોખલેજીના ભારત સેવક સમાજમાં તેમને માટે સ્થાન ન હતું. ઊલટું, આ સમાજ ગાંધીના એકેએક આંદોલનથી વિચારપૂર્વક અને પ્રયત્નપૂર્વક દૂર રહ્યો. ભારત સેવક સમાજનું સૂત્ર હતું : Spiritualise Politics. કોઈકે કહ્યું છે કે ચોરસમાંથી ગોલ બનાવવા જેટલું રાજકારણને આધ્યાત્મિક બનાવવાનું અઘરું છે. પણ ગાંધીએ તે કરી દેખાડ્યું.

દેશની રાષ્ટ્રીય અસ્મિતા અને સ્વરાજની લડત લડતાં પણ તેમણે કહ્યું કે આપણે સમગ્ર વિશ્વમાં ભાઈચારો પેદા થાય એ માટે લડીશું અને એ માટે ખતમ થવું પડશે તો ખતમ થઈશું. ગાંધીનો આ આદર્શ હતો. એમણે કહ્યું કે મારી રાજીનીતિનું આ લક્ષ્ય છે. આ આદર્શની ખોજ માટે જે કંઈ કરવું પડે તેનો એક ભાગ દેશની સ્વાધીનતાની લડત છે. અર્થશાસ્ત્રીઓ એમ માને છે કે All planning is a search for utopia. બધી જાતનું આયોજન એ કોઈક પ્રકારના આદર્શની ખોજ જ છે. ગાંધી એમ કહેતા કે સત્યની શોધમાં હું પ્રેમને મનુષ્યના જીવનનો સામાન્ય-નોર્મલ અને વ્યવહારુ-પ્રેક્ટીકલ નિયમ બનાવવા માગું છું. પ્રેમનું વ્યવહારુ સ્વરૂપ એ ગાંધીની રાજનીતિની વિશેષતા છે. એ તરફ તમારું ધ્યાન ખેંચવા માગું છું.

ફાધર અલ્વિને પોતાના એક પુસ્તકમાં પ્રેમના તત્ત્વજ્ઞાન પર લખ્યું છે. પ્રેમની ભારે મીમાંસા કરી છે. તેમાં ગાંધીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું છે કે, Gandhi brings our consideration of love almost with a bump to this earth, from abstrctions to reality. ગાંધી પ્રેમની આપણી મીમાંસાને એક ધક્કા સાથે ધરતી પર લાવી દે છે. એટલે કે અપાર્થિવમાંથી પાર્થિવ વાસ્તવિકતા પર લાવી દે છે. આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ એમનાં રાજકીય આંદોલનોમાં સ્પષ્ટ જોવા મળે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ગાંધીએ રાજકારણમાં પોતાને ગોખલેનો શિષ્ય ગણાવ્યા. પણ તેઓ ઉત્તરાધિકારી તો તિલકના હતા. તિલકના રાજકારણનો આરંભ ત્યાંથી છે કે નિઃશસ્ત્ર લોકોએ પરાક્રમી પ્રતિકાર કેવી રીતે કરવો ? સશસ્ત્ર પ્રતિકાર તો અસંભવિત જ હતો. બંધારણીય પ્રતિકારની ભૂમિકા પણ ન હતી. લોકમાન્યને આ ખોજ કરવી પડી હતી. તેમણે સ્વદેશી, બહિષ્કાર અને રાષ્ટ્રીય શિક્ષણને આ પ્રતિકારશક્તિ કેળવવાના સ્તંભ માન્યા. ગાંધીએ આ બધાને અહિંસાનો આધાર આપી પ્રેમપ્રવણ બનાવ્યા.

ગાંધીએ સામાજિક વ્યવહારમાં પ્રેમને કલાનું સ્વરૂપ આપ્યું. ગાંધીએ એક વ્યાખ્યાનમાં પોતા વિષે કહેલું કે, 'હું અહિંસાનો કળાકાર છું.' આ અહિંસાની કળા એટલે શું ? અહિંસા એટલે Consideration - બીજાની સ્થિતિનો વિચાર, Courtesy - શિષ્ટતા અને Identification - તાદાત્મ્ય. પણ આ ત્રણથી પણ ગાંધીને સંતોષ ન થયો. તેણે કહ્યું કે આ તો ટુકડા છે. પ્રેમની કળાનું શિખર તો અમલ છે. જે પ્રેમ પ્રત્યક્ષ ક્રિયામાં પરિણત નથી થતો તે નિષ્ફળ અને નિષ્પ્રાણ છે.

આ દૃષ્ટિએ ગાંધીના જીવનના બે પ્રસંગોને મૂલવીએ : દક્ષિણ આફ્રિકામાં જાતે અપમાનિત થયા પણ પોતાના પ્રતિશોધને, પ્રતિકારને પોતા સુધી સીમિત ન રાખ્યો. માત્ર વેરના બદલાની જ આશા હોત, પ્રતિક્રિયાત્મક ભૂમિકા જ ન હોત, તો તે વ્યક્તિગતરૂપે મેળવી શકાત. પણ જે અનુભવ થયો, ચિત્ત પર જે આઘાત થયો તેનું પરિણામ સામાજિક પ્રતિક્રિયારૂપે આવ્યું. તેઓ કહેતા કે માણસ માણસ વચ્ચેની કાયમી દુશ્મનાવટ હું કલ્પી જ શકતો નથી. આ કોઈ સિદ્ધાંત, dogma કે પ્રિન્સિપલ નથી. આ તો અંતરની ભૂમિકા છે, જીવનનું ઉપાદાન છે. એટલે ગાંધી અપમાનિત થયા પછી જે કાર્ય થયું તે વ્યક્તિગત નહીં પણ સાર્વજનિક હિતરૂપે પરિણત થયું.

બીજો પ્રસંગ જોઈએ. ઓરિસ્સામાં ફરતાં ફરતાં ભીષણ ગરીબી જોઈને એમણે એમનું પહેરણ ફેંકી દીધું, આમાં જરૂરિયાતથી વધુ કપડાં ન પહેરવાં એવો પ્રશ્ન ન હતો. સંન્યાસી જે રીતે કપડાંનો ત્યાગ કરે છે કે કપડાંનો રંગ બદલે છે તેવું આ નથી. આદર્શ, વિચાર, તત્ત્વજ્ઞાન કે દર્શનને અનુરૂપ બનવા હું કપડાં બદલું એ જુદી વાત છે. અહીં તો એક માણસને ઠંડીથી બચવા એક ચીંથરું નથી તે જોઈને પોતાનાં કપડાં ખૂંચવા માંડે છે એટલે કાઢીને ફેંકી દે છે. હું પણ કપડાં કાઢી નાખું તો ગાંધીનું અનુકરણ કર્યું કહેવાય. તેમાં વેદના નથી. કરુણામાંથી ઊભી થતી અંતઃસ્ફૂર્તિ નથી. એ જ રીતે એમની રાજનીતિમાં પણ બધાં આંદોલનોનો મૂળ સ્રોત કરુણાનો છે. ભૂતદયા - જીવદયા કે કરુણામાં ફેર છે. બીજાનાં દુઃખે દુઃખી, એવી વાત નથી. પણ બીજા જીવો સાથે એકાત્મતાના અનુભવને કારણે દુઃખ થાય છે પણ કોઈ દુઃખી હોવું જોઈએ એવું માનતો નથી.

રાજનીતિનું સામાન્ય સૂત્ર એ રહ્યું છે કે, આજનો મિત્ર કાલનો શત્રુ હોઈ શકે છે માટે સાવધાન રહો. એવી રીતે આયોજન કરો કે કાલે તે સાચેસાચ શત્રુ થાય તો પણ તમને નુકસાન ન થાય. ગાંધીએ આ વાત ઊલટાવીને કહી કે આજનો મિત્ર કાલનો શત્રુ થઈ શકે તો આજનો શત્રુ કાલનો મિત્ર પણ થઈ શકે, એટલે વિશ્વાસપરાયણ બનો. અને આજે જ એવું આયોજન કરો કે એ શત્રુ મિત્ર બની જાય. આ જ કારણે બીજા વિશ્વયુદ્ધમાં સેન્ટ પોલના કેથેડ્રલ પર બૉમ્બ પડી શકે, એ જાણીને એમની આંખમાં પાણી આવ્યાં. આ કોઈ વૈચારિક પ્રેરણા ન હતી : હૃદયની ભાવના હતી. ગાંધીની વિભૂતિનું આ કરુણા એ ઉપાદાન હતું.

આવી મહત્તા હોવા છતાં ગાંધી સામાન્ય મનુષ્ય જ હતા. એણે કેટલીયે ભૂલો કરી, પણ થયેલી ભૂલો એણે જાહેર પણ કરી, ત્યાં જ એની વિશેષતા છે. આપણે ભૂલો કરીએ ખરા પણ કહેતાં શરમાઈએ. સંત કોને કહેવાય એ વિષે કોઈએ લખ્યું છે, He is a sinner who is dead, edited and revised. સંત એ મૃત્યુ પામેલો છતાં ફરી વાર સંપાદિત થયેલો પાપી છે. આપણામાં ભલે એનો આકાર ન આવે પણ આપણામાંથી કોઈ પણ ગાંધી જેવા સંત થઈ શકે. એટલે જ ગાંધીએ કોઈને અનુયાયી નહીં, સૌને સાથી જ કહ્યા છે. છતાં સૌ સાથે સ્નેહનો સંબંધ એવો રાખતા કે તેમની પાસે ગમે તેવી અપેક્ષા રાખી શકાતી. કારણ કે તેઓ પોતાનો વિચાર સૌથી છેલ્લો કરતા. એક બાજુથી તેઓ કહેતા કે, 'હું અહિંસાનો કલાકાર છું.' તેમ બીજી બાજુથી એમ પણ કહેતા કે, 'સાચો અહિંસક એક પણ હોય તો સ્વરાજ અવશ્ય મળે. પણ હું એવો નથી કેમ કે હું તો અનંત દોષોથી ભરેલો છું.'

અમૃતસરની કૉંગ્રેસ વખતે જલિયાંવાળા બાગ અત્યાચાર માટે સરકારને વખોડવાનો ઠરાવ આવ્યો ત્યારે ગાંધીએ કહ્યું કે, 'લોકો તરફથી જે અત્યાચારો થયા તેનો પણ દુઃખપૂર્વક હૃદયથી વિરોધ કરવો જોઈએ.' રાજકારણી લોકોએ કહ્યું : 'આ માણસ રાજનીતિ સમજતો નથી. આથી તો અંગ્રેજોના અત્યાચારનું સમર્થન થાય.' ગાંધીને મન પોતાની નાની ભૂલ હોય તો પણ મોટી છે અને તેનું પ્રાયશ્ચિત્ત થવું જોઈએ. આ વાતનો ઉલ્લેખ કરીને 'India' પત્રનાં સંપાદિકા શ્રીમતી હેલેના નાર્મેન્ટને લખ્યું કે, 'ગાંધીની આ વાત ગોલ્ડન રુલથી પણ આગળ છે. ગોલ્ડન રુલ તો એમ કહે છે કે જેવો વ્યવહાર તમને મળે તેવો વ્યવહાર તમે બીજા સાથે રાખો. ગાંધીએ કહ્યું કે બીજા પાસેથી જેવા વ્યવહારની તમે અપેક્ષા રાખો છો તેના કરતાં વધારે સારો વ્યવહાર કરો અને પ્રારંભ તમારાથી જ કરો.' મનુષ્ય મનુષ્ય વચ્ચે કાયમી શત્રુતા ન હોઈ શકે એવી અદમ્ય શ્રદ્ધા હતી માટે જ ગાંધી આગળ જઈ શક્યા.

આજે ચીન-પાક સંઘર્ષ સમયે આપણા દેશમાં આ વાતની અત્યંત આવશ્યકતા છે. આજનું યુદ્ધ સંરક્ષણાત્મક છે, આપદ્ ધર્મ છે તે બધું ઠીક છે. મહાપુરુષોનાં વચનોનો આધાર અનેક બાબતો માટે મેળવી શકાય છે તેમ ગાંધીનાં વચનોનું સમર્થન યુદ્ધ માટે પણ મેળવી શકાય છે. દ.આફ્રિકામાં ગાંધીજીને માર પડ્યો ત્યારે એમના જયેષ્ઠ પુત્રે એમને પૂછેલું કે જો હું ત્યાં હાજર હોઉં તો મારો ધર્મ શો ? ભાગી જવું, જે બને તે જોયા કરવું કે પ્રતિકાર કરવો ? ત્યારે ગાંધીજીએ કહેલું કે કાયર થઈને ભાગી જવા કરતાં હિંસક પ્રતિકાર કરીને મરી જવું સારું. I do belive that where there is choice between cowardice and violence, I choose violence. એમણે એમ પણ કહેલું કે, ''ભારતવર્ષ શસ્ત્ર ધારણ કરે અને તાત્કાલિક વિજય પણ મેળવી લે. પણ મારા હૃદયમાં ભારતનું જે સ્થાન છે તે એ વખતે નહીં રહે.'' ''મારી દિશા

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારતમાં યુવાનોને ભરખી જાય છે, આત્મહત્યા !

અખબાર ખોલીએ કે ટીવી ઉપર સમાચાર જોઈએ તો આંખે ઊડી વળગે છે અને આંખ ભીંજવી દે છે, યુવાનોની આત્મહત્યા. ભારતમાં ૧૫ થી ૨૯ વર્ષનાં યુવાનો અને યુવતીઓના મોતનું સૌથી મોટું બીજું કારણ છે આપઘાત. વર્ષ ૨૦૨૦-૨૨માં આ વયજૂથના પ્રત્યેક ૬ મૃત્યુમાંથી ૧ મૃત્યુ આત્મહત્યા કરવાથી થયું એ મોટી ચિંતાનો વિષય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે વિશ્વમાં ૧૫ થી ૨૯ વર્ષનાં યુવાનોમાં આત્મહત્યા ત્રીજું સૌથી મોટું કારણ બની ગયું છે. આમ ભારતનાં યુવાનો હોય કે વિશ્વનાં, અનેક કારણોસર આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દે છે. એ ૨૧મી સદીની તસવીર અને તાસીર છે. નોંધનીય એ છે કે મૃત્યુનાં મહત્ત્વનાં ૧૦ કારણોમાં આત્મહત્યા ક્યાંય નથી પણ યુવાનોને એ ભરખી જાય છે. મૃત્યુના ૧૦ મોટાં કારણોમાં હૃદયરોગ પ્રથમ સ્થાને છે. ત્યારબાદ શ્વાસને લગતાં રોગો અને કેન્સર આવે છે. એવું તો શું બને છે કે જીવનની શરૂઆત થાય ત્યારે જ તેનો પોતે જાતે અંત લાવી દે એવી સ્થિતિ આવી પડે છે.

**ભારતમાં યુવાનો (૧૫ થી ૨૯ વય)માં મૃત્યુનાં કારણો (ટકા)**

| કારણ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| આત્મહત્યા | ૧૬.૩ | ૧૮.૨ | ૧૭.૧ |
| રોડ અકસ્માત | ૨૨.૨ | ૫.૬ | ૧૫.૬ |
| હૃદયને લગતાં | ૯.૬ | ૧૦ | ૯.૮ |
| જુદી જુદી ઈજાઓ | ૧૦.૪ | ૬.૧ | ૮.૭ |
| પેટને સંબંધિત | ૬.૫ | ૬.૪ | ૬.૪ |
| શ્વાસને સંબંધિત | ૪.૧ | ૬ | ૪.૮ |
| અન્ય તમામ કારણો | ૩૦.૯ | ૪૭.૮ | ૩૭.૫ |

સંદર્ભ : સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ, ૨૦૨૦-૨૨

સ્ત્રી અને પુરુષનો તફાવત જોઈએ તો યુવાનોમાં યુવકો કરતાં યુવતીઓમાં આત્મહત્યાનો દર વધુ નોંધાયો છે. લેખના કોષ્ટકમાં જોશો તો સ્પષ્ટ થશે કે યુવકોમાં ૧૬.૩ ટકા અને યુવતીઓમાં ૧૮.૨ ટકા છે. છેલ્લા વર્ષોમાં યુવા સ્ત્રી-પુરુષોમાં આ તફાવત ઘટતો ગયો છે જેમ-કે વર્ષ ૨૦૧૦- ૧૩ માં તે ૨૧.૮ ટકા (સ્ત્રી) અને ૧૫ ટકા (પુરુષ) હતો. વળી એ પણ નોંધીએ કે વર્ષ ૨૦૨૦-૨૨ માં દેશમાં કુલ મૃત્યુમાં ૧૫-૨૯ વયજૂથનું મૃત્યુપ્રમાણ માત્ર ૫ ટકા જ હતું. અર્થાત્ યુવાનોમાં મૃત્યુ ઘણાં ઓછાં થાય છે પણ જે મૃત્યુ થાય છે એમાં ૩૨ ટકા તો માત્ર આત્મહત્યા અને રોડ અકસ્માતમાં થાય છે. અર્થાત્ મોટા રોગો યુવાનોને ભરખી જાય તેના કરતાં તેઓ પોતે જ પોતાનો અંત લાવવા આત્મહત્યા કરે છે એ ચિંતાજનક છે.

આ આંકડાઓને વધુ સ્પષ્ટ કરવા એ જાણવું જરૂરી છે કે યુવાનો મુખ્યત્વે કયાં કયાં કારણોસર આપઘાત કરે છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ પ્રમાણે ૧૮ થી ૩૦ વર્ષના યુવાનોમાં આત્મહત્યાનું સૌથી મોટું કારણ કૌટુમ્બિક સમસ્યાઓ( ૩૨.૪ ટકા) છે. ત્યારબાદ પ્રેમ સંબંધો (૮ ટકા), લગ્ન સંબંધિત (૭.૫ ટકા), માનસિક બીમારી (૭.૪ ટકા) અને નશીલા પદાર્થોનું સેવન (૫.૨ ટકા) છે. અત્રે ચિંતાજનક એ છે કે યુવાનોમાં લગ્ન સંબંધી કારણોમાં ૨૮ ટકા આત્મહત્યા દહેજને કારણે થાય છે. જેનો ભોગ બનનારમાં ૯૩ ટકા યુવતીઓ છે. આમ આજે પણ દહેજ યુવતીઓમાં અપમૃત્યુ માટેનું મોટું પરિબળ છે. અર્થાત્ આ સમસ્યા ઘટવાને સ્થાને વધી રહી છે.

ભારતમાં યુવાનોની મોટી સંખ્યા છે એ ધ્યાનમાં રાખીએ તો પણ વિશ્વમાં સૌથી વધુ યુવા આત્મહત્યા ૨૦૨૧ ના માત્ર એક જ વર્ષમાં (૬૦,૭૦૦ થી વધુ) ભારતમાં નોંધાઈ છે. SSM- Mental Health નામના સંશોધન સામયિકના ડિસેમ્બર ૨૦૨૩ ના અંકમાં યુવાનોમાં આત્મહત્યા સંબંધી એક અભ્યાસ પ્રકાશિત થયો હતો. આ અભ્યાસમાં પુણેની પબ્લિક હૉસ્પિટલમાં આત્મહત્યાનો પ્રયાસ કરનાર ૪૭ વ્યક્તિઓ (૧૫-૨૯ વયજૂથ) પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમાં એવું જાણવા મળ્યું કે આત્મહત્યાના પ્રયાસ પૂર્વે બનેલા તણાવયુક્ત આંતર વૈયક્તિક સંબંધો જવાબદાર હતા. યુવાનોની આત્મહત્યામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ છેલા વર્ષોમાં ચિંતાજનક રીતે વધતું ગયું છે. આ વાસ્તવિકતા ગયા વર્ષે (૨૦૨૪) નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના રિપોર્ટ Student suicides : An epidemic sweeping India માં ઊભરી આવી છે.

('ફૂલછાબ'માંથી સાભાર) **- ગૌરાંગ જાની**

**ધર્મવિચાર અને ગાંધીજી...** (પાન ૧૦નું ચાલુ)

તો નિર્વૈરતાની જ હશે. તમે પ્રતિકાર શસ્ત્રોથી પણ કરી શકો છો. પણ મારો પુરુષાર્થ તો શસ્ત્રનિરપેક્ષ જ હશે.'' શહીદ વીર મેકસ્વીનીનું આ વાક્ય બાપુની વાતને વધુ તેજસ્વી રીતે વ્યક્ત કરે છે, ''એક સશસ્ત્ર માનવીને દસ સશસ્ત્ર માનવી હરાવી શકે છે, દસને વીશ, વીશને સો હરાવી શકે છે. પણ આખી દુનિયાનાં બધાં જ સશસ્ત્ર દળો ભેગાં મળે તો પણ એક આત્મવીરને હરાવી શકતાં નથી.''

આજની આપણી જરૂર એક બાજુ આત્મનિર્ભરતાની છે, તો બીજી બાજુ આપણા નાગરિકમાં જેટલી આકાંક્ષા છે તેટલા પ્રમાણમાં આત્મવિશ્વાસની ખામી છે. આથી આપણો પ્રત્યાઘાત ક્રોધના રૂપમાં વ્યક્ત થાય છે. પણ ક્રોધ એ ભયનો જ એક ભાગ છે. તો આપણે કરવા એ માગીએ છીએ કે ભય તો ઈશ્વરનો જ હોય. આપણા વિકારો આપણે બ્રહ્માર્પણ કરી દઈશું. આમાં ભયની પણ આહુતિ આપીશું. સમાજમાં આજે નિર્ભયતાની જરૂર છે. મનુષ્યે મનુષ્યથી ડરવાની કશી જરૂર નથી.

આ ગાંધીની ભૂમિકા હતી અને આજે પણ છે. મેં એમની વિચારણાનું એક પાસું આપની પાસે રજૂ કર્યું.

('શાશ્વત ગાંધી' માંથી સાભાર) **- દાદા ધર્માધિકારી**

(નાનાભાઈ સ્મારક વ્યાખ્યાનમાળા : ૧૯૬૬, લોકભારતીમાં આપેલાં ત્રણ પ્રવચનો પૈકીનું પ્રથમ વ્યાખ્યાન)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ક્યારે આઘા કરશું આવા અંધ રીતિ-રિવાજોને ?

''હીરજીભાઈ ! આવતી કાલે તમારે બેય જણાએ અમારી હારે ખરખરે આવવાનું છે.'' સવારના પહોરમાં પાડોશી ભાઈ ભગાએ આદેશ કર્યો. પ્રસંગ છે ૧૯૭૨ની સાલનો. જ્યારે અમે અમારા જૂના ગામ ચોસલામાં રહેતા હતા ત્યારનો.

''કેમ, કોણ ગુજરી ગયું ?''

''અમારી બહેનના જેઠ. મોઢાનું કેન્સર થઈ ગયું હતું. ખર્ચો ખૂબ કર્યો તો. બે વાર તો ઓપરેશન કરાવ્યું તું. તોય બચ્યા નહીં. કુટુંબ પાછું પૈસે ટકે બહુ સુખી છે. એટલે ખરખરે આવનારા બધાને જમી કરાવીને જ જવા દેવાના - એવી 'ગળી કાણ્ય'ની ગોઠવણ કરી છે.'' આટલું કહી, ભગાએ વાતમાં ઉમેરણ કર્યું કે ''અને અમારી બેને પાછું કેવરાવ્યું છે કે સાવ બે-ચાર જણા નહીં. ક્યાંક્ય ઠીક સંખ્યામાં મારા પિયરયાનું - એટલે કે તમારા બધાનું હારું દેખાય એટલા જણા કાણ્ય લઈને આવજો. એટલે તો વીહક જણાએ ખરખરે જવું એવું ગોઠવ્યું છે. તમે બેય તયાર રહેજો.'' આટલી વાત કરી ભગો અન્યોને કાણ્યમાં આવવાનું કહેવા ઊપડી ગયો.

અમારા પાડોશી ભગાએ દીધેલ કાણ્યના સમાચાર વિષે આગળ વિચારીએ. તો પહેલી વાત તો એ કે ભગો ૨૦ જણાની કાણ્ય લઈ તેની બહેનના જેઠને ઘરે જવાનું ગોઠવી રહ્યો હતો. તેઓમાંથી તેની બહેનના જેઠને કે એના કુટુંબને નજીકથી ઓળખતા હોય એવા જણની સંખ્યા કેટલી ? બહુ બહુ તો ભગો, એનાં પત્ની, અને એનાં મા-બાપની હાજરી હોય તો એ બે - એટલા નજીકના જણ ગણાય. એટલાને એમની બહેનના ઘર માથે આવી પડેલ દુઃખનું થોડુંક્ય દર્દ હોય ! પણ બાકીના ૧૬-૧૮ જણા કે જેઓમાંથી કોઈને પણ એ કુટુંબ સાથે ઓળખાણ-પિછાણ નથી એવાને દાડિયા કરીને કાણ્ય કરાવાનો મોભો દેખાડવા જવું કેટલું વ્યાજબી ગણાય?

અને માનો કે કોઈ કુટુંબમાં દીકરી દુઃખાણી હોય કે કોઈ ભાણેજ-ભત્રીજા જેવી નાની ઉંમરવાળી વ્યક્તિનું અવસાન થયું હોય ત્યારે તે વધુ દુઃખદાયક ઘટના ગણાય. આવે વખતે ખરખરે આવનારા પુરુષો માથે ફાળિયાં ઓઢી, ઊંચા રાગે ઓ....હો...હો...ના અવાજો કરતા કરતા ઘેર આવવાનો રિવાજ છે. આવા અઘટિત પ્રસંગે નજીકનાં સગાં-સંબંધીને દુઃખ હોય જ. એ સમજાય તેવી વાત છે. પણ માથે ફાળિયાં ઓઢી બજારેથી લાંબા રાગે રોક્કળનો દેખાડો કરવા કરતાં ઘેર દુઃખી લોકોની સાથે બેસી ખરખરો (ખરખરાનો ખરો અર્થ તો 'ખોંખારો' એવો થાય. ''મૂંઝાશો નહીં, અમે તમારી સાથે છીએ.'' એવો સધિયારો આપવાનાં આ વેણ છે.) કરવાથી દુઃખ હળવું કરી શકાય છે.

વળી બહેનો તો બજારેથી છાતી કૂટતાં કૂટતાં અને મોટે મોટેથી રડતાં રડતાં આવતાં હોય એવું દૃશ્ય તો સામાન્ય બની ગયું છે. પણ કોઈ કોઈ પ્રસંગે તો વધારામાં આંગણામાં આવી જાણે રાસ લેતા હોય એ રીતે કૂદતાં કૂદતાં ''મરશિયા'' (દુઃખને વધુ ઘાટું બનાવનારાં ગીત, અને એવાં ગીત ગવરાવનાર નિષ્ણાત સ્ત્રીને પાછી સાથે લાવેલ હોય)ની રમઝટ બોલાવે બોલો ! જૂઓ તો ખરા, ખરખરે જનાર સ્ત્રી-પુરુષો ત્યાંનું દુઃખ હળવું કરાવવા, કુટુંબીજનોને દિલાસો દેવા, અને દુઃખ કાપવામાં અમે તમારી સાથે છીએ તેવો હૂંફ-હોંકરો આપવા જતાં હોઈએ છીએ કે આવાં રોણું લાવનારાં કરુણ ગાણાં ગાઈ ગાઈ દુઃખને વધુ ઘાટું બનાવવા?

વળી અમારા પાડોશી ભગાએ જે ''ગળી કાણ્ય''ની વાત કરી એ બાબતે તમે જ વિચારો ! મૃત્યુની પાછળ મિજબાની ! એ કેટલે અંશે વાજબી ગણાય ? હા. દીકરા-દીકરીના લગ્નનો પ્રસંગ હોય, તો એ આનંદનો પ્રસંગ ગણાય. આવા ટાણે સગાં-સંબંધીઓ આપણા આમંત્રણને માન આપી સૌ આવતાં હોય, આવા ટાણે માપસરના મિષ્ટાન્નવાળું જમણવાર ગોઠવ્યું હોય તો ભલે હરખથી સૌ જમે. એ સમજાય તેવી વાત છે. પણ માનો કે સાવ વૃદ્ધ માવતરનું મૃત્યુ થયું હોય તો પણ કાણ એ કાણ છે. મૃત્યુ એ તો કુટુંબ માટે દુઃખદાયક ઘટના જ ગણાય ! દિલાસો-ખોંખારો આપવા સગાંવહાલાં કે મિત્રો-સંબંધીઓ આવે તો ભલે આવે. જોકે હવે પુરાણા રીતિરિવાજોમાં થોડા બદલાવ આવ્યા છે એ મુજબ મોટાભાગે તો ખરખરે આવનારા બધા પોતપોતાનાં વાહનો લઈને આવવા લાગ્યા છે, જેથી બપોરા કરવા કોઈ રોકાતું નથી. અને માનો કે છતાં રોટલાટાણું થઈ ગયું હોય તો ઘટનાની સાથે શાક-રોટલા-જેવું જે સાદું ભોજન જમતા હોઈએ તેવું જમાડી દેવાય તો એ વિવેકસભર જ વ્યવસ્થા કરી ગણાય.

આગળ વાત કરીએ તો અવસાન થયા પછી ૧૧ કે ૧૨ દિવસ કે કોઈ કોઈ કુટુંબોમાં ૫-૭ કે ૯ દિવસે ''પાણી ઢોળ''ની વિધિ રખાતી હોય છે. જેમાં મૃત્યુ પામનારના મોક્ષાર્થે ઘેર ખાટલો કળપવાનો અને ગાયને ગળે સાતધાનિયું ટિંગાડી એને પૂંછડે કુટુંબના દરેક સભ્યે પાણી રેડવાનું ! પૂછીએ તો કહે, ખાટલો કળપવામાં ખાટલો અને એના પર મૂકેલ બધી વસ્તુઓ - ગાદલું, ગોદડું, ઓશીકું, ચાદર, છત્રી, ચંપલ, દાદા હોય તો લાકડી અને દાદી હોય તો નાકે સૂંઘવાની બજરની દાબડી તથા ફળફળાદિ જેવું બધું કળપવામાં મુકાયું હોય તો બધું ત્યાં પહોંચે અને મૃતાત્માને વાપરવામાં અનુકૂળતા રહે.

આમ તો આપણે બધા જાણતા હોઈએ છીએ કે દેહ પોતે કશું સાથે લઈને જન્મ લેતો નથી અને કશું સાથે લઈને જતો નથી. તો પછી આ 'ખાટલો કળપવા'નું ભૂત લોકમાનસમાં ક્યાંથી ભરાઈ ગયું તે સમજાતું નથી. હા, એ બહાને બ્રાહ્મણ અને ગરીબ ગુરબાંને આ વસ્તુઓનું દાન થઈ રહ્યું છે - એટલી વાત સાચી. પણ આ બધી વસ્તુ મૃતાત્માને મળી રહેશે એવી ભ્રમણામાં રહેવું કેટલા અંશે વાજબી ગણાય ?

અને ગાયને પૂંછડે પાણી શું કામ રેડવું ? તો કહે એવું કરવાથી કુટુંબના સભ્યોએ ગાયને પૂંછડે રેડેલ પાણી મૃતાત્માને પોંગ્ય થાય છે અને વધારામાં વૈતરણી પાર કરવામાં પણ મદદરૂપ થાય છે. બોલો! ગાયના પૂંછડે રેડેલ પાણી પોગ્ય થાય ? કે માતપિતા જ્યાં સુધી જીવતાં હતાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યાં સુધી એની જરૂરિયાત મુજબ એ માગે ત્યારે પાણી પાયું હોય તો પોગ્ય થાય ? બાકી વૈતરણી કોણે કોણે ભાળી છે બોલો! મૃત્યુ પામેલ દેહને તો અગ્નિસંસ્કાર-ભૂમિસંસ્કાર કે જળસંસ્કાર જે જેને મનગમતી વાત હોય તે મુજબ આપી દેવાય છે. પણ એ દેહમાંથી આત્મા ક્યાં ગયો એ કોઈ જાણી શક્યું છે ખરું ? એ બધું સંતો-જ્ઞાનીઓ અને પ્રકૃતિ-કુદરત ઉપર છોડીએ. આપણે તો ગાયને પૂંછડે પાણી રેડવાને બદલે એને મોઢે ચોખ્ખું પાણી પાઈએ અને પેટ પૂરણ ખાણ-ચારો મળે એવું કરવાનું નીમ લઈએ તો સાચું તર્પણ થયું ગણાય.

બીજાની પછી, પહેલાં અમારા કુટુંબની જ વાત કરું તો અમારા બાપા ભીખાભાઈ હૃદયરોગના હુમલાથી બહુ નાની ઉંમરમાં (૪૫ વરસના) જ્યારે અમે ચોસલા ગામે રહેતા હતા ત્યારે ૧૯૬૭ની સાલે અવસાન પામ્યા. તે દિવસોમાં તો અંધશ્રદ્ધા સોળે કળાએ ખીલેલી હોવા છતાં ખરખરે આવનારને બજારેથી ગૂડો વાળી રોતાં રોતાં નહીં આવવાની સૂચના આપી રાખેલ હતી. અને કોઈ કોઈને વળી ચોસલા તો હતું અંતરિયાળ ગામડું, જ્યાં તે દિવસોમાં કોઈ બસ વ્યવહારો તો શું, ત્રણ પૈંડાં વાળી રિક્ષા યે દુર્લભ હતી, એટલે ખરખરે આવવામાં મોડું થઈ જતું. એવે વખતે તેઓને અગવડ ન પડે એટલા માટે અમારી સાથે રોટલા-શાકનું સાદું ભોજન કરાવીને જ વિદાય આપતાં.

અને માલપરા રાહેણાક કર્યા પછી અમારાં બા ૮૫ વરસની ઉંમરે (૨૦૦૯ની સાલે) પોતાની ત્રીજી પેઢીનાં બાળકોને રમાડીને અવસાન પામ્યાં. તો અમે નથી ખાટલો કળપ્યો, નથી ગાયને પૂંછડે પાણી રેડ્યું, કે નથી બારમું-તેરમું કરી સૌને લાડવા જમાડ્યા. ખરખરે આવનારા સૌ સાથે રોટલાટાણું થયે સાથે બેસી સાદું ભોજન જમ્યા છીએ. હા, યથાશક્તિ બ્રાહ્મણ-ગરીબગુરબાને દાન-દક્ષિણાનો સાદો વ્યવહાર ઘરની બહેનોએ કરેલો. અને અમારાં માતા-પિતાએ પોતાની આગવી દૃષ્ટિથી અમ સંતાનોને શિક્ષણ સાથે સુસંસ્કાર પણ મળે એ અર્થે પૂ.માટલિયાભાઈએ સ્થાપેલી વાત્સલ્યધામ લોકશાળામાં ભણાવ્યા હતા. એટલે આ શાળામાં માતા-પિતાની 'ગુણ સ્મરણ સ્મૃતિ' રૂપે ૩ અભ્યાસખંડ બનાવી દઈને તર્પણ કર્યું છે.

સુરતમાં મારા મુરબ્બી મિત્ર શ્રી રામજીભાઈ ઈંટાળિયા રહે છે. એમનું આખું કુટુંબ આવાં ચોઘડિયાં-શુકન-અપશુકન-મુહૂર્ત-કાણ્ય-કારજ-ભૂવા-ડાકલા જેવા હંબક રીતરિવાજોમાં બિલકુલ માનનારું નહીં. એમના પિતાજી પૂરી ઉંમરે અવસાન પામ્યા. એમના કુટુંબને હું બહુ નજીકથી ઓળખું છું. મેં કાયમખાતે જોયા કર્યું છે કે આખું કુટુંબ એ બાપુજીની ખડે પગે સેવામાં રહ્યું હતું. બાપુજીને પૂરી રીતે પ્રસન્ન રાખતા હતા. એમના અવસાન પછી તેઓએ નથી ખાટલો કળપ્યો, નથી ગાયને પૂંછડે પાણી રેડ્યું. અરે, એ તો પૈસે ટકે પહોંચતું કુટુંબ હતું, છતાં ગળી કાણ્ય નથી ગોઠવી ! અને તમે માનશો ? એમણે પિતાજીના અવસાન નિમિત્તે 'બેસણું' જ બંધ રાખેલું બોલો ! હા, સ્નેહી-સંબંધી-મિત્રોને જાણ કરી દીધી કે ''અમારા પિતાશ્રીનું પૂરી ઉંમરે અવસાન થયું છે, તેની જાણ કરીએ છીએ. કોઈએ કાણ્ય નિમિત્તે ધક્કો ખાવાની જરૂર નથી.'' સમાજે આવા કુટુંબનો દાખલો લઈ અને એ પ્રમાણે અમલ ન કરવો જોઈએ?

બે વર્ષ અગાઉ તા. ૧૮-૭-૨૦૨૩ના રોજ અમારા બંધુ સમાન ભાઈ શ્રી મહેન્દ્રભાઈ બલર (સુરત)નાં માતુશ્રીએ પૂરાં ૧૦૦ વરસનું આયુષ્ય પૂર્ણ કરી દેહ છોડ્યો. એ જડીબાનાં ૪ દીકરા-વહુવારુ અને બાળકોથી હર્યુંભર્યું પૂરી રીતે આર્થિક સંપન્ન કુટુંબ હોવા છતાં બેસણું-ગળીકાણ્ય-ખાટલો કળપવો કે ગાયને પૂંછડે પાણી રેડવાના રીતિરિવાજની તો વાત જ નહીં. અને ''લૌકિક ક્રિયા પણ બંધ રાખેલ છે'' એવા સંદેશા સાથે ચારેય ભાઈઓ અને તેમની પત્નીઓના મોબાઈલ નંબરો જણાવી તા. ૨૦-૭-૨૦૨૩ના ૮ થી ૧૨ વાગ્યા સુધીનો સમય લાગતાં-વળગતાં સૌને ટેલિફોનિક ખરખરાનો સમય જણાવી દીધો બોલો !

આગળ કહું તો અમારા ગામ માલપરામાં પૂ. માટલિયાભાઈ અને તેઓની સાથેના સહકાર્યકરોના ૨૫-૩૦ વર્ષના જીવંત તપ થકી ''શિક્ષણ દ્વારા ગ્રામોત્થાન''ના ધ્યેય સાથે ગ્રામસમાજમાં સંસ્કાર-સમૃદ્ધિને લગતી કેટલીક ઉદાહરણીય પ્રણાલીઓ અમલી બની છે, એમાંની એક પ્રણાલી ''મૃત્યુ પાછળના કારજ-દાડા બંધ''ની પણ છે. માલપરામાં મોટી વસ્તી પટેલોની, અને પટેલ સમાજમાં એવો જ શિરસ્તો કાયમી દઢ થઈ ગયો છે કે ''મૃત્યુ'' એ મૃત્યુ છે. તેની પાછળ મિજબાની ન હોય ! અને દરેકના મનમાં પાછી પૂરી સમજણ કે ''કારજ'' બંધ રાખવા પાછળનો અર્થ એવો પણ નથી કે એ નિમિત્તે કરવા પડતાં ખર્ચમાંથી છુટકારો મળે ! મૃતાત્માની સ્મૃતિ અને સ્મરણ નિમિત્તે એ કુટુંબે પોતે ધારેલ ૫-૨૫ કે ૩૦-૪૦ હજાર રૂપિયાના ખર્ચની રકમ ગામના કોઈ સુવિધા કે સંસ્કાર-કાર્ય, જેવા કે-પાણીનું પરબ, હવાડા ઉપર છાંયો, સ્નાનઘાટ, સ્મશાનઘાટ, બાલમંદિર, પ્રા.શાળા કે લોકશાળામાં યથાશક્તિ આપી સામાજિક ફરજ નિભાવ્યાનો પણ સંતોષ અનુભવે છે.

જોકે પહેલાંની જેમ હવે કેટલાક સમજદાર કુટુંબો મૃત્યુ દિનથી શરૂ કરી ૧૧ કે ૧૨ દિવસો સુધી ખરખરો અને કાણ્ય ચાલુ રાખતાં એની જગ્યાએ માત્ર એક કે વધીને બે દિવસ પૂરતું જ બેસણું અને હવે તો એથી પણ આગળ આવી માત્ર ''ટેલિફોનિક ખરખરો'' અને એ પણ એક દિવસ - નિર્ધારિત કરેલ કલાકો દરમ્યાન જ કરવાનો એવો શિરસ્તો ચાલુ થઈ ગયો છે.

મિત્રો અને મુરબ્બીઓ ! સમાજમાં સૌની આર્થિક સ્થિતિ સમાન હોતી નથી. કેટલાંક પૈસેટકે પહોંચતાં કુટુંબ કારજદાડાના પ્રોગ્રામો ભવ્ય રીતે કરી રહ્યાં છે ત્યારે મધ્યમવર્ગનાં કુટુંબોને આટલો બધો ખર્ચ કરવાની હેસિયત ન હોઈને તે કુટુંબ મનથી મૂંઝારો-નાનપ અનુભવે છે. તથા સમાજમાં સૌની હરોળમાં રહેવા - કહોને, કુટુંબની સામાજિક આબરૂ બચાવવા (જેમ 'ધણ વાંહે ઢાંઢી ઢસડાય' તેમ) તેને પણ માથાભારે ખર્ચ કરવાની ફરજ પડે છે. અને એ દાડા-કારજ પાછળ કરેલ લખલૂંટ ખર્ચની કળ વળતાં એ કુટુંબને વરસો લાગી જાય છે. આવું ન થવું જોઈએ, એવું જો લાગતું હોય તો ઉપર દાખલા આપ્યા તે શ્રી રામજીભાઈ ઈંટાળિયા અને શ્રી મહેન્દ્રભાઈ બલરના કુટુંબની જેમ સાદાઈથી પ્રસંગ પૂર્ણ કરી દાખલો બેસાડવો જોઈએ. તો જ ધીરે ધીરે અન્ય કુટુંબો પણ આવા અંધ રીતિરિવાજોમાંથી મુક્તિ મેળવતાં થાય.

પંચવટીબાગ, માલપરા, જિ.બોટાદ **– હીરજી ભીંગરાડિયા**
(મો.: ૯૩૨૭૫૭૨૨૯૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

*ગાંધી જયંતી નિમિત્તે :*

# 'રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી'-રાજમોહન ગાંધી



'પ્રસ્તુત ગણો કે નહીં, ગાંધી રસ પડે એવા છે અને રહેશે પણ. કંઈ નહીં તો એમનામાં જે વિરોધાભાસ રહેલો હતો તે લોકોને આકર્ષતો રહેશે.' આ શબ્દો મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધીના છે. ગાંધીના એક અમેરિકન મિત્ર ઈ.સ્ટેનલી જોન્સ લખે છે, 'ગાંધી એકસાથે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય, શહેરી ને ગ્રામીણ, ઇસુ ખ્રિસ્તના ભક્ત અને સનાતની, હિંદુ, સરળ અને મુત્સદ્દી, સ્પષ્ટવક્તા અને વિવેકી, ગંભીર અને રમતિયાળ, નમ્ર અને આગેવાની લેનાર, તીખા અને મીઠા હતા' અને ઉમેરે છે, 'જોકે ગાંધી જે પ્રબળ છાપ છોડે છે તે મીઠાશની નહીં, સામર્થ્યની છે.' આ ઈ. સ્ટેનલી જોન્સે લખેલું મહાત્મા ગાંધીનું ચરિત્ર ડૉ. માર્ટિન લ્યુથર કિંગની એક પ્રેરણા બન્યું હતું.

નેવું વર્ષના રાજમોહન ગાંધી ચરિત્રકાર, ઇતિહાસકાર, રાજનેતા અને અમેરિકાની ઈલીનોય યુનિવર્સિટીના સાઉથ ઇન્ડિયા એન્ડ મિડલ ઇસ્ટ સ્ટડીઝના રિસર્ચ પ્રોફેસર છે. મહાત્મા ગાંધીના પૌત્ર હોવા સાથે તેઓ ભારતના છેલ્લા અને એકમાત્ર ભારતીય ગવર્નર જનરલ અને મહાવિદ્વાન ચક્રવર્તી રાજગોપાલાચારીના દોહિત્ર પણ છે. નાના અને દાદાના નામનું સંયોજન કરીને જ એમનું નામ રાજમોહન રાખવામાં આવ્યું હતું.

આજથી દસેક વર્ષ પહેલાં મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટીમાં આપેલા એક વ્યાખ્યાનમાં એમણે મહાત્મા ગાંધીની વિરાસત વિષે સરસ વાત કરી હતી. આજે ફાધર્સ ડેના દિવસે 'ફાધર ઑફ નેશન'ના વારસાની વાત એમના જ સ્કોલર પૌત્ર રાજમોહન પાસેથી જાણીએ.

તેઓ પ્રશ્ન પૂછે છે, 'ગાંધીની વિરાસત એટલે શું ? જો તેઓ આઇન્સ્ટાઇન, ગોખલે, ટાગોર, નહેરુ, સરદાર, માર્ટીન લ્યુથર કિંગથી માંડીને બરાક ઓબામા એમને વર્ણવે છે તેવા હોય તો એમનું રાષ્ટ્ર એમની હયાતીમાં ભાગલા અને નરસંહારનો ભોગ શા માટે બન્યું ? અને આજે હિંસા, અલગતાવાદ અને ભ્રષ્ટાચારનો શિકાર કેમ છે ? જો માણસની પ્રસ્તુતતા કે વિરાસત તે પોતાની પાછળ કેવું વિશ્વ મૂકીને જાય છે તેના પરથી નક્કી થતાં હોય તો ભારતની આજની સ્થિતિ જોતાં ગાંધીની પ્રસ્તુતતા કે વિરાસત વિષે શું કહીશું ? માણસ તત્કાલીન કે ભાવિ સમસ્યાઓ ઉકેલી શકે તો જ પ્રસ્તુત કહેવાય ? કે પછી જિંદગી વધુ સહ્ય અને રસપૂર્ણ બને એવી કેડી ચીંધે તો પ્રસ્તુત કહેવાય? ગાંધીએ ભારતને બતાવ્યું કે નીચા પડ્યા વિના, અપમાનિત થયા વિના સ્વતંત્રતા કેવી રીતે મેળવી શકાય - આ રીત દરેક પ્રકારની અન્યાય-મુક્તિને લાગુ નથી પડતી ?'

કોઈ મૃત્યુ પામે તો તેની વિરાસત તેનાં સંતાનો રૂપે દર્શાવાય છે. રાજમોહન કહે છે, 'મારી પાસે એવો કોઈ ફોટોગ્રાફ નથી જેમાં ગાંધીજીના બધા વંશજો હોય, પણ જો હોત તો પણ એને હું ગાંધીની વિરાસત તરીકે બતાવી શક્યો ન હોત. એમના વંશજો દેખાવડા છે, ગરિમાપૂર્ણ છે, બુદ્ધિમાન છે, જ્યાં પણ રહે છે ત્યાં એમનું કોઈ પ્રદાન છે, તેમ છતાં ગાંધીની વિરાસત તરીકે એમને બતાવી દેવાથી કોઈ અર્થ સરે નહીં. એટલા માટે, કે 'પહેલાં પરિવાર' એવો ગાંધીનો મુદ્રાલેખ ક્યારેય ન હતો. વંશવારસાના લાભાલાભથી પરિચિત ભારતની પ્રજાએ ગાંધીને ખૂબ માન આપ્યું હતું એનું એક કારણ એ પણ છે કે ગાંધીએ ક્યારેય એમના કુટુંબને પહેલું ગણ્યું ન હતું. ભયાનક તોફાનો વચ્ચે ભારતનું જહાજ હાંકનાર કપ્તાન ગાંધીએ પોતાના કુટુંબ માટે સારામાં સારી આગબોટો રાખી મૂકી ન હતી. એમના નિકટના સાથીઓ પણ એવું માનતા કે ગાંધીજીને મન એમના પરિવારજનો અને દેશવાસીઓ વચ્ચે કોઈ તફાવત ન હતો. એવું હતું પણ, એવું નહોતું પણ. અમે અને અમારા દાદા એકબીજાને ખૂબ ચાહતા. અમને એકબીજા માટે સમય મળવો અઘરો હતો, પણ એથી તો અમારું પરસ્પર આકર્ષણ વધી જતું. અમારા દાદા આખા દેશના હતા એ અમે સમજતા હતા.'

'એટલે અમે વંશજો ગાંધીની મુખ્ય વિરાસત નથી. એમની મુખ્ય વિરાસત બીજે ક્યાંક છે. મને લાગે છે કે ગાંધીની વિરાસત ત્રિવિધ છે. સંઘર્ષના સાધન તરીકે અહિંસા, સ્વતંત્ર ભારત અને આખી દુનિયામાં ફેલાયેલા એમના સાઈન-પોસ્ટ્સ.' એમણે પાંચ નામ લીધાં છે, જેમણે ગાંધી પછી અહિંસાનું શસ્ત્ર વાપર્યું અને જીત મેળવી. આ સાઇન-પોસ્ટ્સ છે ખાન અબ્દુલ ગફારખાન, નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ જુનિયર, દલાઈ લામા અને આંગ સાન સૂ કી.

૧૯૪૫માં દસેક વર્ષના રાજમોહન ખાન અબ્દુલ ગફારખાનને પહેલી વાર મળ્યા. ભારતની વાયવ્ય સરહદના આ પઠાણ નેતાને બ્રિટિશ સરકારે ૧૨ વર્ષ અને પાકિસ્તાન સરકારે ૧૫ વર્ષ જેલમાં રાખ્યા હતા. છેલ્લી મુલાકાત રાજભવનમાં થઈ ત્યારે ખાનસાહેબ ૯૭ વર્ષના હતા. જિંદગીભર તેમના મનમાં સ્વતંત્રતા માટે અને પઠાણોને પેઢી દર પેઢી ચાલતા વેરામાંથી મુક્ત કરવા માટે આગ પ્રજ્વળતી રહી. ખાન સાહેબે ઊભા કરેલા 'ખુદાઈ ખિદમતગાર' સંગઠનના રેડ શર્ટ્સ તરીકે ઓળખાતા પઠાણ સૈનિકો અહિંસક હતા. બ્રિટિશ અધિકારીઓ કહેતા, 'અહિંસક પઠાણ, હિંસક પઠાણ કરતાં વધારે ખતરનાક છે.' પછી તો કાળનાં વહેણો વહ્યાં. પઠાણો એમના લાડીલા બાદશાહખાન પ્રત્યે કંઈક બેધ્યાન બન્યા; ઈર્ષા, અણસમજ, ગેરસમજનો શિકાર બન્યા. પણ બાદશાહખાનનું મૃત્યુ થયું તે દિવસે આંતરસંઘર્ષથી સળગતા આખા ખૈબરની બંદૂકોએ સ્વયંભૂ મૌન પાળ્યું હતું.

માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનો જન્મ ૧૯૨૯માં. બાવીસ વર્ષની ઉંમરે તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. જોન્સનનું ગાંધી પરનું વ્યાખ્યાન સાંભળવા ગયા. અડધેથી જ ઊઠી ગયા અને ગાંધી પરનાં

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગામનો ગુરુવાર

હું નર્મદા જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારના કનબુડી ગામમાં શિક્ષક છું. કોરોનાના ગોઝારા સમયના લોકડાઉન દરમિયાન જ્યારે શાળાઓ બંધ હતી ત્યારે ઓનલાઇન શિક્ષણની બોલબાલા વધી હતી.. એ વખતે મારા મોટાભાગના વિદ્યાર્થીઓના ઘરે એન્ડ્રોઇડ ફોન ન હતા. એ વખતે એક સૂત્ર વારંવાર સાંભળવા મળતું હતું : ''શાળાઓ બંધ છે, પણ શિક્ષણ નહીં.'' એ સમયે અમારું આખું કનબુડી ગામ અમારી શાળા બન્યું હતું. કારણ કે જુદાં જુદાં ફળિયાઓમાં જઈને ચાર પાંચ વિદ્યાર્થીઓને લઈને સોશિયલ ડિસ્ટન્સ રાખીને જુદી જુદી જગ્યાએ અમે શિક્ષણકાર્ય કર્યું. એ વખતે જે ઘરે અમે જઈએ એ ઘર અને કુટુંબ સાથે જે ઘરોબો કેળવાયો હતો એ વિદ્યાર્થીઓમાં પોતાના ગામ પ્રત્યેની એક નવી જ લાગણી અને સ્નેહ ઊભો કરનાર અનુભવ હતો. કારણ કે આખું ગામ અમારી સાથે હતું. અમને શીખવામાં સહાયરૂપ થતું હતું.

એ વખતે વિચાર આવ્યો કે આજે આપણે વિદ્યાર્થીને માત્ર વિદ્યાર્થી તરીકે અને ટકા ઉત્પન્ન કરવાનું મશીન તરીકે મૂલવીએ છીએ. શિક્ષકો મોટેભાગે દૂર દૂરથી અપડાઉન કરે છે આથી વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથેના શિક્ષકના સંબંધમાં કંઈક ખૂટે છે. એના કારણે જે સંબંધ શિક્ષક વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક, વાલી-શિક્ષક, ગામ-વિદ્યાર્થી વચ્ચે બંધાવો જોઈએ એમાં ક્યાંક કચાશ રહી જાય છે. એની અસર શિક્ષણ ઉપર તો પડે જ છે પણ વ્યક્તિના સમગ્ર જીવન ઉપર પણ પડે છે. વિદ્યાર્થી અને દેશનો ભાવિ નાગરિક આત્મકેન્દ્રી થતો જાય છે, એને પોતાની આસપાસના લોકો, સમસ્યાઓ સાથે કોઈ લેવાદેવા નથી કારણ કે અત્યારે તો એ ભણી રહ્યો છે.

આજના શિક્ષણમાં એવું શું ખૂટે છે કે વિદ્યાર્થીનું પોતાના ગામ, પોતે જે ભૂમિ પર ઊભો રહેતાં શીખ્યો છે, જ્યાં વસે છે એ સ્થાન સાથેનું જોડાણ જ કપાઈ જાય છે? એ પોતાના ગામના લોકોને પણ ઓળખતો નથી, એને વાતચીત, સંવાદ, ચર્ચા કરવામાં મુશ્કેલી પડે છે?

પોતાના ગામના, દેશના લોકોની વિશિષ્ટ આવડતો, કૌશલ્યો, જ્ઞાનદૃષ્ટિ અને ચારિત્ર્ય એ જ તો ખરી રાષ્ટ્રીય સંપત્તિ છે. એનાથી પરિચિત થાય એવું આપણે શિક્ષણમાં શું શું કરીએ છીએ એવો પ્રશ્ન મનમાં ચાલતો




રહ્યો. એવું શું થાય છે કે વ્યક્તિથી સમાજ, ગામ, રાષ્ટ્ર અને સમષ્ટિ સુધીનો માર્ગ બંધ થઈ જાય છે?

આ પ્રશ્નના ઉત્તરમાં ગાંધીજી પણ યાદ આવ્યા. ગાંધીજીના ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેએ એમને કહ્યું હતું કે, 'તારે આ દેશને સમજવો હોય તો પહેલાં તું ભારતભ્રમણ કર.' ગાંધીજી રેલવેના ત્રીજા વર્ગના ડબ્બામાં મુસાફરી કરી આખા દેશમાં ફર્યા અને ત્યાર પછી આપણને મોહનદાસમાંથી મહાત્મા ગાંધી મળ્યા. હું એક શિક્ષક તરીકે મારા વિદ્યાર્થીઓને ભારતભ્રમણ તો ન કરાવી શકું પણ પોતાના ગામના લોકો સાથે ભેટો તો કરાવી જ શકું. પછી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને એવું નક્કી કર્યું કે અઠવાડિયામાં એક દિવસ એવો હોય કે જ્યારે સ્કૂલ છૂટ્યા પછી એકથી દોઢ કલાક માટે ગામના કોઈ એક વિદ્યાર્થીના કુટુંબ સાથે બેસીએ, એમની સાથે વાતો કરીએ. એ વખતે એક નિર્ણય એ પણ કર્યો હતો કે જ્યાં સુધી પચાસ ગુરુવાર ન થાય ત્યાં સુધી કોઈ જગ્યાએ એની વાત, જાહેરાત ન કરવી. સસ્તી પ્રસિદ્ધિ પાછળ ન દોડવું પણ નક્કર કામ કરવું

૫-૧૨-૨૦૨૦ ના ગુરુવારે એ વખતે આઠમા ધોરણમાં અભ્યાસ કરતી જાગૃતિ નામની દીકરીના જન્મદિવસથી અમે 'ગામનો ગુરુવાર'ની શરૂઆત કરી અને આજ સુધીમાં અમારા ૨૧૬, 'ગામના ગુરુવાર' થઈ ચૂક્યા છે. વિદ્યાર્થીઓ પોતે ગામના લોકોને મળે છે, એમને પ્રશ્નો પૂછે છે, એમની સાથે વાતચીત કરે છે અને એના આધારે પોતાનો અહેવાલ તૈયાર કરે છે. જ્યારે મારી ઉપસ્થિતિ ના હોય ત્યારે તેઓ જાતે જ આ સિલસિલો જાળવી રાખે છે. એમાં કોના ઘરે જવું એનો નિર્ણય પણ તેઓ જ કરે છે.

આ રીતે વિદ્યાર્થીઓમાં કોઈ પ્રશ્ન વિશે વિચારણા કરવાની ટેવ, વાતચીતનું કૌશલ્ય, નેતૃત્વના ગુણો, નિર્ણય લેવાની ક્ષમતા, સમસ્યા ઉકેલ, સાથે મળીને કામ કરવું એટલે કે ટીમવર્ક જેવાં કૌશલ્યોનું વાવેતર થાય છે. પછીથી ખબર પડી કે આ જ કૌશલ્યો તો NEPમાં ૨૧ મી સદીનાં કૌશલ્યો તરીકે દર્શાવવામાં આવ્યાં છે.

અમે કોઈ એક ઘરે વર્તુળાકારે બેસીએ છીએ. પ્રાર્થના કરીએ અને વિદ્યાર્થીને વચ્ચે ઊભો રાખી એના પરિવારનો સામાન્ય પરિચય લઈએ છીએ. પછી એ અને એનો આખો પરિવાર અમારી સાથે બેસી વાતો કરે. આ વાતોમાં તેમની સમસ્યાઓ, એમની આવડતો, એમને આવડતાં લોકગીતો, એમની અનાજ સાચવવાની વિશિષ્ટ પદ્ધતિઓ, કોઈ રોગમાં તેઓ ઉપયોગ કરતા હોય એવી ખાસ વનસ્પતિ, જે તે વિદ્યાર્થી ઘરમાં કઈ રીતે મદદરૂપ થાય છે વગેરે અનેક પ્રશ્નો પૂછીને એના ઉત્તરોમાં અમારો એ પરિવાર સાથે વિશેષ નાતો બંધાય છે. જ્યારે સ્કૂલમાં રજા હોય અને ગુરુવાર હોય ત્યારે અમે બીજા ગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓના ઘરે જઈએ છીએ. રસ્તામાં ચાલતાં ચાલતાં આસપાસના જગતનું અવલોકન કરતાં કરતાં જે વાતો થાય છે એના દ્વારા અમે પણ એકબીજાની વધુ નજીક આવીએ છીએ.

વિદ્યાર્થીઓ આ અનુભવોને અહેવાલ તરીકે પોતાના માનસમાં અને ડાયરીમાં સાચવે છે. અમને આ અનોખા કાર્યમાં અમારાં આચાર્યા શ્રી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સંગીતાબેન તથા સમગ્ર કનબુડી ગામના લોકોનો સહયોગ મળ્યો છે. GCERTના શ્રી હરેશભાઈ ચૌધરીએ પણ આ પ્રવૃત્તિમાં શરૂઆતથી જ માર્ગદર્શન પૂરું પાડયું છે. અમે એમના આભારી છીએ.

અમારા ગામના ગુરુવારમાં અનેક વિશિષ્ટ અનુભવો પણ થયા છે જેમ કે કોઈ વ્યક્તિ બીમાર હોય તો એને કઈ જગ્યાએ સારવાર કરાવવી, કયા ડૉક્ટરને મળવું, એના માટે લોકોની મદદ કેવી રીતે મેળવવી જેવી વાતો પર પણ અનેક વાર વિચાર કરવાનું થયું છે. નદીકિનારે રહેતા એક પરિવારનું ઘર જ્યારે અતિવૃષ્ટિના કારણે તણાઈ ગયું હતું ત્યારે વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી દાળ, ચોખા, શાકભાજી વગેરે લાવીને અને બજારમાંથી તેલ, મસાલો જેવી વસ્તુઓ લાવી આપીને તેમને મદદ કરી હતી.

હાલમાં જ થોડા સમય પહેલાં મિશન ફળિયામાં એક વ્યક્તિનું ઘર સળગી ગયું ત્યારે અમે ગામનો ગુરુવાર ત્યાં કર્યો. અમે ફાળો કરીને, અન્ય લોકોની મદદ લઈને એમને આર્થિક મદદ કરી હતી. આ બધાં જ કામોમાં વિદ્યાર્થીઓ નિર્ણય કરે છે. હું એમની સાથે રહું છું. એના કારણે વિદ્યાર્થી પોતાની આસપાસની પરિસ્થિતિ અને સમસ્યાઓ પ્રત્યે જાગૃત રહીને વિચારતો થાય છે. મને લાગે છે કે જો શિક્ષણ મનુષ્યની સંવેદનાનું ઘડતર કરી શકે તો એની એનાથી મોટી સાર્થકતા કઈ હોઈ શકે? અહીંથી ભણીને ગયા પછી પણ વિદ્યાર્થીઓ પોતાની સાથે ભણતા વિદ્યાર્થીઓની સાથે આ રીતે વાત કરીને આ સિલસિલો જાળવી રાખે છે. વેકેશનમાં જ્યારે તેઓ ઘરે આવે ત્યારે ગામના ગુરુવારમાં જોડાય છે.

અત્યાર સુધીમાં અનેક લોકોએ અમારા આ કામને પ્રોત્સાહન આપ્યું છે. સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટ, શ્રી મણિલાલ પટેલ, મધુ રાય અમારા GCERT સચિવ શ્રી ડુમરાળિયા સાહેબ, નર્મદા જિલ્લાના ભૂતપૂર્વ DEO શ્રી નૈષધ મકવાણા, ગુજરાતના શિક્ષણવિદ્ ડો. મહેન્દ્ર ચોટલિયા અને હવે તો fb page દ્વારા આ વાત ખાસ્સી જાણીતી બની છે.

આપણે ત્યાં કહેવાયું છે કે,

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।<br>
ध्रुवाणि तस्य नश्यन्ति चाध्रुवं नष्टमेव हि ।।

જે વ્યક્તિ ક્ષણિકની પાછળ પડવામાં શાશ્વતને ત્યાગી દે છે તે શાશ્વતને પામતી જ નથી બલ્કે, ક્ષણિકને પણ ગુમાવી દે છે. આ ભૂમિખંડ પર પરાપૂર્વથી આપણને પ્રાપ્ત થયેલું પર્યાવરણ, સમૃદ્ધિ, અનેક જાતિ-સમૂહને હળવા-મળવા-જાણવાની મળેલી તક અને તેમાંથી જન્મેલો સમન્વય, વ્યક્તિગત રીતે મેળવેલી સિદ્ધિઓ માનવકુળ તરીકે આપણી અભિપ્સા, ભાષા, કલા, સંસ્કારોના આચાર અને વહનથી આપણા સંવિત્‌નું ભાવ-સંવેદન ઘડતર થયું છે. જાગૃત કક્ષાએ હાલમાં કદાચ આપણને એની જાણ નથી એટલું જ. આ નાગરિકચેતનાના ઘડતરનો શિક્ષક કોઈ પણ સ્વસ્થ, જાગૃત નાગરિક બની શકે છે : તમે પણ -આપણે પણ!

મદદનીશ શિક્ષક **– મમતા શર્મા**
પ્રાથમિક શાળા કનબુડી, તા. દેડિયાપાડા, જિ. નર્મદા (ગુજરાત)

**એન.એ.પી.એમ. ...** (પાન ૧૯નું ચાલુ)

સલામ કરવા માટે સન્માન સમારોહનાં આયોજનો કર્યાં. જ્યારે પણ કોઈ ઘટના બની અને દેશભરમાં મોટા પ્રમાણમાં વિરોધપ્રદર્શન થયાં, પછી તે મહિલાઓનું 'બેખોફ આઝાદી અભિયાન' હોય, 'નોટ ઈન માયનેમ' કેંપેન હોય – અમે દરેક જગ્યાએ ભાગ લીધો અને જરૂર પડે ત્યારે 'અમન કી પહલ' તેમજ 'ખુદાઈ ખિદમતગાર'ના બેનર નીચે ફેક્ટ ફાઇન્ડિંગ તેમજ શાંતિ અભિયાનમાં ભાગ લીધો.

તત્કાલીન સરકારની શ્રમનીતિઓ પણ કોર્પોરેટ હિતના પક્ષમાં રહી, જેને કારણે લાંબા સમયથી ચાલી આવેલી મજૂર સુરક્ષાને શ્રમ-કાયદાઓમાં 'સુધારો' લાવવાના નામે ખતમ કરી દેવાઈ. 'હાયર એન્ડ ફાયર' નીતિને માન્યતા મળી, કોન્ટ્રેક્ટ મજૂરીનો વ્યાપ વધારવામાં આવ્યો તેમજ અસંગઠિત ક્ષેત્રના મજૂરોને હાંસિયા પર ધકેલી દેવાયા – જેને કારણે કરોડો મજૂરો પાસે ન રોજગારીની સુરક્ષા રહી, ન યોગ્ય મજૂરી રહી, ન કોઈ સામાજિક લાભ. અચાનક કરવામાં આવેલી નોટબંદી તેમજ કેશલેસ ટ્રાંજેક્શન પર ભાર, ત્યાર બાદ જીએસટી લાગુ કરવાથી નાના તેમજ મધ્યમ સ્તરના ઉદ્યોગો તેમજ વ્યાપારીઓને તીવ્ર ધક્કો લાગ્યો. આને કારણે બેકારી વધી તેમજ અસંગઠિત મજૂરોની સંખ્યામાં વધારો થયો અને આમ લોકોની જિંદગી પર તેની માઠી અસરો પડી.

સંગઠિત ટ્રેડ યુનિયનો પર ગંભીર હુમલા થયા કારણ કે શ્રમિક સંગઠનોને દબાવી દેવાના પ્રયત્ન સતત ચાલુ જ હતા. આના જવાબ રૂપે NAPM એ દેશવ્યાપી ટ્રેડ યુનિયનોએ કરેલી હડતાલોને સંપૂર્ણ સમર્થન આપ્યું તેમજ કોન્ટ્રેક્ટ પરના તેમજ અસંગઠિત મજૂરો માટે સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવાની માંગ કરી. સાથે સાથે NAPM એ NREGA મજૂરો માટે મજૂરી ગેરંટી તેમજ શ્રમ આધિકારો માટે સતત આંદોલન કર્યાં. કપરા સમયે મજૂરોના આ અધિકારોનું રક્ષણ કરી શકાય તે માટે શ્રમકાયદાઓમાં શોષણ કરનારા ફેરફારોને પડકારવાની કાયદાકીય તેમજ નીતિગત વ્યૂહરચના પણ બનાવવામાં આવી.

જેમ જેમ આ મુદ્દાઓ ઊઠતા રહ્યા અને બંધારણ પર થઈ રહેલ હુમલાઓની વિરુદ્ધમાં અવાજ બુલંદ થતો રહ્યો, એ પણ સ્પષ્ટ થતું ગયું કે સરકારને માત્ર બંધારણની પ્રસ્તાવનામાં નોંધાયેલ 'સમાજવાદી' તેમજ 'પંથ નિરપેક્ષ' શબ્દ સામે મુશ્કેલી છે, એટલું જ નહીં પરંતુ તે માને છે કે દેશમાં 'બહુ વધુ પડતી લોકશાહી' છે. આખા દેશમાં દલિત સમૂહ રસ્તા પર હતો કારણ કે આ વખતે તેમની આજીવિકા પર સીધો પ્રહાર થયો હતો અને જાતિ આધારિત હિંસાને વ્યાજબી ઠેરવવામાં આવી હતી. ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં જેમણે પણ સરકારની ટીકા કરી તેમના પર સીધો હુમલો કરવામાં આવ્યો અને મુસ્લિમોને દુય્યમ દર્જાના નાગરિક બનાવવાનો પ્રયત્ન થયો. NAPM ના ઉત્તરપ્રદેશના એકમે શાંતિયાત્રાઓ, સત્ય શોધક મિશન, જેલમાં પૂરેલા કાર્યકર્તાઓને કાયદાકીય મદદ તેમજ આજીવિકા અને પાયાની સુવિધાઓ માટેની રોજબરોજની લડાઈને સંગઠિત કરવામાં નેતૃત્વકારી ભૂમિકા નિભાવી.

(ક્રમશઃ)

**– મધુરેશ કુમાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારતીય લોકશાહી : દશા અને દિશા

**લો**કશાહીની હાલની પરિસ્થિતિ અને પડકારો એ આજના સમયમાં બૌદ્ધિકો વચ્ચે સૌથી વધુ ચર્ચાતો વિષય છે. દુનિયાભરમાં સામાજિક કાર્યકરો અને વિદ્વાનો લોકશાહી સંસ્થાઓની નબળાઈ, હુકુમશાહી વલણોમાં વધારો અને બંધારણીય મૂલ્યોના ક્ષય અંગે ચિંતિત છે. વિસંગતિ એ છે કે લોકશાહી એક તરફ વૈશ્વિક સ્તરે લોકપ્રિય બની રહી છે, પરંતુ બીજી તરફ એવી શક્તિઓ વધી રહી છે જે તેના નૈતિક અને સંસ્થાગત આધારને કમજોર કરે છે. સાત દાયકાથી વધુ સમયથી ચાલી રહેલા ભારતના લોકશાહી પ્રયોગો પણ આ પરિસ્થિતિથી અજાણ નથી.

આ જ પૃષ્ઠભૂમિમાં, પ્રતિષ્ઠિત ગુજરાતી વિદ્વાન અને વિચારક પ્રોફેસર પ્રવીણ જે. પટેલે પોતાના વિચારો એક નવા ગુજરાતી ગ્રંથ દ્વારા રજૂ કર્યા છે. આ ગ્રંથ મૂળે નવનીત-સમર્પણ અને ભૂમિપુત્ર સામયિકોમાં લેખમાળા તરીકે પ્રકાશિત થયો હતો, જે હવે પુસ્તક સ્વરૂપે એકત્ર થયો છે. ૧૩૫ પાનાં, ૧૫ પ્રકરણ અને ચાર વિભાગ ધરાવતું આ પુસ્તક લોકશાહીનો અર્થ, તેની પ્રથા અને આજના પડકારો અંગે સરળ પરંતુ ગંભીર ચર્ચા કરે છે. વડોદરાના યજ્ઞ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક, લેખકની લાંબી શૈક્ષણિક યાત્રા અને નૈતિક પ્રતિબદ્ધતાનું પરિણામ છે. સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વડા અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન તરીકે પ્રો. પટેલે શૈક્ષણિક ક્ષેત્રે મોટું યોગદાન આપ્યું છે. તેઓ માત્ર કુશળ વિદ્વાન જ નહીં, પણ સત્ય અને ન્યાય જેવાં મૂલ્યોને જીવનમાં ઉતારનાર એક સંવેદનશીલ વ્યક્તિ તરીકે પણ જાણીતા છે.

પ્રો. પટેલ આજના સમયમાં લોકશાહીના ક્ષયની પરિસ્થિતિનું વિશ્લેષણ કરે છે. તેમના મત મુજબ, ભારતે ચૂંટણી આધારિત લોકશાહી વ્યવસ્થાનું માળખું જાળવી રાખ્યું છે, છતાં ઘણા દાયકાથી તેનાં મૂલ્યો અને પરંપરાઓ ધીમે ધીમે નબળાં પડ્યાં છે. જી-૨૦ સમિટ દરમિયાન પ્રચારિત લોકશાહીની જનની તરીકે ભારતની છબી તેમને યોગ્ય લાગતી નથી. તેમના મતે, ભારતના લાંબા ઇતિહાસમાં જાતિ-વ્યવસ્થા, સામંતી પરંપરા અને સત્તાવાદી રાજકીય સંસ્કૃતિ લોકશાહી મૂલ્યોને અનુરૂપ નહોતી. લોકશાહીના માર્ગ પર સાચું પ્રયાણ ભારતે ખરેખર તો સ્વાતંત્ર્ય પછી બંધારણ અપનાવ્યા બાદ જ શરૂ કર્યું.

આ પુસ્તક એકસાથે બે કામ કરે છે. પહેલું, તે પશ્ચિમમાં લોકશાહીના વિકાસની કથા સંક્ષિપ્તમાં વર્ણવે છે – યુરોપના શાસ્ત્રીય લિબરલિઝમથી આજના નિયો-લિબરલિઝમ સુધી. બીજું, આ સિદ્ધાંતોને ભારતીય અનુભવ સાથે તુલનાત્મક રીતે જોડે છે. પ્રો. પટેલ લોકશાહીનાં મૂળ તત્ત્વો તરીકે સ્વાતંત્ર્ય, સમાનતા અને તકોની ખાતરી, વિધાનસભા-કાર્યપાલિકા-ન્યાયપાલિકા વચ્ચે સત્તા-વિભાજન, ચેક્સ અને બેલન્સ, સામાજિક ન્યાય, લોકજાગૃતિ અને નાગરિક સમાજ દ્વારા સતત ભાગીદારીને ગણાવે છે.

પુસ્તકનો પ્રથમ વિભાગ લોકશાહીના ઇતિહાસ અને તત્ત્વોનું સિદ્ધાંતાત્મક જ્ઞાન આપે છે. બીજો વિભાગ ભારત તરફ વળે છે, જ્યાં બંધારણીય દૃષ્ટિકોણ, નાગરિક-સ્વાતંત્ર્યની ખાતરી અને લોકશાહી પ્રથાની ઉપલબ્ધિઓ – પ્રૌઢ મતાધિકાર, ન્યાયપાલિકાની સ્વતંત્રતા, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને પંચાયતી રાજ દ્વારા સત્તાનું વિકેન્દ્રીકરણ – વિશે ચર્ચા કરે છે. ત્રીજા વિભાગમાં આધુનિક લોકશાહીની મર્યાદાઓનો ઉલ્લેખ છે. નાગરિકોની મર્યાદિત ભાગીદારી, ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં જવાબદારીનો અભાવ, નાણાં અને બળપ્રયોગનો વધતો પ્રભાવ અને લોકશાહીના બહુમતીવાદી સ્વરૂપમાં ફેરવાઈ જવાની સમસ્યા અહીં રજૂ થાય છે. મીડિયા અંગેની ટીકા ખાસ નોંધપાત્ર છે – ટેલિવિઝન અને પ્રિન્ટ મીડિયા બંને નિષ્પક્ષતા ગુમાવી બેઠાં છે અને ઘણી વાર જાહેર મંતવ્યને નકારાત્મક રીતે ઘડે છે. સાથે જ, બંધારણીય સત્તાઓનું રાજકીયરણ અને વધતી સામાજિક-આર્થિક અસમાનતાઓ પ્રત્યેની ચિંતા પણ લેખક વ્યક્ત કરે છે. અંતિમ વિભાગ વૈશ્વિક પડકારો પર પ્રકાશ પાડે છે, ખાસ કરીને નવ-ઉદારવાદની વિચારધારા અને નીતિઓ, અને આધુનિક પૂંજીવાદના પ્રભાવ પર. પ્રો. પટેલ જણાવે છે કે થોડા હાથે સંપત્તિનું કેન્દ્રિત થવું લોકશાહીના સાચા સ્વાતંત્ર્ય અને ભાગીદારીની સંભાવનાઓને ઘટાડે છે, કારણ કે આર્થિક અસમાનતા રાજકીય અસમાનતા પેદા કરે છે. તેઓ નાગરિકસ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાય વચ્ચે ઉપજતા તણાવને પણ ઉજાગર કરે છે-લોકશાહીના બે મહત્ત્વના આધારસ્તંભો, પરંતુ વાસ્તવિક જીવનમાં ઘણી વાર પરસ્પર વિરોધાભાસી.

આ ગ્રંથની ખાસિયત તેની અંતર-વિષયક દૃષ્ટિ છે. સમાજશાસ્ત્ર અને રાજકીય વિજ્ઞાનના સંયોજનથી પ્રો. પટેલ લોકશાહીને માત્ર કાનૂની કે સૈદ્ધાંતિક દૃષ્ટિએ જ નહીં, પરંતુ ભારતીય સમાજના વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં મૂકે છે. જાતિ આધારિત અસમાનતા, ચૂંટણીની ખામીઓ અથવા તળિયાનાં આંદોલનો જેવાં ઉદાહરણોથી તેઓ ચર્ચાને વાચક માટે જીવંત અને સંબંધિત બનાવે છે. આ પુસ્તકની ભાષા શૈક્ષણિક હોવા છતાં સહજ અને વાચનીય છે. અંગ્રેજીને બદલે ગુજરાતી ભાષામાં લખવું પોતે જ એક લોકશાહી સંકેત છે, કારણ કે તે ગુજરાતના જાગૃત નાગરિકો, કાર્યકરો અને બુદ્ધિજીવીઓને સીધું સંબોધે છે. જ્યારે લોકશાહી વિષયક મોટાભાગનું સાહિત્ય અંગ્રેજીમાં ઉપલબ્ધ છે, ત્યારે આ ગુજરાતી ગ્રંથ વિશેષ મહત્ત્વ ધરાવે છે.




**ભારતીય લોકશાહીઃ**
**દશા અને દિશા**
લેખક : પ્રવીણ પટેલ
પૃષ્ઠ : ૧૩૫ કિંમત : ૧૦૦
સંપર્ક : યજ્ઞ પ્રકાશન,
ભૂમિપુત્ર, હુજરાતપાગા,
વડોદરા – ૩૯૦ ૦૦૧.
ફોન : ૯૦૧૬૪૭૯૯૮૨

જ્યારે વિશ્વભરમાં લોકશાહી પર લોકપ્રિય નેતાઓ, સત્તાવાદી વલણો અને પૂંજીવાદી અસમાનતાનું દબાણ છે, ત્યારે પ્રો.પટેલનો સંદેશ એ છે કે લોકશાહી કોઈ સમાપ્ત પ્રક્રિયા નથી, તે સતત જાળવણી અને જાગૃતિ માગે છે. નિબંધ સ્વરૂપે લખાયેલા આ નાનકડા ગ્રંથ પાસેથી લોકશાહી

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૫

(ગતાંકનું ચાલુ...)

- **લોકશક્તિ અભિયાન : જનતાની શક્તિ તેમજ સીધી લોકશાહી માટેનો પ્રયત્ન (૨૦૧૧-૧૨)**

૨૦૧૧ની ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનની ભૂમિકામાં એન.એ.પી.એમ.એ આ આંદોલનના 'ભ્રષ્ટાચાર હટાઓ'ના સરળીકૃત નારાને આગળ લઈ જઈને જમીન ઉપર અધિકાર, કોર્પોરેટ જવાબદેહિતા અને લોકશાહીની સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. આ વિચાર સાથે 'લોકશક્તિ અભિયાન'ની શરૂઆત થઈ. આ અભિયાનનો હેતુ જમીન, જંગલ, પાણી પર કોર્પોરેટ કબજાની વિરુદ્ધ અવાજ ઉઠાવવો, મોટા પ્રમાણમાં થઈ રહેલ જમીનસંપાદનનો વિરોધ કરવો તેમજ ખેડૂતો, આદિવાસીઓ, મજૂરો, માછીમારો તેમજ શહેરી ગરીબોના સંઘર્ષને જોડીને એક સહિયારું રાષ્ટ્રીય આંદોલન બનાવવું તે હતો. આ ઉપરાંત સરકારો દ્વારા આંદોલન પર થઈ રહેલ દમન તેમજ અસહમતિને અપરાધ સાબિત કરવાના પ્રયત્નોનો વિરોધ કરવા માટે પણ આ અભિયાન હતું

આ અભિયાન અંતર્ગત દેશવ્યાપી યાત્રા નીકળી. હજારો કિલોમીટરની આ યાત્રામાં ૧૫થી વધુ રાજ્યોને આવરી લેવાયાં. આ યાત્રા એક હરતા-ફરતા મંચ જેવી હતી, જેમાં કાર્યકર્તાઓ સીધા અસરગ્રસ્ત સમૂહોને મળતા હતા. જુલમ તેમજ અન્યાયના દાખલાઓને નોંધતા તેમજ સ્થાનિક સંઘર્ષોને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં જોડતા જતા. આ યાત્રા વિવિધ તબક્કાઓમાં થઈ - ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ તેમજ મધ્યપ્રદેશમાં આદિવાસીઓના જમીનઅધિકાર અંગે; મુંબઈ, દિલ્હી, ચેન્નઈ અને હૈદરાબાદમાં શહેરી વિસ્થાપન તેમજ રહેઠાણના અધિકારો અંગે; ગુજરાત, બંગાળ, તામિલનાડુ તેમજ ઉત્તરપ્રદેશમાં મજૂર તેમજ અસંગઠિત ક્ષેત્રના અધિકારો અંગે અને કેરળ, આંધ્રપ્રદેશ તેમજ ગોવાના સમુદ્રકિનારાના પ્રદેશોમાં માછીમાર સમુદાયના સંઘર્ષોને સમજતી આ યાત્રા આગળ વધી.

આ યાત્રાનો હેતુ આર્થિક વિકાસની મુખ્ય પ્રવાહની વાતની સામે એક વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવાનો હતો. વિવિધ સ્થળોએ જન-સુનાવણીઓ તેમજ જનસંસદો દ્વારા કૃષિ સંકટ, જમીનની લૂંટ તેમજ પર્યાવરણીય વિનાશ અંગેનાં તથ્યોને ઉજાગર કરવામાં આવ્યાં. અન્ના હજારેનું આંદોલન મુખ્યત્વે કાયદાકીય સુધારા સુધી સીમિત હતું, જ્યારે લોકશકિત અભિયાને સત્તાનો સ્વભાવ, શાસનની પ્રક્રિયા અને તંત્રગત ભ્રષ્ટાચાર જેવી બાબતો પર પ્રશ્નો ઊભા કર્યા.

- **જમીનની લૂંટની સામે એક રાષ્ટ્રીય આંદોલન (૨૦૧૩)**

ભ્રષ્ટાચાર વિરોધી આંદાલનો, લોકશક્તિ અભિયાન અને જન-સંસદોની પૃષ્ઠભૂમિમાં નવેમ્બર ૨૦૧૨માં ત્રિશુર (કેરળ)માં એન.એ.-પી.એમ.નું ૯મું દ્વિવાર્ષિક સંમેલન આયોજિત થયું. આ સંમેલનનો મુખ્ય વિષય હતો - ''વિકાસ અને રાજકારણ : વિકલ્પ''. આ વિષય એ બાબત સ્પષ્ટ દર્શાવનારો હતો કે હવે એ સમય આવી ગયો છે કે વર્તમાન વિનાશકારી વિકાસ મોડેલને પડકારવું જોઈએ. અને લોકોના હિતમાં નવા વૈકલ્પિક રસ્તા અપનાવવા જોઈએ.

સંમેલનમાં ઇંડસ્ટ્રીયલ કોરિડોર, મેન્યુફેક્ચરીંગ ઝોન અને પેટ્રોકેમિકલ રોકાણ ક્ષેત્રો (PCPIRs) બાબતે ઊંડી ચિંતા જાહેર કરવામાં આવી. આ બધા પ્રકલ્પો વિશ્વબેંક, એશિયાઈ વિકાસ બેંક, જાપાન, યુ.કે., જર્મની તથા અન્ય વિદેશી શક્તિઓના સહયોગથી દેશભરમાં જોર-શોરથી લાગુ કરવામાં આવી રહ્યા હતા. દિલ્હી-મુંબઈ, ઇંડસ્ટ્રીયલ કોરિડોર (DMIC) આમાં સૌથી મોટો તેમજ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હતો, જે છ રાજ્યોમાં નિષ્ફળ ગયો હતો. જેમાં સ્માર્ટ સીટી, ઇંડસ્ટ્રીયલ ઝોન તેમજ ટ્રાંઝિટ હબ્સ બનાવવાની યોજના હતી. પરંતુ આ પ્રોજેક્ટનો અર્થ હતો હજારો ખેડૂતો, આદિવાસીઓ તેમજ મજૂરો માટે જબરદસ્તીથી કરાનારું જમીન સંપાદન, પર્યાવરણનો વિનાશ અને લોકશાહીય અધિકારોનું હનન. આ પાયાની હકકીતના વિરોધમાં એન.એ.પી.એમ.એ ડીમ.એમ.આઈ.સી. વિરોધી સંઘર્ષ યાત્રાની શરૂઆત કરી - વધુ એક રાષ્ટ્રીય અભિયાન, જેનો હેતુ હતો જનજાગૃતિ, જબદરસ્તીથી થતા વિસ્થાપનની સામે વિરોધ તેમજ અસરગ્રસ્ત સમુદાયોને સંગઠિત કરવા.

આ યાત્રા ૮મી માર્ચ, ૨૦૧૩ના આંતરરાષ્ટ્રીય મહિલા દિને મુંબઈના આઝાદ મેદાનથી શરૂ થઈ. જેમાં આખા દેશમાંથી આવેલી મહિલાઓએ જમીન, આજીવિકા તેમજ લોકશાહીય અધિકારોના રક્ષણ માટે સરઘસ કાઢ્યું. આ યાત્રા મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હી સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થઈ અને એ બધા વિસ્તારોમાં પહોંચી જ્યાંના લોકો જબરદસ્તીથી થઈ રહેલા જમીન સંપાદન, કોર્પોરેટ કબજો તેમજ પર્યાવરણીય વિનાશનો સામનો કરી રહ્યા હતા. દરેક સ્થાને આ યાત્રાએ સરકાર તેમજ કંપનીઓ દ્વારા પ્રચારિત 'વિકાસના ખોટા મોડેલ'નો પર્દાફાશ કર્યો. તેણે એ જમીન સંપાદનની પ્રક્રિયાને પણ ઉજાગર કરી જે કાયદાકીય ખામીઓ તેમજ પર્યાવરણ અને શ્રમિક સુરક્ષા કાયદાઓને નજરઅંદાજ કરવાને કારણે જમીનની લૂંટને સરળ બનાવી રહી હતી.

૧૮ મી માર્ચના દિવસે યાત્રા દિલ્હી પહોંચી અને જંતરમંતર પર એક મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું. હજારો ખેડૂતો, મજૂર તેમજ કાર્યકર્તા ત્યાં એકત્ર થયા અને મબજબૂતીથી કોર્પોરેટ દ્વારા જમીન સંપાદન પર તરત રોક લગાવવા, વન અધિકાર કાયદાનો અમલ તેમજ અસંગઠિત ક્ષેત્રના મજૂરોને છૂટા કરવામાંથી બચાવવાની માંગણી કરવામાં આવી. ત્યારબાદ દિલ્હીમાં એક રાષ્ટ્રીય સંમેલન થયું. જેમાં આંદોલનના વરિષ્ઠ નેતાઓ - મેધા પાટકર, પ્રફુલ્લ સાંમતરા અને મનોરંજન મોહંતી વગેરેએ ડી.એમ.આઈ.સી. પરિયોજનાની આર્થિક, કાયદાકીય અને પર્યાવરણીય અસરો પર ચર્ચા કરી તેમજ આ કોરીડોરના વિરોધમાં દેશ-વ્યાપી અભિયાનને વધુ મજબૂત કરવાનું આહ્વાન કર્યું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## ● ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનો અને આશાઓનું રાજકારણ

NAPMમાં સૌથી વધુ ચર્ચા તેમજ મતભેદ જે મુદ્દા પર થયા છે તે છે સામાજિક આંદોલનોએ ચૂંટણીના રાજકારણમાં ભાગ લેવો જોઈએ કે પછી એક સ્વતંત્ર, પ્રતિકારાત્મક શક્તિના સ્વરૂપે બહાર જ રહેવું જોઈએ. અગાઉ જેમ પિપલ્સ પોલિટીકલ ફ્રંટ અંગે ચર્ચાઓમાં જોઈ ગયા તેમ પ્રશ્ન માત્ર વ્યાવહારિકતા વિરુદ્ધ આશાવાદનો નથી, પરંતુ સત્તા અને પ્રતિકારની પાયાની સમજણનો પણ છે. મોટાભાગના સાથીઓનું માનવું એવું રહ્યું છે કે ખરી લોકશાહી તો સ્થાનિક સ્વરાજની સંરચનાઓમાં જ જીવિત છે અને એ સ્તર પર કામ કરતા રહેવું જ વધુ અસરકારક હોય છે. હા, કેટલાક કિસ્સાઓમાં NAPM એ પોતાના સભ્ય સંગઠનના ઉમેદવારને ચૂંટણીમાં સમર્થન પણ કર્યું છે, પણ તે અપવાદ રૂપે જ. પરંતુ, જ્યારે ૨૦૧૧ના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પછી દિલ્હીમાં આમ આદમી પાર્ટી (આપ)ના સ્વરૂપે એક 'પ્રગતિશીલ' શક્તિ સામે આવી ત્યારે NAPM ના નેતૃત્વ ઉપર તેના જ કેટલાક સભ્યો તેમજ સહયોગી સંગઠનો તરફથી દબાણ વધ્યું. NAPM ની અંદર પણ એક તીક્ષ્ણ ચર્ચા શરૂ થઈ કે શું આંદોલનોએ પોતાની રાજકીય પાર્ટી બનાવવી જોઈએ કે પહેલાંની જેમ વ્યવસ્થાની બહાર રહીને દબાણ બનાવી રાખવું જોઈએ. ડર એ હતો કે ચૂંટણીના રાજકારણમાં પડવાથી આંદોલનની વૈકલ્પિક તેમજ ક્રાંતિકારી ધાર નબળી તો નહીં પડી જાય ને !

આખરે ઘણી ચર્ચા-વિચારણા બાદ કેટલાંક સભ્ય સંગઠનોએ ૨૦૧૪ની ચૂંટણીમાં 'આપ'ના બેનર નીચે ઝંપલાવવાનું નક્કી કર્યું. ખાસ કરીને વિભાજનકારી શક્તિઓને રોકવા માટે, અને કોંગ્રેસ સંપૂર્ણપણે અસમર્થ સાબિત થઈ રહી હતી માટે પણ. આ પ્રયોગ બહુ સફળ ન થયો. કોર્પોરેટ મૂડીની તાકત, રણનીતિઓ અને રાજકારણની રમતો તેમજ વિપક્ષોનું વિખરાવું વગેરેને કારણે 'આપ'ને રાષ્ટ્રીય સ્તર પર ખાસ સફળતા મળી નહીં. 'આપ' જે મૂળ સિદ્ધાંતો પર બન્યું હતું તેમાં પણ બદલાવ આવ્યો. ઘણા સામાજિક કાર્યકરોએ પક્ષ છોડ્યો અને પહેલા પ્રમાણે આંદોલનો ચાલુ રાખ્યાં.

## ● લોકશાહી તેમજ જનઆંદોલનો પર થઈ રહેલ હુમલો

૨૦૧૪ની ચૂંટણી ભારતીય રાજકારણમાં મોટા ફેરફારો લઈને આવી. નવી ચૂંટાયેલી સરકારે કોર્પોરેટને માફક આવે તેવી આર્થિક નીતિઓ, સાંપ્રદાયિક ધ્રુવીકરણ તેમજ અસહમતિ સામે દમનાત્મક રાજકારણના એક નવા પ્રકરણની શરૂઆત કરી. 'વિકાસ' તેમજ 'મજબૂત નેતૃત્વ'ના નારા સાથે ભારે બહુમત સાથે આવેલી સરકારને કોર્પોરેટ ફંડીંગ તેમજ માધ્યમોનું પૂરેપૂરું સમર્થન હતું. પરંતુ, આર્થિક વિકાસના આ વચનોની પાછળ ખાનગીકરણ, જમીનોની લૂંટ, મજૂરોનું શોષણ તેમજ લોકશાહીની સંસ્થાઓને વ્યવસ્થિત રીતે નબળી પાડવાનું કાવતરું હતું. આનું એક વરવું ઉદાહરણ હતું સરદાર સરોવર બંધના ગેટ લગાડીને આ પરિયોજનાને પૂર્ણ કરવાનો અપાયેલ આદેશ - જે નર્મદા ટ્રાયબ્યુનલ એવોર્ડ તેમજ સુપ્રીમકોર્ટના ચુકાદાઓને બાજુએ રાખીને કરવામાં આવ્યો હતો. આ આવનાર સમયની એક ઝલક હતી કે કેવી રીતે નીતિઓ હવે શક્તિના બળ પર બનાવવામાં / ઘડવામાં આવશે. નર્મદા બચાઓ આંદોલને આ પડકારનો સ્વીકાર કર્યો અને વિસ્થાપિતોના અધિકારો માટેનો સંઘર્ષ ચાલુ રાખ્યો, જે દર ચોમાસામાં પૂરનો માર સહન કરી રહ્યા છે. આ નિર્ણયના વિરોધમાં કાયદાકીય લડાઈ તેમજ જમીન પર ચાલેલા સુસંગઠિત આંદોલને આવનાર વર્ષોના ઘણા સંઘર્ષો માટે રસ્તો તૈયાર કર્યો.

આ ભૂમિકા સાથે NAPM નું ૧૦મું દ્વિવાર્ષિક સંમેલન પૂણે, મહારાષ્ટ્રમાં ૧-૩ નવેમ્બર ૨૦૧૪માં આયોજિત કરવામાં આવ્યું. સંમેલનનો વિષય હતો, ''વિકાસ, લોકતંત્ર ઔર અસહમતિ : રાજનીતિક વિકલ્પો કા નિર્માણ.'' આ વિષય એ વાતની તાકીદને દર્શાવનારો હતો કે કેવી રીતે સત્તાની કેન્દ્રિતતા, આર્થિક લૂંટ તેમજ સાંપ્રદાયિક હિંસાનો સાથે મળીને વિરોધ કરી શકાય. આ સંમેલનમાં આખા દેશમાંથી સેંકડો પ્રતિનિધિઓએ ભાગ લીધો. તેમજ કોર્પોરેટ દ્વારા જમીનનો કબજો, રાજ્ય દમન, ધાર્મિક કટ્ટરતા તેમજ શહેરી વિસ્થાપનની સામે વ્યૂહરચના બનાવવા માટે એક સહિયારા મંચની સ્થાપના કરવામાં આવી.

સંમેલનમાં બદલાતા રાજકીય પટલ તેમજ કોર્પોરેટ મૂડી, બહુમતિનો રાષ્ટ્રવાદ તેમજ માધ્યમોના પ્રચારતંત્રના અપવિત્ર ગઠબંધનની વિશેષ ચર્ચા થઈ. આ માત્ર સરકારનું પરિવર્તન ન હતું, પરંતુ શાસનની સંરચનામાં એક પાયાનો ફેરફાર હતો, જેમાં રાજ્યની શક્તિનો આંદોલનોને કચડવા, સ્વયંસેવી સંસ્થાઓને તોડવા તેમજ જનવિરોધી કોર્પોરેટ સમર્થક એજંડાને આગળ વધારવા માટે ઉપયોગ કરવામાં આવવા લાગ્યો. આ એક એવા સંઘર્ષની શરૂઆત હતી, જેમાં લોકશાહીક જગ્યાઓને પાછી લેવાનો, વૈકલ્પિક રાજકીય દૃષ્ટિકોણને મજબૂત કરીને પ્રણાલીગત બદલાવ માટે નવાં ગઠબંધનો બનાવવાની જરૂર હતી.

આ દોરમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ હજી વધુ તીવ્ર બન્યું. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ ગુજરાતમાં અલ્પસંખ્યક સમુદાય, ખાસ કરીને મુસ્લિમ તેમજ ઈસાઈ ધર્મના લોકો એક પછી એક હુમલાઓના શિકાર બન્યા, જેને ગૌસુરક્ષા કાયદા તેમજ ધર્માંતરણ વિરોધી અભિયાનના નામ પર વ્યાજબી ગણાવવામાં આવ્યા. કાર્યકર્તાઓ, બુદ્ધિજીવીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાનો પર કરવામાં આવેલી દમનકારી કાર્યવાહીઓને કારણે એ બાબત પણ સ્પષ્ટ થઈ કે રાજ્યનો પણ આ પ્રવૃત્તિને ટેકો છે. ગોવિંદ પાનસરે, એમ.એમ.કલબુર્ગી, ગૌરી લંકેશ જેવા જાણીતા કાર્યકરો તેમજ બુદ્ધિજીવીઓની ધોળે દિવસે થયેલી હત્યાએ ડર તેમજ અસહિષ્ણુતાનો માહોલ હજુ વધુ તીવ્ર બનાવ્યો. ચારે તરફ અસહિષ્ણુતા વધતી ગઈ અને નફરત ખુલ્લેઆમ સોશિયલ મીડિયા પર ફેલાતી રહી, શું આનો અર્થ એવો સમજવો કે આ બધી બાબતોને સરકારનો પણ પરોક્ષ ટેકો હતો ?

આ બધાને કારણે એક મોટું આંદોલન શરૂ થયું જેમાં ઘણા જાણીતા બુદ્ધિજીવીઓ, લેખકો, ફિલ્મ નિર્માતાઓએ તેમજ અન્ય લોકોએ ૨૦૧૫માં પોતાને મળેલા પુરસ્કાર પાછા આપ્યા. તેમના આ પગલાને કારણે તેમના ઉપર કાર્યવાહી કરવામાં આવી. આવા સમયે NAPMએ આ મિત્રોના આ સાહસભર્યા પગલાને સમર્થન આપવા તેમજ તેમને

(જુઓ પાન નં. ૧૬)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



# નિષ્ઠા અને સરળતાનું બળ : પ્રવીણભાઈ મહેતા

**બ**હુ ઓછા લોકોને એવું સદ્‌ભાગ્ય મળ્યું હશે કે જે સંસ્થા અને વડીલો સાથે જોડાયા ત્યાં સાત દાયકા સુધી કામ કરવાની અને રહેવાની અનુકૂળતા મળી હોય. પ્રવીણભાઈ મહેતા ગ્રામ દક્ષિણામૂર્તિ મણારના એવા ભાગ્યશાળી શિક્ષક, ગૃહપતિ, આચાર્ય, ટ્રસ્ટી અને સદ્‌ભાવી રહ્યા.

તેમનું મૂળ ગામ મહુવા. જન્મ માતા ઉચ્છરંગબહેનના પેટે ભાવનગરમાં (તા. ૧૦-૩-૧૯૩૬). પિતા ગુલાબરાય પોસ્ટમાસ્ટર અને પછી હેડ પોસ્ટમાસ્ટર. પિતાની બદલી થયા કરે. એટલે નવેક પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં ભણતર થયું. મોટા ભાઈ ઋષિભાઈ સ્વાતંત્ર્યસૈનિક હતા. જેલમાંથી છૂટીને ગ્રામનિવાસ માટે કુંડલા ગ્રામસેવા મંડળના કેન્દ્ર ખડસલીમાં કામ કરે. એસ.એસ.સી. થયા પછી પ્રવીણભાઈએ ખડસલીમાં પેયવડિયા કામ શરૂ કર્યું. ખેતી, ગૌશાળા, ખાદી, યરવડાચક્ર - પૂણી - સુતરની આપ-લેનાં કામો કર્યાં. હરિભાઈ ગોરડિયાએ ભલામણ કરી કે ‘લોકભારતીમાં ભણવા આવ.’ ગ્રામ સેવા મંડળે રૂ. ૩૦૦/- સ્કોલરશીપ આપી. એમાંથી લવાજમ ભરાતું. હાથખરચી માટે રજાને દિવસે લોકભારતીના ખેતી-ગૌશાળા-સફાઈ વગેરે વિભાગોમાં કામ કરી જોગવાઈ કરી. તેમના બે મુખ્ય શોખ હતા : સદ્‌ગ્રંથોનું વાંચન અને પ્રવાસ. તેમનો લોકભારતી નિવાસ (૧૯૫૫-૫૮) પુસ્તકાલય, ગુરુજનોનો પ્રેમ, પરિશ્રમ અને સહાધ્યાયીઓની મૈત્રીથી સમૃદ્ધ બન્યો. મનુભાઈ પંચોળીની વિશેષ નિકટ આવ્યા.

મનુભાઈ જેના પ્રમુખ હતા એ સઘનક્ષેત્ર યોજના-મણારમાં (૧૯૫૮-૬૨) જોડાયા. તેમનાં સહાધ્યાયી મૃદુલાબહેન કોઠારી મણાર - લોકશાળામાં શિક્ષિકા હતાં. નાઈરોબીથી આપણાં મૃદુલાબહેનનું અંગ્રેજી માતૃભાષા જેવું. વળી બુદ્ધિમતી હતાં. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને કેળવણીનાં અભ્યાસી. (તેમનાં છ મૌલિક પુસ્તકો છે, છ અનુવાદનાં પુસ્તકો છે.) પ્રવીણભાઈ ૧૯૬૨થી વિજ્ઞાનના શિક્ષક તરીકે મણાર લોકશાળામાં જોડાયા. બંનેનો ગ્રામ પ્રત્યે અનુરાગ હતો. લોકભારતીની કેળવણી બંનેમાં પોત-પોતાની રીતે ફળી હતી. ૧૯૬૪માં બંને જીવનસાથી બન્યાં.

એવું તો કોઈ દુર્લભ યુગલોમાં જ જોવા મળે છે કે પ્રતિભાશાળી પત્નીની પતિને ઈર્ષા ન થઈ હોય. પ્રવીણભાઈનું વ્યક્તિત્વ સરળ. મૃદુલાબહેનની સફળતાથી પોતાને પ્રાપ્તિ થઈ હોય એવો એમનો રાજીપો. જરાય ભાર વિના, સાહજિકપણે તેઓ મૃદુલાબહેનને અધ્યયન અને લેખનની અનુકૂળતા મળી રહે એની કાળજી લેતા. ન તેમનું વ્યક્તિત્વ દબાઈ ગયું કે ન તેમણે ઓછપ અનુભવી. લોકશાળા છાત્રવાસી સંસ્થા હોય છે વળી સહશિક્ષણ પણ હતું. પ્રશ્નો આવે જ, પ્રવીણભાઈ-મૃદુલાબહેન એને વિદ્યાર્થી-કેળવણીનો અવસર ગણે. એમાંથી અનેક વિદ્યાર્થીઓ સાથે જીવનભરના સંબંધો બંધાયા. એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ તેમને યુરોપનો પ્રવાસ કરાવ્યો. એ અનુભવો મૃદુલાબહેને ‘યુરોપદર્શન’ પુસ્તકરૂપે પ્રગટ કર્યા, જે નોંધપાત્ર બન્યા.

બંનેને મનુભાઈ પંચોળી માટે મોટા ભાઈ કે પિતા જેવો આદર. વિશેષ ભાવ. મનુભાઈનું ઘણું નોંધપાત્ર સર્જનાત્મક લખાણ મણારમાં થયું છે. મનુભાઈ પ્રવીણભાઈ-મૃદુલાબહેનના ઘરને પોતાનું બીજું ઘર ગણે. એવી મોકળાશથી, નિરાંતથી અને પ્રસન્નતાથી મનુભાઈ પંચોળી અન્યત્ર બહુ ઓછી જગ્યાએ રહ્યા હશે. પ્રવીણભાઈ મનુભાઈની ઝીણી કાળજી લે. માગ્યા પહેલાં બધું પહોંચતું કરે. મૃદુલાબહેન મનુભાઈને ભાવતું ભોજન તો કરે જ, પરંતુ ઘરની ગોઠવણ પણ એવી રીતે કરે કે દર્શક પૂરા કોળે. દર્શકનું લેખન બિનવ્યવધાનવાળું થાય એ માટે જાણે બંને વચ્ચે હરીફાઈ ન ચાલતી હોય ! અને મૃદુલાબહેનને કેન્સર ડિટેક્ટ થયું. પ્રવીણભાઈ માટે, સંસ્થા માટે અને મનુભાઈ માટે આ આઘાતજનક ઘટના હતી. આ કારમી કસોટીમાં પ્રવીણભાઈએ રાત-દિવસ એક કર્યાં. સારવારના તમામ પ્રયત્નો બિનકારગર નીવડ્યા. પણ પ્રવીણભાઈએ અદ્‌ભુત સારવાર કરી. એટલે મૃદુલાબહેને મૃત્યુ પહેલાં કહેલું કે ‘મારું પ્યાલું છલોછલ ભરેલું છે.’ તેઓ નિઃસંતાન હતાં. મૃદુલાબહેનની ખોટ પડી જ. પરંતુ પ્રવીણભાઈએ વિદ્યાર્થીઓ અને સંસ્થાના કાર્યરૂપે પોતાની ખોટ ભરપાઈ કરી. સંસ્થાના કાર્યકરોએ અને ગ્રામદક્ષિણામૂર્તિના ટ્રસ્ટીઓએ નિવૃત્તિ પછી પણ તેમને દીર્ઘકાળ સાચવ્યા.

મૃદુલાબહેન અને પ્રવીણભાઈએ એમ.એ. સુધીનો અભ્યાસ પણ પછીથી કર્યો હતો. પ્રવીણભાઈ જી.બી.ટી.સી. પણ થયા. મણાર-લોકશાળામાં ૧૯૬૨થી ૬૯ શિક્ષક તરીકે, ૧૯૬૯ થી ૯૪ આચાર્ય તરીકે, ૧૯૯૪ થી ૨૦૦૪ સુધી ઉપનિયામક તરીકે, ૨૦૦૪ થી ૨૦૧૬ સુધી ટ્રસ્ટી તરીકે કાર્ય કર્યું. ૮૦ વર્ષ થતાં બધેથી રાજીનામું આપ્યું. પછી પુસ્તકાલય, પ્રાર્થના અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શનની જવાબદારી સંભાળી. આ વિગતો સૂચવે છે કે લોકદક્ષિણામૂર્તિની સંસ્થાઓની તેજસ્વિતાના પાયામાં આવા નિષ્ઠાવાન કાર્યકરો છે. તેઓને જે કામ સોંપાય એ માટે રાજી હોય છે. નિષ્ઠાના બળે તેઓ વિશિષ્ટ બનતા હોય છે. પ્રવીણભાઈ મહેતા એ પૈકીના ગણાય.

પ્રવીણભાઈ સ્વતઃ લખતા નહોતા પણ વાચક બહુ સારા. ઉત્તમ લખાણ અને વિચારોની પરખ પણ ખરી. છેલ્લે સુધી તેમનો વાંચનરસ અખંડ રહ્યો. મળે ત્યારે કે ફોનથી તેમને લખાણ ગમ્યું હોય તો પ્રતિભાવ આપે. સૌને મળવાનો અને કાર્યક્રમોમાં ભાગ લેવાનો એમનો ઉત્સાહ અને રસ છેક સુધી જળવાયો હતો. પૂરી હોંશથી ભાગીદાર બનતા. એમનું મુક્ત હાસ્ય ઘણાને યાદ હશે. લોકભારતીના ગુરુજનો ઉપરાંત પંડિત સુખલાલજી, રવિશંકર મહારાજ, ભોગીલાલ ગાંધી, નવલભાઈ શાહ, ભાઈદાસભાઈ પરીખ વગેરે સાથે આ દંપતીનો નિકટનો સંબંધ રહ્યો. એટલે પ્રવીણભાઈએ મણારમાં મૃદુલાબહેનના સ્મરણમાં ‘પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા’ શરૂ કરાવી. આયોજક બન્યા. એના પ્રથમ વક્તા હરિવલ્લભ ભાયાણી હતા. એ વ્યાખ્યાનમાળા અનવરત ચાલે છે.

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાત અંધશ્રદ્ધા નિર્મૂલન ધારો ૨૦૨૪ : સંક્ષિપ્ત પરિચય

**કાયદાની ભૂમિકા :**

દેશના પ્રાણપ્રશ્નોમાં ગરીબી, બેરોજગારી, આવકની અસમાનતા, મોંઘવારી, ગંદકી ઉપરાંત અંધશ્રદ્ધાનો પણ સમાવેશ થાય છે. ભગવદ્-ગોમંડલ કોષમાં અંધશ્રદ્ધા શબ્દનો અર્થ અંધવિશ્વાસ કે સમજ વગરની શ્રદ્ધા એમ કરાયેલ છે. ઘણા લોકોના મતે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા હોવાનું જણાવે છે. પરંતુ રેશનાલીઝમની દષ્ટિએ શ્રદ્ધા પણ અંધશ્રદ્ધા જ છે.

લગભગ ૪૦ વર્ષોથી એ જોવામાં આવ્યું છે કે રાજ્યમાં કમળપૂજા, નિર્દોષ સ્ત્રીને ડાકણનું લેબલ લગાવી જીવતી સળગાવવી, બાળકોને ડામ, ભૂત-પ્રેત ચૂડેલનો ડર બતાવી સ્ત્રી સાથે દુષ્કર્મ અને નાણાંકીય છેતરપિંડી, અપહરણ વગેરે બનાવોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન, બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા સમિતિ, સુરતની સત્યશોધક સભા, વિજ્ઞાન જાથા તરફથી અંધશ્રદ્ધા નિર્મૂલન ધારો ઘડવા માટે ગુજરાત સરકારને સતત રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ ગુજરાત સરકારના બે પ્રધાનોની હાજરીમાં ગઢડા ખાતે ૨૦૧૯ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી ૩૦૦ ભૂવાઓનાં કરાયેલ સન્માન પછી આ આશા ધૂંધળી લાગતી હતી. પાલનપુર લૉ કૉલેજના પૂર્વ વિદ્યાર્થી અને હાઈકોર્ટ એડવોકેટ હર્ષ રાવલે સામેથી આ સંબંધી રજૂઆત હાઈકોર્ટમાં કરવાની તૈયારી બતાવી. અશ્વિન કારીઆ અને ગિરીશ સુંઢિયા જાહેર હિતની અરજી (પી.આઈ.એલ.)ના પક્ષકારો બન્યા. હર્ષ રાવલની સફળ રજૂઆતના પગલે ગુજરાત સરકારે ''ગુજરાત રાજ્ય માનવ બલિદાન અને અન્ય અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ નિવારણ અને નિર્મૂલન ધારો'' (The Gujarat Prevention and Eradication of Human Sacrifice and other inhuman Evil and Aghori Practices and Black magic Act) ૨૦૨૪ ઘડેલ છે. કોઈ જાહેર-હિતની અરજી પરથી ગુજરાત સરકારે કાયદો ઘડેલ હોય તેવો કદાચ આ પ્રથમ પ્રસંગ છે.

**કાયદાની નીતિ અને હેતુ :**

કાયદાના હેતુ અને કારણોના નિવેદનમાં જણાવાયેલ છે કે ''સમાજમાં ફેલાયેલ અજ્ઞાનતાનાં કારણે ફાલી રહેલ અનિષ્ટ અને દુષ્ટ પ્રથાની સામે સામાન્ય લોકોને રક્ષણ આપવાના હેતુથી સમાજમાં સામાજિક જાગૃતિ અને સભાનતા લાવવા અને સ્વસ્થ તેમજ સુરક્ષિત સામાજિક વાતાવરણનું નિર્માણ કરવા તેમજ સામાન્ય લોકોનું શોષણ અટકાવવા, પાયાના સામાજિક માળખાનો વિચ્છેદ કરવાના બદઈરાદાથી કાળા જાદુ તરીકે સામાન્ય રીતે પ્રચલિત અલૌકિક અથવા જાદુઈ શક્તિ અથવા પ્રેતાત્માના નામે પ્રચાર કરવામાં આવતા માનવબલિદાન અને અન્ય અમાનુષી (અમાનવીય), અનિષ્ટ, દુષ્ટ અને અઘોરી પ્રથાનો પ્રતિકાર કરવા અને તેને નાબૂદ કરવા માટે'' આ કાયદો ઘડાયેલ છે.

**કાયદાની મુખ્ય જોગવાઈઓ : અંધશ્રદ્ધાનાં કૃત્યો કયાં છે ?**

૧. આ કાયદા સાથે સંલગ્ન પરિશિષ્ટ (Schedule)માં નિર્દિષ્ટ કરાયેલ કોઈ પણ (અંધશ્રદ્ધાનું) કૃત્ય બને અને ગુનેગારને જો અદાલત દોષિત ઠરાવે તો તેને ઓછામાં ઓછા છ માસની અને ગુરુતમ ૭ વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે. વધુમાં લઘુતમ રૂપિયા પચાસ હજાર સુધીના દંડની જોગવાઈ પણ કરાયેલ છે.

૨. આ કાયદા હેઠળ ગુનો કરનાર વ્યક્તિ તો દોષિત છે જ, પરંતુ જે વ્યક્તિ ગુનો કરવામાં દુષ્પ્રેરણા આપે અથવા ગુનો કરવાનો પ્રયત્ન કરે તો તે વ્યક્તિ પણ મુખ્ય ગુનેગાર જેટલી જ સજાને પાત્ર છે.

૩. આ કાયદા હેઠળ ગુનો નિગૃહણીય (Cognizable) એટલે કે પોલીસ અધિકાર હેઠળનો અને બિનજામીનપાત્ર છે. એટલે કે આવો ગુનો બને ત્યારે પોલીસ, કોઈ ફરિયાદ થયેલ ન હોય, તો પણ પોતાની મેળે કાર્યવાહી કરી શકે છે.

પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરાયેલ અંધશ્રદ્ધાનાં કૃત્યો ટૂંકમાં નીચે મુજબ છે:

(એ) શરીરમાંથી ભૂત-પ્રેત, ડાકણ કાઢવા માર મારવો, સાંકળ બાંધવી, વાળ ખેંચવા, ધુમાડો કરવો, બાળકોને ડામ આપવો વગેરે.

(બી) ચમત્કારો બતાવી નાણાંકીય છેતરપીંડી અથવા તેનો પ્રચાર કરી લોકોને છેતરવા (ધૂતી લેવા) અથવા ત્રાસ આપવો.

(સી) અલૌકિક શક્તિના આશીર્વાદ માટે કોઈના જીવનને જોખમમાં મૂકવો અથવા ગંભીર ઈજા કરવી, અમાનવીય, અનિષ્ટ કે અઘોરી પ્રથા અપનાવવી.

(ડી) કિંમતી ચીજવસ્તુ, આર્થિક સહાય માટે અમાનુષી, અનિષ્ટ કે અઘોરી કૃત્ય કરવું.

(ઈ) અલૌકિક શક્તિની અવગણનાથી અનિષ્ટ પરિણામોની ધમકી આપી કોઈના મનમાં ભય પ્રેરવો, છેતરપીંડી કરવી, ધૂતી લેવા.

(એફ) જાદુઈ શક્તિથી કોઈ વ્યક્તિ કોઈ અનિષ્ટ માટે જવાબદાર હોવાનો આક્ષેપ કરવો, તેનું જીવન દયાપાત્ર અથવા મુશ્કેલ બનાવવું.

(જી) મેલી વિદ્યાના નામે કોઈ વ્યક્તિ પર હુમલો કરવો, તેને નગ્ન કરવી.

(એચ) મંત્રશક્તિથી કોઈને શારીરિક ઈજાનો ભય પેદા કરી કોઈ વ્યક્તિને તબીબી સારવાર લેતાં અટકાવવી.

(આઈ) આંગળીથી શસ્ત્રક્રિયા કરવાનો અથવા સ્ત્રીના ગર્ભાશયમાં ભ્રૂણની જાતિ બદલવાનો દાવો કરવો.

(કે) બીજી વ્યક્તિને અવતાર, પવિત્ર આત્મા કે પૂર્વજન્મનાં પતિ-પત્ની, બાળક કે મિત્ર હોવાનો દાવો કરવો.

(એલ) નિઃસંતાન સ્ત્રી સાથે અલૌકિક શક્તિથી માતૃત્વની ખાતરી આપીને તેની સાથે જાતીય સંબંધ બાંધવો.

(એમ) મંદબુદ્ધિવાળી વ્યક્તિ અલૌકિક શક્તિ ધરાવતી હોવાની છાપ ઊભી કરી બીજાને લૂંટવા.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અપવાદો : નીચેનાં કૃત્યો અંધશ્રદ્ધાની વ્યાખ્યામાં આવતાં નથી.

૧. ધાર્મિક સ્થળની પ્રદક્ષિણા. ૨. ભજન, કીર્તન, પ્રવચન. ૩. સંતના ચમત્કારોનો પ્રચાર ૪. ઘર, મંદિર, દરગાહ, ગુરુદ્વારા, દેવળ અથવા ધાર્મિક સ્થળોએ શારીરિક ઈજા અથવા નાણાંકીય નુકસાન ન કરતી હોય તેવી પ્રાર્થના, ઉપવાસ કે ધાર્મિક વિધિ. ૫. ધાર્મિક તહેવારની ઉજવણી, શોભાયાત્રા. ૬. બાળકનાં નાક-કાન વીંધવાં. ૭. વાસ્તુશાસ્ત્ર સંબંધમાં જ્યોતિષીએ આપેલ સલાહ અને ભૂગર્ભજળના સંદર્ભમાં આપેલ સલાહ.

**– પ્રો. અશ્વિનકુમાર કારીઆ**

## રાષ્ટ્રપિતાનો વારસો...

(પાન ૧૪નું ચાલુ)

જે જે મળ્યાં તે બધાં પુસ્તકો ખરીદી લીધાં. 'જિસસના લવ એપિક્સનું ઊર્ધ્વીકરણ કરી લોકોને શક્તિશાળી સોશિયલ ફોર્સ બનાવનાર' તરીકે એમણે ગાંધીને જોયા અને શ્યામ પ્રજાને અધિકારો અપાવવા ગાંધી-પદ્ધતિએ મોટું આંદોલન ચલાવ્યું.

નેલ્સન મંડેલા એમની ૨૭ વર્ષની કેદ પૂરી કરીને છૂટ્યા બાદ થોડા વખતમાં ભારત આવ્યા હતા. ગાંધીજીના મૃત્યુને ૪૨ વર્ષ પૂરાં થયાં હતાં. મંડેલા ૭૭ વર્ષના હતા. રાજમોહન પંચાવનના. ભારત સરકારે મંડેલાને ભારતમાં ફરવા નાનું પ્લેન આપ્યું. એમને સાથ આપવાની જવાબદારી રાજમોહનને આપી. રાજમોહનને મંડેલાની માનવતા, શાલીનતા અને ભારતમાંથી દક્ષિણ આફ્રિકાની ચળવળનું સંચાલન કરવાની કાબેલિયત નિકટથી જોવાની તક મળી. રાષ્ટ્રપતિ વેંકટરામને કહ્યું, 'શ્રીમાન મંડેલા, આગામી દિવસો તમારા માટે કપરા છે, હું પ્રાર્થના કરીશ' ત્યારે મંડેલા સ્મિત કરી કહે, 'આભાર, પણ પ્રાર્થના મિસ્ટર ડી. ક્લાર્ક માટે પણ કરજો.' ડી. ક્લાર્ક દક્ષિણ આફ્રિકાના શ્વેત પ્રમુખ હતા, જેમની સરકાર વિરુદ્ધ મંડેલાએ ગાંધીમાર્ગે મોટી લડત ઉપાડી હતી.

દલાઈ લામા તિબેટથી નિર્વાસિત થઈ ભારત આવ્યા ત્યારે ૨૪ વર્ષના હતા. ત્રીસ વર્ષ પછી એમને શાંતિ માટેનું નોબેલ ઈનામ મળ્યું. એમણે કહ્યું, 'આ ઈનામ હું પરિવર્તન માટે સક્રિય અહિંસાની આધુનિક પરંપરાના સર્જક એવા મહાત્મા ગાંધીને અંજલિ રૂપે સ્વીકારું છું' અને બર્મામાં લોકશાહી માટે અનેક જુલમો સહેનાર સૂકીને ૧૯૯૧માં નોબેલ મળ્યું ત્યારે તેઓ કેદમાં હતા. નોબેલ સ્વીકારવા જઈ ન શક્યા, હસ્તલિખિત સંદેશો મોકલ્યો, જેમાં લખેલું કે, 'સ્વતંત્રતાનાં ૪૯ વર્ષ બાદ પણ બર્મા મિલિટરી શાસન હેઠળ હતું. લોકોની કોઈ ભૂમિકા ન હતી. અમારે ગાંધીએ વર્ણવેલું સ્વરાજ જોઈતું હતું જેમાં લોકો નેતા ચૂંટે અને જો નેતા ખોટી રીતે ચાલે તો એને ઉથલાવી શકવાની ક્ષમતા પણ ધરાવે.'

ઉપર ઉલ્લેખ કર્યો છે એ પ્રતિભાઓ આજે જીવી રહેલી બે-ત્રણ પેઢીઓ માટે પ્રેરણામૂર્તિ સમાન છે, અને એમની પ્રેરણા છે આપણા રાષ્ટ્રપિતા. તેમનો અને તેમના ભવ્ય વારસાનો અહીં તો જરાતરા ઉલ્લેખ જ થઈ શક્યો છે. ફાધર્સ ડેના દિવસે જૂઠાણાંઓનાં ઘેરાં વાદળો વચ્ચે ઢંકાયેલા એમના સત્યસૂર્યને જોવા આંખ ઊંચકીએ તો પણ ઘણું.

('જન્મભૂમિ'માંથી સાભાર) **– સોનલ પરીખ**

## ભારતીય લોકશાહી...

(પાન ૧૭નું ચાલુ)

વ્યવસ્થાના પ્રશ્નોના સર્વગ્રાહી ઉકેલોની અપેક્ષા કરવી યોગ્ય નથી. પુસ્તકનો સાચો હેતુ - ભારતીય લોકશાહીની દશા અને દિશા વિષે વિચાર પ્રેરવો, જાગૃતિ લાવવી અને વાચકને લોકશાહી મુદ્દાઓ સાથે ગંભીરતાપૂર્વક સંકળાવવો - ફળીભૂત થાય છે

પ્રો. પ્રવીણ જે. પટેલનું આ પુસ્તક લોકશાહી પરના વૈચારિક સાહિત્યમાં મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ઐતિહાસિક પરિચય, સિદ્ધાંતાત્મક વિશ્લેષણ અને નૈતિક પ્રતિબદ્ધતા સાથે તે લોકશાહીનાં તત્ત્વોનો પરિચય પણ આપે છે અને તેનાં સંકટો પર ચિંતન પણ કરે છે. આ પુસ્તક યાદ અપાવે છે કે લોકશાહી માત્ર એક શાસનપ્રણાલી નથી, પરંતુ જીવન જીવવાની રીત છે-જે સતર્કતા, સક્રિય ભાગીદારી અને નૈતિક હિંમતની માંગ કરે છે. જ્યારે લોકશાહીનો અર્થ જ વિવાદાસ્પદ અને વિકૃત બની રહ્યો છે, ત્યારે આ પુસ્તક તેને સ્પષ્ટ દૃષ્ટિ આપે છે. ગુજરાતના જાગૃત નાગરિકો, કાર્યકરો અને બુદ્ધિજીવીઓ માટે આ ગ્રંથ મૂલ્યવાન સાથી સાબિત થશે. આ ગ્રંથ આપણને યાદ અપાવે છે કે લોકશાહી આપોઆપ ટકતી નથી; તેને સતત પોષણ, જતન અને નાગરિકોની જવાબદારીની જરૂર છે. આ રીતે, આ પુસ્તક એક ચેતવણી પણ છે અને એક કાર્ય માટેનું આહ્વાન પણ.

અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ **– પ્રો. અમિત ધોળકિયા**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

## નિષ્ઠા અને સરળતાનું બળ...

(પાન ૨૦નું ચાલુ)

પ્રવીણભાઈનો એક મોટો ગુણ ગુણગ્રાહિતાનો. કોઈનું કાંઈ પણ સારું જુએ તો મોકળા મને પ્રશંસા કરી શકે. છેલ્લાં વર્ષોમાં તેમને વૃદ્ધત્વે ઘેર્યા, કાનની અને ચાલવાની મર્યાદા આવી ત્યારે પણ લોકભારતી-આંબલા-માઈધાર કે બીજી ઉત્તર બુનિયાદી શાળાઓના કાર્યક્રમોમાં ભાગ લેતા. એમાં એવી સમજ કે આજના વિષમ સંજોગોમાં પણ જેઓ નઈ તાલીમની ઢબે સરસ કામ કરી રહ્યા છે તેમની પીઠ થાબડવી.

મણારની સીધી જવાબદારીમાંથી ખસ્યા પછી તેઓ તટસ્થ થતા ગયા. વિદ્યાર્થીઓ અને પરિચિતોને નિર્વ્યાજ સ્નેહથી ચાહતા. જીવનભર તેમણે એ જાળવ્યું કે સંસ્થાહિતમાં હોય તે કરવું જ. લોકભારતીના ગુરુજનોને તેઓ ઉમળકાથી ઋણભાવે યાદ કરતા રહેતા. એમને સરળતા એવી પચેલી હતી કે તેઓ ક્યાંય પણ હોય, નિર્ભાર અને સહજ હોય. મોટાઈની મથામણ તેમણે કદી ન કરી. ગ્રામદક્ષિણામૂર્તિ મણાર સાથે તેમનું અંતરનું જોડાણ હતું. અને સદ્‌ભાગી કે તેઓ ત્યાં જ સમાઈ ગયા. (મૃત્યુ તા. ૨૫-૮-૨૦૨૫) ૯૧ વર્ષના જીવનની આ મોટી સાર્થકતા ગણાય.

દરેક વ્યક્તિમાં મહાનતાનાં ગુણલક્ષણો ન જ હોય. પરંતુ વ્યક્તિ થોડા ગુણલક્ષણોને નિષ્ઠાથી એવી રીતે યોજે કે એ નોંધપાત્ર જરૂર બની રહે. પ્રવીણભાઈ મહેતા એવું સાર્થક જીવન જીવ્યા. માટે નોંધપાત્ર બન્યા. આવા કાર્યકરો વડે સંસ્થાઓ ઊજળી બને છે.

**– મનસુખ સલ્લા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાતમાં હવાની ગુણવત્તા

**રા**ષ્ટ્રીય હવા ગુણવત્તા ચાર્ટમાં ગુજરાતનું પ્રદર્શન પ્રમાણમાં સારું હોવા છતાં, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૫૩ દિવસ હવાની ગુણવત્તા નબળી કે ખૂબ જ નબળી રહી, જે રાજ્યના શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં વધતા પર્યાવરણીય દબાણને દર્શાવે છે, એમ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જણાવવામાં આવ્યું છે.

અમદાવાદ શહેર આ હરોળમાં આગળ છે, જેમાં નવ દિવસ નબળી હવાની ગુણવત્તા નોંધાઈ, જે રાજ્યના સૌથી મોટા શહેરમાં સતત પ્રદૂષણના દબાણને દર્શાવે છે. અમદાવાદ ઉપરાંત, વાપી, વટવા, અંકલેશ્વર અને રાજ્યની રાજધાની ગાંધીનગરમાં પણ હવાની ગુણવત્તા બગડતી જોવા મળી, જે ગુજરાતના ઔદ્યોગિક ક્લસ્ટરોમાં ઊભરી રહેલા પ્રદૂષણના પડકારોને રેખાંકિત કરે છે.

દક્ષિણ ગુજરાતમાં લાંબા સમયથી પ્રદૂષણના કેન્દ્ર રહેલા વાપીમાં રાજ્યમાં સૌથી વધુ ૩૦ દિવસ ખરાબ હવાની ગુણવત્તા નોંધાઈ હતી, જેમાં પાંચ દિવસ ખૂબ જ નબળી ગુણવત્તાના હતા. વટવા, જે ગાઢ ઔદ્યોગિક પ્રવૃત્તિનું કેન્દ્ર છે, તેમાં ૧૦ દિવસ નબળી હવાની ગુણવત્તા નોંધાઈ. અંકલેશ્વર, અન્ય એક મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્ર છે જેમાં ત્રણ દિવસ નબળી ગુણવત્તા નોંધાઈ હતી, જ્યારે ગાંધીનગરમાં એક દિવસ નોંધાયો. આ પરિસ્થિતિ ઊભી થવામાં ઔદ્યોગિક ઉત્સર્જન મુખ્ય ફાળો આપે છે. ગુજરાતના શહેરી વિસ્તારોમાં નબળી હવાની ગુણવત્તા વાહનોનું પ્રદૂષણ, ખરાબ રસ્તાઓને લીધે ઊડતી ધૂળ, અવ્યવસ્થિત બાંધકામ પ્રવૃત્તિ અને અપૂરતી જાહેર પરિવહન સુવિધાઓને કારણે વધુ બગડતી જાય છે. ભીડભર્યા રસ્તાઓ પર વાહનોના રોકાણનો સમય, ધૂળ નિયંત્રણનાં પગલાંનો અભાવ અને રસ્તાઓનું સંપૂર્ણ પેવિંગ ન હોવું, વગેરે બાબતો પણ પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે.

પીરાણા જેવા વિસ્તારોમાં, કચરો બાળવાથી ઔદ્યોગિક પ્રદૂષણમાં ઝેરી સ્તર ઉમેરાય છે. કેન્દ્રિત શહેરી આયોજન, જાહેર પરિવહનમાં રોકાણ ન કરવું તેમજ વ્યાપક વૃક્ષારોપણ વિના, આપણે માત્ર પર્યાવરણને જ નુકસાન પહોંચાડતા નથી, જાહેર આરોગ્યને પણ જોખમમાં મૂકી રહ્યા છીએ,'' એમ પર્યાવરણ મિત્રના ડિરેક્ટર મહેશ પંડ્યાએ જણાવ્યું. હતુ. ગુજરાતનાં શહેરોમાં હવાનું પ્રદૂષણ, ખાસ કરીને શિયાળાના મહિનાઓમાં જ્યારે સૂક્ષ્મ કણોનું પ્રમાણ જમીનની નજીક હોય છે ત્યારે સીધી અસર આરોગ્ય પર કરે છે. તબીબી વ્યાવસાયિકો ચેતવણી આપે છે કે PM (પાર્ટીક્યુલેટ મેટર) ૨.૫ અને પી.એમ. ૧૦નું ઉચ્ચ સ્તર શ્વસન સંબંધી રોગો જેવા કે અસ્થમા અને બ્રોન્કાઈટિસને ઉશ્કેરી શકે છે અથવા વધારી શકે છે, અને હૃદયરોગનું જોખમ વધારે છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને પહેલેથી અસ્તિત્વમાં રહેલી આરોગ્ય સમસ્યાઓ ધરાવતા લોકોમાં.

પ્રદૂષણના સ્તરમાં વધારા દરમિયાન ટૂંકા ગાળાના સંપર્કથી પણ ઉધરસ, ગળામાં બળતરા અને ફેફસાંની કાર્યક્ષમતામાં ઘટાડો થઈ શકે છે, જે હવાની ગુણવત્તાને માત્ર પર્યાવરણીય ચિંતા નહીં, પરંતુ જાહેર આરોગ્યનો મુદ્દો બનાવે છે.

શહેરના પલ્મોનોલોજિસ્ટ અને ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ગુજરાતના ટ્રેઝરર ડૉ. તુષાર પટેલે જણાવ્યું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારે પ્રદૂષણવાળા વિસ્તારોમાં રહેતા લોકોમાં ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD)ના કેસમાં વધારો થયો છે. ''પહેલાં આવા કેસો સામાન્ય રીતે કૌટુંબિક ઇતિહાસ સાથે સંકળાયેલા હતા, પરંતુ હવે પ્રદૂષણને કારણે સતત ઉધરસ અને શ્વસન સંબંધી બિમારીઓ સામાન્ય બની ગઈ છે.'' તેમણે કહ્યું, ''અમે ઘણી વાર ભારે પ્રદૂષણના સંપર્કમાં આવતા દર્દીઓને ફેસ માસ્ક પહેરવાની સલાહ આપીએ છીએ, જેથી અસર ઘટે. ''ધૂમ્રપાન ન કરતા હોવા છતાં, કેટલાક લોકોનાં ફેફસાં ધૂમ્રપાન કરનારાનાં ફેફસાં જેવાં હોય છે.''

MoEFCC દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા આંકડા અનુસાર, ભારતનાં મુખ્ય ઔદ્યાગિક રાજ્યોમાં હવાની શુદ્ધતાના સંદર્ભમાં ગુજરાત ત્રીજા ક્રમે છે. જ્યાં મહારાષ્ટ્રમાં ૩૩૪ દિવસ અને દિલ્હીમાં ૧૪૮ દિવસ નબળી કે ખૂબ જ નબળી હવાની ગુણવત્તા નોંધાઈ, ત્યાં ગુજરાતનો આંક ૫૩ દિવસ છે, જે તમિલનાડુ (૪૦ દિવસ) અને આંધ્રપ્રદેશ (૩૫ દિવસ) કરતાં ઓછો છે, અને માત્ર કર્ણાટક (૧૩ દિવસ) અને તેલંગાણા (પાંચ દિવસ)નો આંક ધરાવે છે.

પર્યાવરણ નિષ્ણાતો ચેતવણી આપે છે કે ઔદ્યોગિક ઝોનમાં વધુ ચોક્કસ નિરીક્ષણ અને સતત નિયમનકારી દબાણની જરૂર છે, કારણ કે તેમાં હવાની ગુણવત્તાનું વારંવાર ઉલ્લંઘન થાય છે.

(સૌજન્ય : ટાઇમ્સ ઓફ ઇન્ડિયા) **અનુવાદ : હિદાયત પરમાર**

### ભૂલસુધાર

(૧) ભૂમિપુત્ર - ૧૬/૯/૨૫ના અંકમાં પાન નં.૨૩ના લેખનું મથાળું 'અશ્વિન કારીઆની નજરે' વાંચવું.

(૨) ભૂમિપુત્રના પહેલા પાને વિનોબાજીના લેખમાં તા. ૧/૯/૨૦૨૫નો નં. ૧૮ અને તા. ૧૬/૯/૨૦૨૫નો નં. ૧૯ વાંચવા.

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-10-2025 R.N.I. No. 1683/57

# અંતિમ સંસ્કાર

**બા**ની એકીટસે દીકરાના ફોટા સામે જોઈ રહી હતી. ડૂચા જેવી સાડીના છેડાથી ફ્રેમ પર લાગેલી ધૂળ લૂછતાં એ વિચારી રહી, 'કેવો સોહામણો હતો? પાણીદાર આંખો, મજબૂત બાંધો અને ચહેરા પર હંમેશ હાજર રહેતું સ્મિત! આલોકને કેટલું સમજાવ્યો હતો કે, ક્રાંતિના વિચારો મનમાંથી કાઢીને અભ્યાસ પર ધ્યાન આપ. એક વખત ડૉક્ટર થઈ જા પછી જે કરવું હોય એ કરજે, પણ...'' તે દિવસે અનુપબાબુ બહારથી આવ્યા ત્યારે પાછળ એમ્બ્યુલંસમાં જુવાનજોધ દીકરાનું મૃત શરીર પણ લઈને આવ્યા હતા. એકાએક જાણે ઉંમરમાં દસ વર્ષ ઉમેરાઈ ગયાં હોય એવા લાગતા અનુપબાબુએ કહ્યું, ''બાની, એ ન માન્યો તે ન જ માન્યો. અંતે જે થવાનું હતું એ જ થયું. આપણને ઘડપણમાં એકલાં મૂકીને એ જતો રહ્યો.''

હવે તો બાનીની આંખે મોતિયો આવ્યો હતો ને અત્યારે તો આંખો આંસુથી ભરેલી પણ હતી એટલે ખુલ્લા બારણામાંથી અમોલી ક્યારે આવીને ઊભી રહી એ ખબર જ ન રહી. જરાક વ્યંગમાં હસતાં એ બોલી, ''અચ્છા, તો રોજના નિયમ મુજબ રોના-ધોના કાર્યક્રમ ચાલતો લાગે છે! બાબા તો આલોક આલોક કરતા ગયા હવે તારે પણ આલોકને યાદ કરવા સિવાય કશું કામ રહ્યું નથી, કેમ મા?''

''આવું કડવું શું બોલે છે, બેટા? એ તારો ભાઈ નહોતો?''

''હા, મારો વહાલો ભાઈ હતો. એના જવાનું મને કેટલું દુઃખ હતું એ જોવાની તને કે બાબાને ફુરસદ જ નહોતી. તમે બંને તમારા દુઃખની દુનિયામાં એવાં ડૂબેલાં હતાં કે, ઘરમાં એક દીકરી છે એ જ ભૂલી ગયાં હતાં.''

''પણ..'' ''ના મા, આજે મને બોલવા દે. ત્યારે હું આખી આખી રાત ભઈલાને યાદ કરીને રડતી પણ મને છાની રાખવાનું કે આશ્વાસન આપવાનું તમને યાદ નહોતું આવતું. થોડો સમય ગયા પછી ક્યારેક મને હસવાનું, ગાવાનું મન થતું તો તમારા ગમગીન ચહેરા જોઈને હું પણ ગંભીર થઈ જતી. ભાઈ તો ગયો, સાથે મારું બાળપણ પણ લેતો ગયો.'' અમોલીનું ગળું ભરાઈ આવ્યું.

બાની એને પાણી આપતાં બોલી, ''તારી વાત સાચી છે બેટા, અમારે એવું નહોતું કરવું જોઈતું, પણ સાચું કહું તો એવો ખ્યાલ જ નહોતો આવ્યો!''

''તમને તો ખ્યાલ નહોતો આવ્યો પણ મને એવો વિચાર આવ્યા કરતો કે, ભાઈની જેમ હું પણ મૃત્યુ પામી હોત તો...'' એના મોઢા પર હાથ મૂકતાં બાની વ્યાકુળ બનીને બોલી ઊઠી, ''મારા સમ, એવું ન બોલ.''

ખુરશી પરથી ઊભી થઈને આંટા મારતાં અમોલી બોલતી ગઈ, ''એ બધી વાત જૂની થઈ ગઈ. હવે તારા સમની કંઈ અસર નહીં થાય. હું તો તને કહેવા આવી છું કે, હવે તારી એકમાત્ર વારસદાર હું છું તો આ બંગલો મારે નામે કરી દે. અમને ફ્લેટ બહુ નાનો પડે છે. દીકરો-દીકરી બંને મોટાં થઈ ગયાં છે. બેઉને પોતાના રૂમ જોઈએ, ને આમેય તું આવડા મોટા બંગલાને શું કરવાની છે?''

''પણ.. મારા ગયા પછી તો બંગલો તારો જ છે ને? હવે આ ઉંમરે આ ઘર છોડીને હું ક્યાં જાઉં?''

અંતે તો અમોલી અને એના પતિ તપનના નક્કી કર્યા મુજબ જ બધું ગોઠવાતું ગયું. બંગલાની ડિઝાઈન જૂની થઈ ગઈ હતી. નવેસરથી અદ્યતન બંગલો બંધાવવાનો હતો. બાનીએ ઉચાળા ભરીને દીકરીના અઢી રૂમના ફ્લેટમાં પોતાનો સિત્તેર વર્ષનો સંસાર ગોઠવી દેવાનો હતો.

''મા, વધારાનો બધો સામાન કાઢી નાખજે હં! મારા ઘરમાં તારો પથારો રાખવાની જગ્યા નથી. એકદમ જરૂરી વસ્તુઓ જ લેવાની, સમજી?''

''તારા બાબાની અને આલોકની તસવીર જરૂરી વસ્તુમાં ગણી શકું ને?''

બે બેગમાં પોતાની દુનિયા સમાવીને એ ચાલી નીકળી. દોહિત્રી શોમાના રાઈટીંગ ટેબલની બાજુમાં એને માટે એક પલંગ અને એની સામે એક નાનકડો કબાટ -આ હતું બાનીનું સામ્રાજ્ય.

એક દિવસ અચકાતાં અચકાતાં એણે કહ્યું, ''બેટા, તારા બાબાનો ફોટો મારા પલંગની સામે લગાવવો છે. ને એની બાજુમાં આલોકનો. રોજ સવારે ઊઠતાંની સાથે હું એ બેઉને જોઈ શકું એટલે...'' થોડી વાર પછી તપન ખીલી અને હથોડી લઈને આવ્યો અને દીવાલમાં ખીલી લગાવીને ચાલ્યો ગયો.

''અમોલી, તારા બાબાનો ફોટો તો લાગી ગયો પણ આલોકનો ફોટો ક્યાં લગાવું? તપનને કહે ને કે...'' ''મા, દીવાલમાં ખીલી મારવી તપનને જરાય પસંદ નથી. આ તો તારું માન રાખવા એણે એક ખીલી નાખી આપી.''

''તો આલોકનો ફોટો ક્યાં મૂકું?''

''એ હું ન જાણું. તારી પેટીમાં મૂકવો હોય તો એમ ને તારા પલંગ પર રાખવો હોય તો એમ.''

અંતે બાનીને શોમાના ટેબલનો એક ખૂણો યોગ્ય લાગ્યો. ત્યાં ફોટો મૂકીને એ રાજી થઈ ગઈ. પણ બે દિવસ થયા ત્યાં અમોલી ગુસ્સે ભરાઈને આવી, ''મા, કોણે કહ્યું'તું તને ફોટો ટેબલ પર મૂકવાનું? એ ફોટો જોઈને રાત્રે વાંચતી વખતે શોમા ડરી જાય છે. એ નિરાંતે સૂઈ પણ નથી શકતી.''

''મામાના ફોટાનો ડર? મને કંઈ સમજાયું નહીં.''

''આ આજ-કાલનું જનરેશન છે મા! એને માટે આ ફોટો મામાનો નહીં પણ એક મરેલી વ્યક્તિનો છે. ને એને મૃત માણસોની બહુ બીક લાગે છે. કાલે જ અહીંથી ફોટો લઈ લેજે મા.''

''મને કહે કે, મારા દીકરાનો ફોટો હું કઈ જગ્યાએ રાખું?''

''તારો દીકરો હવે આ દુનિયામાં નથી મા, તું આ ફોટાને ગંગામાં પધરાવી દઈશ તોયે કંઈ ફરક નથી પડવાનો.''

બાની ચૂપ રહી. બીજે દિવસે એ ખોળામાં દીકરાનો ફોટો લઈને રિકશા કરીને ગંગાઘાટે પહોંચી. ગંગાનો ધસમસતો પ્રવાહ જોતાં એ મનોમન બોલી, ' હે ગંગામૈયા, તું તો સૌની મા છે. મારા દીકરાને તારી ગોદમાં સ્થાન આપજે મા!' પછી છેલ્લી વાર નજર ભરીને તસવીર સામે જોતાં એણે દીકરાને કહ્યું, 'હવે મોટો થઈ ગયો દીકરા, આ માનો પાલવ છોડવો પડશે, પણ મા ગંગા તને સાચવી લેશે, મને વિશ્વાસ છે.' ને ગંગાના પ્રવાહમાં ફોટો વહેતો મૂકી, પાછું ફરીને જોયા વિના એ ચાલી નીકળી.

(તિલોત્તમા મજમુદારની બંગાળી વાર્તાને આધારે) આશા વીરેંદ્ર

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org